અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

તારીખ : ૦૮ મે ૨૦૨૫, ગુરુવાર
વિક્રમ સંવત ૨૦૮૧, વૈશાખ સુદ ૧૧

વર્ષ : ૧૬
અંક : ૩૦૫

તંત્રી : પટેલ સુરેશ રમણલાલ
અમદાવાદ

કિંમત : રૂા. ૨.૦૦
પાના : ૮

ઓફિસ : ૩૧૫, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫. મો. : ૯૯૯૮૮ ૫૦૯૯૨ e-mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com RNI Reg. No. GUJGUJ/2009/28886

### ભારતીય સેનાની પ્રેસ બ્રીફિંગમાં કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું

# નિર્દોષ પ્રવાસીઓ અને તેમના પરિવારોને ન્યાય આપવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું

## ભારત દ્વારા ઓપરેશન સિંદૂર અંગે યોજાયેલી સત્તાવાર પ્રેસ કોન્ફરન્સમાં ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરી અને બે મહિલા લશ્કરી અધિકારીઓ હાજર હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

જમ્મુ અને કાશ્મીરના પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાના જવાબમાં ભારતીય સેનાએ આતંકવાદ સામે મોટી કાર્યવાહી કરી છે. એક સંયુક્ત ઓપરેશન હેઠળ ભારતની ત્રણેય સેનાઓએ પાકિસ્તાનમાં સ્થિત કુલ ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરીને કાર્યવાહી કરી છે. રિપોર્ટ અનુસાર, આ હુમલામાં લગભગ ૯૦૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. ભારતે આ કાર્યવાહીને સિંદૂર ઓપરેશન નામ આપ્યું છે.

લેફ્ટિનન્ટ કર્નલ સોફિયા કુરેશી અને વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે પ્રેસ બ્રીફિંગમાં એરસ્ટ્રાઈક વિશે માહિતી આપી હતી. ભારતીય સેનાની પ્રેસ બ્રીફિંગમાં કર્નલ સોફિયા કુરેશીએ કહ્યું હતું કે, "નિર્દોષ પ્રવાસીઓ અને તેમના પરિવારોને ન્યાય આપવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કરવામાં આવ્યું હતું. પાકિસ્તાન છેલ્લા ત્રણ દાયકાથી આતંકવાદી માળખાનું નિર્માણ કરી રહ્યું છે, જે પાકિસ્તાન અને પીઓકે બંનેમાં ફેલાયેલું છે." કર્નલ સોફિયાએ કહ્યું હતું કે, "૯ આતંકવાદી કેમ્પોને નિશાન બનાવીને તેનો નાશ કરવામાં આવ્યો હતો. છેલ્લા ત્રણ દાયકામાં પાકિસ્તાને એક આતંકવાદી માળખાનું નિર્માણ કર્યું છે જે આતંકવાદી કેમ્પ અને લોન્ચપેડ માટે આશ્રયસ્થાન રહ્યું છે. ઉત્તરમાં સવાઈ નાલા અને દક્ષિણમાં બહાવલપુર સ્થિત તાલીમ કેમ્પોને નિશાન બનાવવામાં આવ્યા હતા."





ભારત સરકારે પોતાના નિવેદનમાં કહ્યું છે કે, "આ કાર્યવાહીમાં પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યું છે, જ્યાંથી ભારત પર આતંકવાદી હુમલાઓની યોજના બનાવવામાં આવી હતી. બીજી તરફ પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે ભારત દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલાને કાયર ગણાવ્યો છે.

ભારત દ્વારા ઓપરેશન સિંદૂર અંગે યોજાયેલી સત્તાવાર પ્રેસ કોન્ફરન્સમાં ભારતના વિદેશ સચિવ વિક્રમ મિસરી અને બે મહિલા લશ્કરી અધિકારીઓ હાજર હતા. પ્રથમ કર્નલ સોફિયા કુરેશી અને બીજા વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહ, બંને મહિલા અધિકારીઓએ ભારતીય સેનાની બહાદુરી વિશ્વ સમક્ષ રજૂ કરી અને ભારતીય સેના પાકિસ્તાન દ્વારા પોષાયેલા આતંકવાદને કેવી રીતે ખતમ કરી રહી છે તેની માહિતી આપી હતી. આ બે મહિલા અધિકારીઓની સોશિયલ મીડિયા પર સતત ચર્ચા થઈ રહી છે, અને દરેક ભારતીય તેમની પ્રશંસા કરી રહ્યા છે. આવી સ્થિતિમાં એ જાણવું મહત્વપૂર્ણ બની જાય છે કે આ બે અધિકારીઓ કોણ છે અને ભારતીય સેના અને ભારત સરકારે આ મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ માટે તેમને શા માટે પસંદ કર્યા.

કર્નલ સોફિયા કુરેશીએ સૌપ્રથમ પીઓકેમાં નાશ પામેલા આતંકવાદી સંગઠનો વિશે બ્રીફિંગ આપ્યું હતું. તેમણે કહ્યું કે હુમલામાં નાશ પામેલા મુઝફ્ફરાબાદમાં સવાયનાલા કેમ્પ નિયંત્રણ રેખા (LOC) થી ૩૦ કિમી દૂર છે. આ લશ્કર-એ-તૌયબાનું ટ્રેનિંગ સેન્ટર હતું, જ્યાંથી ગયા વર્ષે ઓક્ટોબરમાં સોનમાર્ગ અને ગુલમર્ગ હુમલા અને હવે ૨૨ એપ્રિલના પહલગામ હુમલાના આતંકવાદીઓએ તાલીમ લીધી હતી.

કર્નલ સોફિયા કુરેશીએ જણાવ્યું હતું કે મુઝફ્ફરાબાદના સઈદના બિલાલ કેમ્પ પણ નષ્ટ કરાયો છે જે જૈશ-એ-મોહમ્મદ માટે એક છાવણી વિસ્તાર હતો અને શસ્ત્રો, વિસ્ફોટકો અને જંગલમાં બચવાની તાલીમનું કેન્દ્ર હતું, તે પણ નાશ પામ્યો હતો. કોટલીનો ગુલપુર કેમ્પ ન્ઝ થી ૩૦ કિમી દૂર હતો અને લશ્કર-એ-તૌયબાનો અડ્ડો હતો. કર્નલ સોફિયા કુરેશીએ જણાવ્યું હતું કે ઓપરેશનમાં નાશ પામેલો આ કેમ્પ જમ્મુ અને કાશ્મીરના રાજૌરી અને પૂંછમાં સક્રિય હતો. ૨૦ એપ્રિલ, ૨૦૨૩ ના રોજ પૂંછ અને ૯ એપ્રિલ, ૨૦૨૪ના રોજ યાત્રાળુ બસ પર હુમલો કરનારા આતંકવાદીઓએ અહીંથી તાલીમ લીધી હતી.

### પીએમ મોદીએ કહ્યું કે આ દેશ માટે ગર્વની ક્ષણ છે



**પહેલગામ આતંકવાદી હુમલાનો યોગ્ય જવાબ આપતા, ભારતે પાકિસ્તાન પર હવાઈ હુમલો કર્યો. પીએમ મોદીએ ઓપરેશન સિંદૂર અંગે કેબિનેટ મંત્રીઓને માહિતી આપતી વખતે સેનાની પ્રશંસા કરી. સૂત્રોનું કહેવું છે કે ઓપરેશન સિંદૂર વિશે માહિતી આપતાં પીએમ મોદીએ કહ્યું કે આ દેશ માટે ગર્વની ક્ષણ છે. આ સફળ કામગીરી માટે કેબિનેટ મંત્રીઓએ પીએમ મોદીને અભિનંદન આપ્યા. લગભગ ચાર મિનિટ સુધી ઓપરેશનના વિવિધ પાસાઓ સમજાવવામાં આવ્યા. આ બેઠકમાં પીએમ મોદીએ કહ્યું કે આવું થવાનું જ હતું. આખો દેશ અમારી તરફ જોઈ રહ્યો હતો. અમને અમારી સેના પર ગર્વ છે. આના પર, બધા મંત્રીમંડળના સભ્યોએ ટેબલ થપથપાવીને કાર્યવાહીનું સ્વાગત કર્યું. પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ભારતીય સેના દ્વારા હાથ ધરાયેલા ઓપરેશન સિંદૂર પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પ્રથમ પ્રતિક્રિયા આપી છે. તેમણે આ ઓપરેશન સમગ્ર દેશ માટે ગર્વની પળ હોવાનું જણાવ્યું છે. તેમણે કહ્યું કે, સેનાએ ઉત્કૃષ્ટ રીતે કામગીરી નિભાવી છે, આ આખા દેશ માટે ગર્વની પળ છે. ભારતીય સેનાએ ગત મોડી રાત્રે ૨૫ મિનિટમાં જ પાકિસ્તાન અને POK સ્થિત આતંકવાદીઓના નવ ઠેકાણાં ઉડાડી દીધા હતા. જેમાં ૯૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. આ ઓપરેશનમાં મોસ્ટ વોન્ટેડ આતંકવાદી અને જૈશ-એ-મોહમ્મદનો કમાન્ડર મસૂદ અઝહરના આખા પરિવારનો સફાયો થયો છે. તેના પરિવારના કુલ ૧૪ લોકો માર્યા ગયા છે. ઓપરેશન સિંદૂર બાદ કેબિનેટની બેઠકમાં વડાપ્રધાન મોદીએ આ નિવેદન આપ્યું હતું. તેમણે ભારતીય સેનાની ત્રણેય પાંખોને શુભેચ્છા પાઠવતાં કહ્યું કે, તમે ઉત્કૃષ્ટ કામગીરી કરી છે, આખા દેશને તમારા પર ગર્વ છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પહલગામ હુમલાનો બદલો લેવા હાથ ધરેલા ઓપરેશનને સિંદૂર નામ આપ્યું હતું.**

કર્નલ સોફિયા કુરેશીએ વધુમાં જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય સીમાથી ૧૦૦ કિમી દૂર આવેલા જૈશ-એ-મોહમ્મદના હેડક્વાર્ટર મરકઝ સુભાનલ્લાહ કેમ્પને પણ નષ્ટ કરવામાં આવ્યો હતો. આ ભરતી અને તાલીમનું કેન્દ્ર હતું અને ટોચના આતંકવાદીઓ પણ અહીં આવતા હતા. કર્નલ સોફિયા કુરેશીએ સ્પષ્ટતા કરી, કોઈ પણ પાકિસ્તાની લશ્કરી કેમ્પને નિશાન બનાવવામાં આવ્યો નથી. કોઈ નાગરિકને જાનહાનિના અહેવાલ છે. આભાર, જય હિન્દ! દરમિયાન વિંગ કમાન્ડર વ્યોમિકા સિંહે પ્રેસ બ્રીફિંગના અંતે પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે અમે પાકિસ્તાન તરફથી કોઈપણ પ્રકારની પ્રતિક્રિયાનો સામનો કરવા માટે તૈયાર છીએ. તેમણે કહ્યું કે જો પાકિસ્તાન ભવિષ્યમાં કોઈ ઉશ્કેરણીજનક કાર્યવાહી કરશે તો ભારતીય સેના તેનો જવાબ આપવા માટે સંપૂર્ણપણે તૈયાર છે.

### વડાપ્રધાન મોદીએ ત્રણ દેશોની વિદેશ યાત્રા મોકૂફ કરી દીધી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતની સેનાએ મંગળવારે મોડી રાત્રે પાકિસ્તાનમાં આંતકી ઠેકાણા પર હુમલો કર્યો હતો. ભારતે પાકિસ્તાન અને PoKના ૯ આતંકી કેમ્પ પર મિસાઈલ સ્ટ્રાઈક કરી હતી. મળતી માહિતી અનુસાર, આ હુમલામાં ૧૦૦થી વધારે આતંકવાદીઓને મોતને ઘાટ ઉતારવામાં આવ્યા છે. આ કાર્યવાહી બાદ ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મહત્ત્વનો નિર્ણય લીધો છે. જેમાં તેમણે પોતાના ત્રણ દેશની મુલાકાત હાલ મોકૂફ કરી દીધી છે.

### ઈ-સમન્સ સીધા કોર્ટમાંથી જારી કરવા જોઈએ : અમિત શાહ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

કેન્દ્રીય મંત્રી અમિત શાહે દિલ્હીના લેફ્ટનન્ટ ગવર્નર વીકે સક્સેના અને મુખ્યમંત્રી રેખા ગુપ્તા સાથે ગૃહ મંત્રાલયમાં દિલ્હીમાં ત્રણ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણ અંગે સમીક્ષા બેઠક યોજી હતી. આમાં ગૃહમંત્રીએ નવા ફોજદારી કાયદાઓના અમલીકરણને સુનિશ્ચિત કરવા માટે અધિકારીઓની જવાબદારી નક્કી કરવા સૂચનાઓ આપી હતી.

### 'ઓપરેશન સિંદૂર' હેઠળ કરવામાં આવી કાર્યવાહી

# ભારતે પાકિસ્તાન ઉપર કર્યું એરસ્ટ્રાઈક આતંકવાદીઓના નવ સ્થળોનો કર્યો નાશ

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

આતંકવાદ વિરુદ્ધ મોટી કાર્યવાહી કરતા, ભારતે બુધવારે રાત્રે ૧.૩૦ વાગ્યે ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલો કર્યો. આ હુમલાને 'ઓપરેશન સિંદૂર' નામ આપવામાં આવ્યું છે. આ ત્રણેય સેનાઓનું સંયુક્ત ઓપરેશન હતું. ભારતના શક્તિશાળી દળોએ પાકિસ્તાનમાં ૪ સ્થળો અને પીઓકેમાં ૫ સ્થળોને નિશાન બનાવ્યા છે. ભારતીય ગુપ્તચર એજન્સી ઈછ૭ એ બધા લક્ષ્યોને ઓળખી કાઢ્યા હતા, ત્યારબાદ લશ્કર અને જૈશના ઠેકાણાઓ પર સંપૂર્ણ આયોજન સાથે હુમલો કરવામાં આવ્યો હતો.ભારતના હવાઈ હુમલા પછી સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલી એક પ્રેસ રિલીઝમાં કહેવામાં આવ્યું



હતું કે 'થોડા સમય પહેલા, ભારતીય સશસ્ત્ર દળોએ 'ઓપરેશન સિંદૂર' શરૂ કર્યું હતું, જેમાં પાકિસ્તાન અને પીઓકેમાં સ્થિત આતંકવાદી માળખાને નિશાન બનાવવામાં આવ્યા હતા, જ્યાંથી ભારત વિરુદ્ધ આતંકવાદી હુમલાઓનું આયોજન અને અમલ કરવામાં આવી રહ્યો હતો. આ એ જ સ્થળો છે જ્યાંથી ભારત પર આતંકવાદી હુમલાઓનું આયોજન અને અમલ કરવામાં આવી રહ્યો હતો. પાકિસ્તાનના સ્થાનિક અહેવાલો અનુસાર, બહાવલપુરમાં હવાઈ હુમલા બાદ ૧૦૦થી વધુ આતંકવાદીઓ માર્યા ગયા છે. જેમાં જૈશ-એ-મોહમ્મદના ૪, લશ્કર-એ-તૈયબાના ૩ અને હિઝબુલ મુજાહિદ્દીનના ૨ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા હતા. વધુમાં કહેવામાં આવ્યું હતું કે કુલ ૯ સ્થળોને નિશાન બનાવવામાં આવ્યા હતા. તે સ્પષ્ટપણે જણાવે છે કે અમારી કાર્યવાહી ઉશ્કેરણીજનક નથી. કોઈપણ પાકિસ્તાની લશ્કરને નિશાન બનાવવામાં આવ્યું નથી. ભારતે પોતાના લક્ષ્યો પસંદ કરવામાં સંયમ રાખ્યો છે.ભારતના હવાઈ હુમલા બાદ પાકિસ્તાની સેનાનું નિવેદન પણ સામે આવ્યું છે.

### અમેરિકાએ પણ આપ્યું સમર્થન

# ઓપરેશન સિંદૂર: એરસ્ટ્રાઈક બાદ ઈઝરાયલનું ભારતને ખુલ્લુ સમર્થન

#### વડાપ્રધાન મોદી વરિષ્ઠ અધિકારીઓ સાથે સતત ઓપરેશન સિંદૂર પર નજર રાખી રહ્યા હતા

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારત પાકિસ્તાનના ૯ ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કર્યા બાદ વિશ્વભરથી પ્રતિક્રિયાની શરૂઆત થઈ છે. અમેરિકાના રાષ્ટ્રપ્રમુખે એરસ્ટ્રાઈક પર નિવેદન આપ્યું છે. દુનિયાના અનેક દેશો ભારત સાથે સંપર્કમાં છે. એવામાં ઈઝરાયલે આ કાર્યવાહી બાદ ભારતને ખુલ્લુ સમર્થન આપ્યું છે. ભારતમાં ઈઝરાયલના એમ્બેસેડરે X પર પોસ્ટ કરીને કહ્યું છે કે, 'ભારતને આત્મરક્ષણનો અધિકાર છે. આતંકવાદીઓને ખબર





પડવી જોઈએ કે નાગરિકો વિરુદ્ધ જઘન્ય ગુના બાદ તેમના માટે બચવા માટે કોઈ જગ્યા નથી.' અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ એરસ્ટ્રાઈક પર મોટું નિવેદન આપ્યું છે. મીડિયા સાથે વાતચીતમાં તેમણે કહ્યું છે કે, 'હું ઓફિસમાં આવ્યો અને હમણાં જ સમાચાર મળ્યા. કંઈક થવાનું હતું એ તો સૌ કોઈને અંદાજ હતો જ. હું આશા રાખું છું કે આ ટૂંક સમયમાં સમાપ્ત થશે. બંને દેશો ઘણા સમયથી લડી રહ્યા હતા.' બીજી તરફ અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ કહ્યું છે કે, 'હું ભારત અને પાકિસ્તાનની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યો છે. શાંતિ સ્થાપના માટે બંને દેશોના નેતાઓ સાથે વાતચીત કરીશું.' અમેરિકાના વિદેશ મંત્રાલયનો દાવો છે કે ભારતીય NSA અજિત ડોભાલે અમેરિકાના NSA સાથે વાતચીત પણ કરી છે.

# જો ભારત આગળ કાર્યવાહી નહીં કરે, તો અમે પણ કંઈ કરીશું નહીં

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૭ ।

ભારતે પાકિસ્તાનમાં નવ આતંકવાદી ઠેકાણાઓ પર હુમલો કર્યો છે. ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય સૈન્ય કાર્યવાહીમાં, જૈશ-એ-મોહમ્મદ અને લશ્કર-એ-તૈયબાના મુખ્યાલય સહિત નવ આતંકવાદી ઠેકાણાઓનો નાશ કરવામાં આવ્યો છે. ભારતીય સૈન્ય દળોના આ હુમલામાં ૯૦ આતંકવાદીઓ માર્યા ગયા છે. પરમાણુ હુમલા અને જોરદાર બદલો લેવાની ધમકી આપતું પાકિસ્તાન હવે પાછળ હટી ગયું છે. ભારત દ્વારા કરવામાં આવેલા આ હુમલાને બંને દેશો વચ્ચે યુદ્ધની શરૂઆતના સંકેત તરીકે જોવામાં આવી રહ્યું હતું. યુદ્ધ શરૂ થાય તે પહેલાં જ પાકિસ્તાને યુદ્ધવિરામની જાહેરાત કરી દીધી છે. પાકિસ્તાનના સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફે કહ્યું છે કે, અમે અમારી રક્ષા કરીશું. પાકિસ્તાની પ્રદેશ પર ભારતના હુમલા બાદ, એક ટીવી ચેનલને આપેલા ઈન્ટરવ્યુમાં, પાકિસ્તાની સંરક્ષણ પ્રધાને કહ્યું કે, ઉલ્લેખનીય છે કે, ભારતની સૈન્ય કાર્યવાહી બાદ ખ્વાજા આસિફે કહ્યું હતું કે, રહેણાંક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા છે. તેમણે એમ પણ કહ્યું કે, ભારતે તેના હવાઈ ક્ષેત્રથી પાકિસ્તાની વિસ્તારોમાં આ હુમલાઓ કર્યા હતા. ખ્વાજા આસિફે એમ પણ કહ્યું હતું કે, અમે આનો યોગ્ય જવાબ આપીશું. પાકિસ્તાની સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફનો યોગ્ય જવાબ આપવાનો ઘમંડ થોડા કલાકોમાં જ ગાયબ થઈ ગયો હતો. હવે તેમણે કહેવાનું શરૂ કરી દીધું છે કે, જ્યાં સુધી ભારત કોઈ અન્ય કાર્યવાહી નહીં કરે, ત્યાં સુધી તેઓ કંઈ કરશે નહીં. પાકિસ્તાનના વડા પ્રધાન શાહબાઝ શરીફે બે ડગલાં આગળ વધીને કહ્યું કે, પાકિસ્તાનને ભારત દ્વારા લાદવામાં આવેલા યુદ્ધનો કડક જવાબ આપવાનો અધિકાર છે. પાકિસ્તાની સેનાએ પણ એક નિવેદનમાં કહ્યું છે કે, તે ભારતની કાર્યવાહીનો જવાબ આપશે. પાકિસ્તાનના ઈન્ટર સર્વિસીસ પબ્લિક રિલેશન્સના ડિરેક્ટર જનરલ લેફટનન્ટ જનરલ અહેમદ શરીફ ચૌધરીએ ભારતીય હુમલાની પુષ્ટિ કરી અને કહ્યું કે, બહાવલ પુર, કોટલી અને મુઝફ્ફરાબાદમાં હવાઈ હુમલા કરવામાં આવ્યા છે.

### આકાશ મિસાઈલે F16, JF17ને ચટાડી ધૂળ

# ઓપરેશન સિંદૂર : ભારતે તોડી પાડ્યા પાકિસ્તાનના ૨ ફાઈટર જેટ

। નવી દિલ્હી, તા.૭ ।

પાકિસ્તાન સાથેના યુદ્ધ દરમિયાન ભારતે પાકિસ્તાનના ખતરનાક ફાઈટર જેટ F-16 અને JF-17ને તોડી પાડ્યા છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે આ પાકિસ્તાની વિમાનને ભારતની એર ડિફેન્સ સિસ્ટમ દ્વારા તોડી પાડવામાં આવ્યું છે. આનો અર્થ એ કે પાકિસ્તાને ભારતને જવાબ આપવાનો પ્રયાસ કર્યો પરંતુ તેને સફળતા મળી નહોતી. ભારતે પહેલા F16 તોડી પાડ્યું હતું. આના થોડા સમય પછી, સમાચાર આવ્યા કે ભારતે આકાશ મિસાઈલની મદદથી પાકિસ્તાનના બીજા ફાઈટર જેટ JF-17 ને તોડી પાડ્યું છે. જ્યારે થોડા દિવસો પહેલા સમાચાર આવી રહ્યા હતા કે ભારત તરફથી સંભવિત હુમલાને ધ્યાનમાં રાખીને પાકિસ્તાને તેના ફાઈટર પ્લેન F-16 ને પાછળ ધકેલી દીધા છે.

### ભારતના ઓપરેશન સિંદૂરથી પાકિસ્તાન ભયભીત

# મરિયમ નવાઝે પંજાબમાં જાહેર કરી ઈમરજન્સી

। (એજન્સી) પંજાબ, તા.૭ ।

બુધવારે વહેલી સવારે ઓપરેશન સિંદૂર હેઠળ ભારતીય સેના દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલા બાદ પાકિસ્તાનમાં ગભરાટનો માહોલ છે. એવામાં પાકિસ્તાનના પંજાબ પ્રાંતમાં મુખ્યમંત્રી મરિયમ નવાઝે કટોકટી જાહેર કરી છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલા તણાવ વચ્ચે, પાકિસ્તાનના પંજાબ પ્રાંતના મુખ્યમંત્રી મરિયમ નવાઝે એક મોટો નિર્ણય લીધો છે. ભારતીય મિસાઈલ હુમલા બાદ પંજાબમાં કટોકટી જાહેર કરવામાં આવી છે. કાયદો અને વ્યવસ્થા સંબંધિત તમામ વિભાગો અને વહીવટી એકમોને હાઈ એલર્ટ પર રાખવામાં આવ્યા છે. નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, પંજાબ પોલીસ સહિત તમામ સુરક્ષા એજન્સીઓને હાઈ એલર્ટ પર રાખવામાં આવી છે. તમામ જિલ્લાઓના વહીવટી એકમોને એલર્ટ કરવામાં આવ્યા છે. ઉપરાંત, બધા ડોકટરો અને તબીબી કર્મચારીઓની રજાઓ રદ કરવામાં આવી છે.

### ભાઈ સહિત ૧૪ લોકોના મોત

# ઓપરેશન સિંદૂરમાં જૈશના વડા મસૂદ અઝહરના પરિવારનો ખાતમો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

એવું લાગે છે કે ભારત હવે આતંકવાદ સામે કરો યા મરોનો મૂડમાં છે. ભારતીય દળોએ પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લીધો છે. હુમલાના બરાબર ૧૫ દિવસ પછી ભારતે બુધવારે રાત્રે લગભગ ૧.૩૦ વાગ્યે 'ઓપરેશન સિંદૂર' દ્વારા પાકિસ્તાનને તેની ઓકાત બતાવી દીધી છે. આ ઓપરેશન સાથે ભારતે આતંકવાદી સંગઠન જૈશના નેતા આતંકવાદી અઝહર મસૂદના પરિવારનો ખાતમો બોલાવ્યો છે. આ હુમલામાં તેના પરિવારના ૧૪ સભ્યો માર્યા ગયા હોવાની માહિતી સામે આવી છે. હકીકતમાં આતંકવાદી મસૂદ પાકિસ્તાનમાં બેસીને ભારત વિરુદ્ધ સતત આતંકવાદી કાવતરાં ઘડી રહ્યો હતો. પરંતુ હવે ભારતે પહેલગામ આતંકવાદી હુમલાનો બદલો લેવા માટે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું છે અને આ ખાસ ઓપરેશનમાં ભારતીય સેનાએ પાકિસ્તાનમાં ૯ સ્થળો પર હવાઈ હુમલા કર્યા છે.

### ૨૬/૧૧ના આતંકીઓ અહીં થયા હતા ટ્રેઈન

# ઈન્ડિયન એરફોર્સે લશ્કર-એ-તૈયબાના ગઢને કર્યું ધ્વસ્ત

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લેતા ભારતીય સશસ્ત્ર દળોએ બુધવારે પાકિસ્તાનમાં આતંકીઓ વિરુદ્ધ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. ભારતે મધ્યરાત્રિએ પાકિસ્તાનની સરહદમાં ૧૦૦ કિલોમીટર અંદર પ્રવેશ કરીને પાકિસ્તાન અને PoKમાં ૯ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવીને ધ્વસ્ત કરવામાં આવ્યા હતા. રાફેલ વિમાનો દ્વારા કરવામાં આવેલા હવાઈ હુમલામાં, જૈશ-એ-મોહમ્મદના જેશ-સુભાનલ્લાહ ઠેકાણા અને લશ્કરના મરકઝ-એ-તૈયબા છાવણીને નિશાન બનાવવામાં આવી હતી. જો સૂત્રોનું માનીએ તો, આ તે જગ્યા છે જ્યાં ૨૬/૧૧ ના આતંકવાદીઓને તાલીમ આપવામાં આવી હતી. હવે આ સ્થળો ફક્ત નકશામાં જ બચ્યા છે. ભારતીય સૈનિકોએ પાકિસ્તાનમાં ૪ સ્થળો અને પીઓકેમાં ૫ સ્થળો પર હવાઈ હુમલા કર્યા.

## સાબરકાંઠામાં સમાજની મિટિંગમાં બોલાચાલી બાદ આધેડે ઝેરી દવા ગટગટાવી લીધી

। (એજન્સી) સાબરકાંઠા, તા.૭ ।

સાબરકાંઠામાં એક આપઘાતનો મામલો સામે આવ્યો છે. સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ સાબરકાંઠામાં સમાજની મિટિંગમાં બોલાચાલી બાદ આધેડે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. ખેડબ્રહ્મા ખાતે બારેશી ભાટીયા સમાજની મિટિંગ હતી. જે મિટિંગમાં આધેડને સમાજના આગેવાનો સાથે ઝઘડો થયો હતો. મિટિંગમાં ઝઘડા બાદ સમાજના આગેવાનોએ ઈડર આવીને આધેડ રાકેશ ભાટિયાને ધમકી આપી હોવાનું સામે આવ્યું હતું. તેમજ સમાજના આગેવાનોએ વીડિયો વાયરલ કરવાની ધમકી આપી હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. જેથી આ વાતનું રાકેશ ભાટિયાને લાગી આવતા ઝેરીદવા ગટગટાવી લીધી હતી, જેથી તેમને સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. આધેડ રાકેશ ભાટિયાને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું. ત્યારે પરિવારે પોલીસ પાસે ન્યાયની માંગણી કરી હતી તેમજ ધમકી આપનારા સમાજના આગેવાનો સામે કાર્યવાહીની માંગણી કરી હતી. જ્યાં સુધી પોલીસ દ્વારા કાર્યવાહી ન થાય તો લાશ ન સ્વીકારવાની ચીમકી આપી હતી. જેથી ઈડર પોલીસે ફરિયાદ નોંધવાની તજવીજ હાથ ધરી હતી.

## વડોદરાની નરસિંહજી પોળમાં જર્જરિત મકાન ધરાશાયી

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

વડોદરાનો ઐતિહાસિક વરઘોડો જ્યાંથી નીકળે છે તે નરસિંહજીની પોળમાં આજે એક મકાન ધરાશાયી થઈ જતા ગભરાટ ફેલાયો હતો.

શહેરના ચાર દરવાજા વિસ્તારમાં અનેક જર્જરિત મકાનો જોખમી બન્યા છે અને અવારનવાર વરસાદ વખતે મકાન તૂટવાના બનાવ બની રહ્યા છે ત્યારે આજે વધુ એક બનાવ બનતા જાનહાની થતા રહી ગઈ હતી.

નરસિંહજીની પોળમાં આવેલા બે માળના જર્જરિત મકાનને અગાઉ કોર્પોરેશન દ્વારા નોટિસ પણ આપવામાં આવી હતી. પરંતુ તેમ છતાં કોઈ કાર્યવાહી નહીં થતા આજે બપોરે મકાનની આગળનો ભાગ ધડાકાભેર તૂટી પડ્યો હતો.સતત અવરજવર વાળા ઉપરોક્ત વિસ્તારમાં મકાન તૂટ્યું તારે કોઈ વ્યક્તિ પસાર થતી નહીં હોવાથી જાનહાની થતા રહી ગઈ હતી. પરંતુ નીચે એક મોટરસાયકલ પાર્ક કરેલી હતી તે કાટમાળમાં દબાઈ જતા ફાયર બ્રિગેડ દ્વારા તેને બહાર કાઢવાની કાર્યવાહી કરવામાં આવી છે.

### છેલ્લા ૨૪ કલાકમાં જ વીજ સંબંધિત ૩૬૨૧ જેટલી ફરીયાદોનો સત્વરે કરાયો નિકાલ

# આણંદ જિલ્લામાં ખોરવાયેલ વિજપુરવઠાને રાઉન્ડ ધી કલોક કામગીરી કરીને ૧૪૦ ટીમો દ્વારા પુનઃસ્થાપિત કરતું આણંદ વિજ વિભાગ

। આણંદ, તા.૭ ।





સમગ્ર રાજ્યમાં ગઈકાલે સાંજે વાતાવરણમાં પલટો આવતા ભારે પવન સાથે ગાજવીજ સાથે વરસાદ વરસ્યો હતો.જેના કારણે અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાઈ થવાના તથા વીજ પુરવઠો અસરગ્રસ્ત થવાના બનાવો બન્યા હતા. આણંદ જિલ્લામાં પણ ૩૪૫ જેટલા ગ્રામ્ય સહીત શહેરી વિસ્તારોમાં વીજ પુરવઠો અસરગ્રસ્ત થયો હતો.

જે અન્વયે જિલ્લાનાં નાગરીકોને વીજળી વિના હાલાકી ન ભોગવવી પડે તે માટે જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીના માર્ગદર્શન હેઠળ વીજ વિભાગ દ્વારા ૧૪૦ જેટલી ટીમો બનાવીને યુધ્ધના ધોરણે રાઉન્ડ ધ કલોક કામગીરી કરીને વીજ પુરવઠા પૂર્વવત કરાયો છે. જે અનુસંધાને મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડના અધિક્ષક ઈજનેર શ્રી એસ. કે. વસાવા એ વીજ પુરવઠા પૂર્વવત કરાયાની કામગીરીની વિસ્તૃત વિગતો આપતા જણાવ્યા હતું કે, વીજ કંપનીની ૧૧૦ અને કોન્ટ્રાક્ટરની ૩૦ ટીમો બનાવીને ઝડપી અને અસરકારક કાર્યવાહી કરી અસરગ્રસ્ત વિસ્તારોમાં વીજ પુરવઠો ટૂંકા ગાળામાં પુનઃસ્થાપિત કરવામાં આવ્યો છે. તેમણે વધુમાં જણાવ્યું કે, આણંદ જિલ્લાના ૩૪૫ ગામો ખાતે અને આણંદ શહેર સહિત ૧૦ શહેરોમાં ૪૯૯ વીજળીના થાંભલા નમી પડ્યા હતા. આ ઉપરાંત ૫૧ ટ્રાન્સફોર્મરમાં, ૩૬૩ ફીડરમાં અને ૪૨ જેટલા ૬૬ કેવી સબ સ્ટેશનમાં વીજળીના પ્રશ્નો ઉપસ્થિત થયા હતા.

વીજ કંપનીની ટીમ દ્વારા તાત્કાલિક યુદ્ધના ધોરણે ૨૯૯ જેટલા ગ્રામ્ય વિસ્તારમાં તથા આણંદ શહેર સહિત ૧૦ શહેરી વિસ્તારમાં ૩૪ જેટલા વીજપોલ, ૦૬ ટ્રાન્સફોર્મર, ૨૯૧ ફીડર, ૪૨ ૬૬ કેવી સબ સ્ટેશનનું કામ પૂર્ણ કરવામાં આવ્યું છે અને ટૂંકા ગાળામાં વીજ સંબંધિત ૫૮૨૬ પૈકી ૩૬૨૧ ફરિયાદોનો પણ સંતોષકારક નિકાલ કરવામાં આવ્યો છે. આ ઉપરાંત વીજ કંપનીની બાકી રહેલી કામગીરીમાં ટીમ દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી ચાલુ છે અને હાલ બાકી રહેલા ૩૫ જેટલા ગામોમાં વીજ પુરવઠો કાર્યરત કરવાની કામગીરી ચાલી રહી હોવાનું શ્રી વસાવાએ જણાવ્યું હતું.

### જિલ્લા વિકાસ અધિકારીશ્રીએ

## કોટડાસાંગાણીના ખરેડા ગામે મનરેગા યોજનાનાં શ્રમિકો સાથે મુલાકાત કરી



। રાજકોટ, તા.૭ ।

જિલ્લા વિકાસ અધિકારીશ્રી અનંદુ સુરેશ ગોવિંદએ કોટડાસાંગાણીના ખરેડા ગામની મુલાકાત લીધી હતી. જિલ્લા વિકાસ અધિકારી શ્રીએ ગામનાં તળાવની કામગીરીમાં જોડાયેલા મનરેગા યોજના અંતર્ગત કામ કરતા શ્રમિકો સાથે મુલાકાત કરી કામના સ્થળે શેડ, પાણી, આરોગ્ય વિગેરે વ્યવસ્થા ઓની સમીક્ષા કરી અધિકારીઓને જરૂરી સૂચનો આપ્યા હતા.

મનરેગા યોજના અંતર્ગત તળાવો, નદી ઊંડા કરવા સહિતની કામગીરી જિલ્લામાં હાથ ધરાઈ રહી છે. આ કામગીરી સાથે જોડાયેલા શ્રમિકોને સ્થળ પર પૂરતી સુવિધા મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવે છે. ગ્રામજનોને ગામમાં જ રોજગારી મળી રહે તેવા ઉમદા પ્રયાસોથી મનરેગા યોજના અંતર્ગત જિલ્લાના ગ્રામીણ વિસ્તારોમાં મનરેગા યોજના અંતર્ગત જન સામુહિક કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ તકે તાલુકા વિકાસ અધિકારીશ્રી રિધ્ધીબેન પટેલ, મેડિકલ ઓફિસરશ્રી અંકિત ગોંડલીયા, ડૉ. માધવીબેન પંડ્યા, સરપંચ શ્રી ગીતાબેન ચાવડા, મદદનીશ તાલુકા વિકાસ અધિકારી શ્રી કૌશિકભાઈ સરતેજા, મનરેગા ડીડીપીસીશ્રી સંજયભાઈ સહિત મનરેગા સ્ટાફ તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

## મહુવામાં ૬ કલાકમાં ૭ ઈંચ કમોસમી વરસાદ વરસ્યો

। (એજન્સી) મહુવા, તા.૭ ।

ભાવનગર જિલ્લામાં કમોસમી વરસાદની આફત સતત બીજા દિવસે વરસી હતી. મહુવામાં જાણે આભ ફાટયું હોય તેમ છ કલાકમાં સાત ઈંચ તોફાની વરસાદ વરસ્યો હતો. જ્યારે જિલ્લાના અન્ય તાલુકાઓને પણ મેઘરાજાએ ધમરોળી વીજળીના કડાકા-ભડાકા અને મિની વાવાઝોડા સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે પવન અને તોફાની વરસાદના કારણે અનેક સ્થળોએ વૃક્ષો, વીજ થાંભલા જમીનદોસ્ત થતાં કલાકો સુધી વીજ પુરવઠો ખોરવાયેલો રહ્યો હતો. પાલિતાણામાં વરસાદની આફતે બે મૂકપશુનો ભોગ લીધો હતો.મહુવા પંથકમાં રાત્રે કમોસમી વરસાદી ઝાપટું વરસ્યા બાદ બપોરે ગાજવીજ અને પવન સાથે વરસાદ થયો હતો. મંગળવારે બપોરે બે કલાક બાદ મેઘરાજાએ તોફાની બેટિંગ કરતા રાત્રિના આઠ કલાક સુધીમાં ૧૭૦ મિ.મી. (સાત ઈંચ જેટલો) વરસાદ વરસાવી દીધો હતો.

મહુવા અને તાલુકાના કેટલાક ગ્રામ્ય વિસ્તારોમાં કરા પણ પડયા હતા. ભારે વરસાદ અને વાવાઝોડાના કારણે મહુવા અને તાલુકાના અનેક સ્થળોએ વૃક્ષો ધરાશાયી થયા હતા. તરેડી ગામે ૧૦૦ ફૂટ ઉંચો મોબાઈલ ટાવર ધરાશાયી થઈ વીજ લાઈન ઉપર પડતા વીજ પ્રવાહ ખોરવાઈ ગયો હતો. મહુવામાં શહેરમાં રસ્તાઓ ઉપર જળબંબાકાર જેવી સ્થિતિનું નિર્માણ થયું હતું. વૃક્ષોની સાથે હોર્ડિંગ્સ, બેનરો પણ તૂટીને નીચે પડયા હતા.સિહોર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં મંગળવારે બીજા દિવસે પણ પવન, વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ વરસી ગયો હતો. સિહોરમાં પોણો ઈંચ (૧૮ મિ.મી.) વરસાદ વરસતા રસ્તા પર પાણી ફરી વળ્યાં હતા. તો બીજી તરફ લાઈટ ડૂલ થતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડયો હતો. ગારિયાધારમાં બપોરે ગાજવીજ અને પવન સાથે સાત મિ.મી. પાણી વરસ્યું હતું. તાલુકાના વેળાવદર, વીરડી સહિતના ગામોમાં વાવાઝોડા સાથે વરસાદ વરસતા ખાડા-વોંકળામાં પાણી ભરાયા હતા.

## વેરાવળની વિદ્યાર્થીની ધોરણ ૧૨માં નાપાસ થતાં આપઘાત કર્યો

। (એજન્સી) વેરાવળ, તા.૭ ।

બોર્ડની પરીક્ષાએ જીવનની અંતિમ પરીક્ષા નથી હોતી, પરંતુ તેમ છતાં દર વર્ષે બોર્ડનું પરિણામ જાહેર થતાં વિદ્યાર્થીઓમાં હતાશાને કારણે આત્મઘાતી પગલું ભરી લેવાના બનાવો વધતા રહ્યા છે. ત્યારે વેરાવળથી માતા-પિતા માટે ચેતવણીરૂપ અને દુઃખદ કિસ્સો સામે આવ્યો છે. વેરાવળમાં ધો. ૧૨ સાયન્સની વિદ્યાર્થી નાપાસ થતાં સોમવારે આપઘાત કરી લેતા અરેરાટી વ્યાપી છે. વેરાવળમાં ગોકુલધામ એપાર્ટમેન્ટની પાછળ, ૮૦ ફૂટ રોડ પર રહેતી ધો.૧૨ની વિદ્યાર્થિની શ્રેયાબેન શ્યામનંદ ઝા (ઉ.વ.૧૭)એ પોતાના ઘરે ગળાફાંસો ખાઈ સોમવારે આપઘાત કર્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં વિદ્યાર્થિનીનું ધો.૧૨નું પરિણામ નબળું આવતા આ પગલું ભર્યું હોવાનું માલૂમ પડ્યું છે.

મૂળ બિહારની વિદ્યાર્થિનીના પિતા કંપનીમાં કામ કરે છે. બનાવના પગલે પરિવાર હતપ્રત બની ગયો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# એસએસજીમાં રેર એવા ન્યુરોબ્લાસ્ટોમા કેંસરથી પીડિત નવ માસની બાળકીને નવજીવન મળ્યું

। વડોદરા, તા.૭ ।

તા. ૧૬ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ તલાલા ગામ (જી. ગીર સોમનાથ)ના રહેવાસી અને માછીમાર દંપતી તેમના ૯ માસના દિકરીને બાળકમાં અસામાન્ય હલચાલ અને આંખોની આકસ્મિક કમ્પન જેવી તકલીફના કારણે રાજકોટ સિવિલ હોસ્પિટલના બાળરોગ વિભાગમાં નિદાન પ્રક્રિયા દરમિયાન બાળકીને opsoclonus-myoclonus નામની દુર્લભ ન્યુરોલોજિકલ તકલીફ હોવાનું જણાયું હતું. વધુ તપાસરૂપે કરાવવામાં આવેલા સિટી સ્કેનમાં ડાબી બાજુની કિડનીની ઉપર એક ગંભીર ગાંઠ નજરે પડી હતી. તા. ૧૯ ડિસેમ્બરના રોજ રેડિયોલોજી વિભાગની ડૉ. હિમાની



પટેલ દ્વારા ગાંઠની બાયોપસી કરવામાં આવી, જેના આધારે બાળકીને ન્યુરોબ્લાસ્ટોમા નામનું કેંસર હોવાનું સ્પષ્ટ થયું. ન્યુરોબ્લાસ્ટોમા બાળકોમાં જોવા મળતું એક જીવલેણ કેંસર છે, જેને યોગ્ય સારવાર વિના જીવના જોખમ તરફ દોરી શકે છે. આ ગંભીર અવસ્થા વચ્ચે, હોસ્પિટલના શસ્ત્રક્રિયા વિભાગે ઝડપથી કામગીરી હાથ ધરી. પીડીયાટ્રીક સર્જન ડૉ. કશ્યપ પંડ્યા, ઓંકોલોજીકલ સર્જન ડૉ. શીવાંગ શુક્લા અને એનેસ્થેશિયા નિષ્ણાત ડૉ. કોમલના સહકારથી બાળકીની અત્યંત જટિલ સર્જરી સફળતાપૂર્વક હાથ ધરવામાં આવી. સર્જરી બાદ, ડૉ. આશ્રુતિ કાચા અને તેમની બાળરોગ વિશેષજ્ઞોની ટીમ દ્વારા બાળકીને ત્રણ સાયકલની કીમોથેરાપી આપવામાં આવી. આ સમગ્ર લાંબી અને સંવેદનશીલ સારવારપ્રક્રિયા દરમિયાન હોસ્પિટલના તબીબી અધિક્ષક ડૉ. રંજન ઐયર તથા ડૉ. રાજીવ દવેશ્વરનો માર્ગદર્શન તેમજ રેડીયોથેરાપી વિભાગના ડૉ. દિવ્યેશ રાણા તથા પીડિયાટ્રીક ડિપાર્ટમેન્ટના વડાશ્રી ડૉ. ઓમપ્રકાશ શુકલાનું સુમેળભર્યું સહયોગ મળ્યો.

## સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ભારે તારાજી, ૧૫નાં મોત

। (એજન્સી) અમરેલી, તા.૭ ।

રાજ્યમાં કમોસમી વરસાદે સતત બીજા દિવસે પણ તારાજી સર્જી છે. સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો, જેના કારણે અનેક વિસ્તારોમાં જનજીવન અસ્તવ્યસ્ત થઈ ગયું છે. છેલ્લા બે દિવસમાં આ કમોસમી વરસાદે રાજ્યમાં વધુ ૧૫ લોકોનો ભોગ લીધો છે, જેના કારણે મૃત્યુઆંક વધી રહ્યો છે.હવામાન વિભાગે આજે પણ રાજ્યના ૧૦ જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહી કરી છે. આગાહી અનુસાર, વરસાદની સાથે ગાજવીજ અને કરા પડવાની પણ શક્યતા છે. સોમવારે સાંજથી મંગળવાર સવાર સુધીમાં રાજ્યના ૧૬૮ તાલુકામાં એક મિમીથી લઈને દોઢ ઈંચ સુધીનો વરસાદ નોંધાયો હતો. આજે વહેલી સવારથી રાજ્યના કેટલાક જિલ્લાઓમાં ફરીથી વરસાદ શરૂ થયો છે, જેના કારણે સ્થિતિ વધુ ગંભીર બની શકે છે.હવામાન વિભાગની આગાહી મુજબ, આજે કચ્છ અને બનાસકાંઠા સહિતના જિલ્લાઓમાં સ્થિતિ વધુ બગડી શકે છે. ભારે પવન અને વરસાદના કારણે રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૧૫ લોકોના મોત નિપજ્યા છે, જેમાં મકાનો ધરાશાયી થવા, વીજળી પડવા અને ઝાડ પડવાની ઘટનાઓનો સમાવેશ થાય છે. તંત્ર દ્વારા અસરગ્રસ્ત વિસ્તારોમાં રાહત અને બચાવ કામગીરી ચાલુ છે, પરંતુ સતત વરસાદના કારણે કામગીરીમાં મુશ્કેલીઓ આવી રહી છે.

## ખાસ લેખ

### ૮મી મે - વિશ્વ થેલેસેમિયા દિવસ

# થેલેસેમિયા નિવારણના ધ્યેયમંત્ર સાથે કામગીરી કરતી સંસ્થા એટલે 'ઇન્ડિયન રેડ ક્રોસ સોસાયટી'

। (માહિતી) અમદાવાદ ।

માનવતાવાદી સેવા અને વિશ્વ શાંતિના ધ્યેયમંત્ર સાથે હેનરી ડયુનાન્ટે રેડ ક્રોસ સંસ્થાની સ્થાપના કરી હતી. હેનરી ડયુનાન્ટના જન્મદિવસ ૮મી મે ને વિશ્વભરમાં 'વિશ્વ રેડ ક્રોસ દિવસ' તરીકે ઉજવવામાં આવે છે. આ જ દિવસે 'વિશ્વ થેલેસેમિયા દિવસ'ની ઉજવણી પણ કરવામાં આવે છે.

આ વર્ષે 'વિશ્વ થેલેસેમિયા દિવસ'ની થીમ 'થેલેસેમિયા સામે એક થઈએ : સમુદાયોને સાથે લાવીએ અને દર્દીને પ્રાથમિકતા આપીએ' ('Together for Thalassaemia: Uniting Communities, Prioritising Patients') છે.

દેશમાં ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી થેલેસેમિયા અને સિકલ સેલ પ્રિવેન્શન સહિત આરોગ્ય અને માનવતાવાદી સેવા ક્ષેત્રે વર્ષોથી નોંધપાત્ર કામગીરી કરીને પોતાનું પ્રદાન આપતી રહી છે.

ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી, ગુજરાતનો 'થેલેસેમિયા અને સિકલ સેલ પ્રિવેન્શન પ્રોગ્રામ' વ્યાપની દૃષ્ટિએ માત્ર ભારત નહીં સમગ્ર દક્ષિણ-પૂર્વ એશિયામાં પહેલો મોટો પ્રોગ્રામ છે.

લોહીની ગંભીર બિમારી- થેલેસેમિયા અને સિકલ સેલ સામે રેડ ક્રોસ, ગુજરાત સંસ્થા જંગે ચડી છે અને રાજ્ય સરકારના સહયોગથી ઠોસ કામગીરી કરી રહી છે.

**દેશમાં થેલેસેમિયા અને સિકલ સેલની સ્થિતિ**

ભારત દુનિયાનો સૌથી મોટો થેલેસેમિયા મેજરથી અસરગ્રસ્ત લોકો ધરાવતો દેશ કહેવાય છે.

લગભગ ૧ થી ૧.૫ લાખ બાળકો થેલેસેમિયા મેજર અને લગભગ સવા ચાર કરોડ લોકો થેલેસેમિયા માઈનોરના લક્ષણ ધરાવે છે.

ભારતમાં દર વર્ષે આશરે ૧૦ થી ૧૫ હજાર જેટલા થેલેસેમિયા મેજર બાળકો જન્મે છે.

ભારતમાં સિકલ સેલ પણ એક વ્યાપક રોગ છે. ગુજરાત, મહારાષ્ટ્ર અને કેરળ જેવા કેટલાક પ્રદેશોમાં કેટલાક સમુદાયોમાં વધુ પ્રમાણમાં જોવા મળે છે. સિકલ સેલ જિનનું કેરિયર પ્રમાણ ૧% થી ૩૫% સુધી હોય છે, તેથી અનેક લોકોને સિકલ સેલ રોગ હોય છે.

**શું છે થેલેસેમિયા અને સીકલ સેલ રોગ ?**

થેલેસેમિયા અને સીકલ સેલ રોગ 'હિમોગ્લોબિનોપથીઝ' તરીકે ઓળખાય છે. આ બંને રોગ લોહીના રક્તકણોને લગતી સમસ્યા સર્જે છે. થેલેસેમિયા અને સીકલ સેલ રોગ એક પ્રકારે જીનેટીક ડિસઓર્ડર છે જે લોહીમાં રહેલા હિમોગ્લોબિનના સ્ટ્રક્ચર અને પ્રોડક્શનને નકારાત્મક અસર કરે છે.

**રેડ ક્રોસ ગુજરાતનો 'થેલેસેમિયા અને સિકલ સેલ પ્રિવેન્શન પ્રોગ્રામ'**

ગુજરાતના નાગરિકોમાં થેલેસેમિયા અને સિકલ સેલ જેવી હેમોગ્લોબિનોપથીઝને નાબૂદ કરવા માટે રેડ ક્રોસે ૨૦૦૪માં 'થેલેસેમિયા અને સિકલ સેલ પ્રિવેન્શન પ્રોગ્રામ' શરૂ કર્યો હતો.

આ પ્રોગ્રામ દેશની અન્ય આરોગ્ય સુરક્ષા સંસ્થાઓ માટે પણ પ્રેરણાસ્રોત બની ગયો છે. ગુજરાતની રેડ ક્રોસની આ કામગીરીએ અનેક રાષ્ટ્રીય- આંતરરાષ્ટ્રીય સ્તરના બહુમાન પ્રાપ્ત કર્યા છે.

'થેલેસેમિયા અને સિકલ સેલ પ્રિવેન્શન પ્રોગ્રામ'ની કામગીરી ત્રણ તબક્કામાં કરવામાં આવે છે:

૧. પ્રિમેરિટલ સ્ક્રિનિંગ (Pre-marital Screening Programme)

૨. હાઈ રિસ્ક સમુદાય સ્ક્રિનિંગ (High Risk Community Screening)

૩. અંતરગર્ભીય સ્ક્રિનિંગ અને પ્રિ-નેટલ ડાયગ્નોસિસ (Antenatal Screening and Prenatal Diagnosis Project)

**પ્રિમેરિટલ સ્ક્રિનિંગ પ્રોગ્રામ**

ગુજરાત રેડ ક્રોસ વિવિધ કોલેજો અને શાળાઓમાં થેલેસેમિયા સ્ક્રિનિંગ કેમ્પ આયોજિત કરે છે, જેમાં વિદ્યાર્થીઓનું સસ્તા દરે સ્ક્રિનિંગ કરવામાં આવે છે.

૨૦૦૪થી ૨૦૨૫ સુધી, ગુજરાતની ૪૫ યુનિવર્સિટીઓ આ કાર્યક્રમમાં જોડાઈ છે. કુલ ૪૦,૭૨,૭૩૮ વિદ્યાર્થીઓનું સ્ક્રીનિંગ થયું છે.

થેલેસેમિયા માઈનર વિદ્યાર્થિઓની સંખ્યા ૧,૭૩,૦૦૬ (૪.૨૫%); સિકલ સેલ ટ્રેટ ધરાવતા વિદ્યાર્થીઓની સંખ્યા ૧,૬૭,૮૧૯ (૪.૧૨%) અને નોર્મલ વિદ્યાર્થીઓની સંખ્યા ૩૫,૬૮,૪૨૯ છે.

**હાઇ રિસ્ક ધરાવતા સમાજના લોકોનું સ્ક્રિનિંગ**

થેલેસેમિયા અને સિકલ સેલ રોગોવાળા હાઈ રિસ્ક સમુદાયો માટે રેડ ક્રોસ ખાસ સ્ક્રિનિંગ કાર્યક્રમ ચલાવે છે.

'સેફ મેરેજ'ની પ્રેક્ટિસને પ્રોત્સાહિત કરવાનો આ પ્રોગ્રામનું મુખ્ય ઉદ્દેશ્ય છે. આનો અર્થ એ છે કે લગ્ન પહેલાં, ઓછામાં ઓછો એક પક્ષ કેરિયર ન હોય તેની ખાતરી કરવામાં આવે છે. ગુજરાતના કેટલાક સમુદાયોની સંસ્થાઓ જેમ કે ખારવા સમાજ (પોરબંદર), લોહાણા મહાજન પરિષદ (સમગ્ર ગુજરાત), કચ્છી ભાનુશાળી સેવા સમાજ, સિંધિ સમાજ (અમદાવાદ), લેઉવા પાટીદાર સમાજ (સુરત) આ પ્રોગ્રામની સહયોગી છે.

અત્યાર સુધીમાં ૧,૨૧,૧૭૨ યુવાનોનું સ્ક્રિનિંગ થયું છે તેમાં ૧૪% થી ૧૭% યુવાનો થેલેસેમિયા અથવા સિકલ સેલ પોઝિટિવ જોવા મળ્યા છે.

**અંતરગર્ભીય સ્ક્રિનિંગ અને પ્રિ-નેટલ ડાયગ્નોસિસ પ્રોજેક્ટ**

૨૦૧૦માં ગુજરાત રેડ ક્રોસે અંતરગર્ભીય અને પ્રિ-નેટલ ડાયગ્નોસિસ પ્રોજેક્ટ શરૂ કર્યો, જેમાં ગર્ભવતી મહિલાઓનું થેલેસેમિયા અને સિકલ સેલ માટે સ્ક્રિનિંગ થાય છે.

જ્યારે ગર્ભવતી મહિલાઓ OPDમાં પ્રથમ વખત આવે છે, ત્યારે તેમનું સ્ક્રિનિંગ કરવામાં આવે છે. જો તેઓ કેરિયર હોય, તો તેમના પતિનું પણ સ્ક્રિનિંગ કરવામાં આવે છે.

જો બંને પતિ-પત્ની કેરિયર હોય, તો તેમને પ્રિ-નેટલ ડાયગ્નોસિસ (PND) માટે માર્ગદર્શન આપવામાં આવે છે, જેથી શિશુમાં થેલેસેમિયા મેજર કે સિકલ સેલ રોગ હોવાની શક્યતા જાણી શકાય છે.

આ પ્રોગ્રામ દ્વારા દર્દીઓ અને દંપત્તિઓને જિનેટિક રોગો અંગે કાઉન્સેલિંગ આપવામાં આવે છે, જેથી તેઓને રોગની સ્થિતિ વિશે સમજ અને માર્ગદર્શન મળે.

૨૦૧૦- ૨૦૨૫ સુધીમાં ૯,૭૭,૦૬૭ ગર્ભવતી મહિલાઓનું સ્ક્રીનિંગ કરવામાં આવ્યું છે જેમાંથી પોઝિટિવ ગર્ભવતી મહિલાઓનીં સંખ્યા ૫૩,૨૩૦ છે અને ૪૨,૨૦૫ પતિઓનું સ્ક્રિનિંગ થયું છે.

૨૬૫૯ કિસ્સામાં પ્રિ-નેટલ ડાયગ્નોસિસ કરાતાં ૬૧૩ જેટલા થેલેસેમિક બાળકોના જન્મને રોકવામાં આવ્યા છે, જે આ પ્રોજેક્ટની નોંધપાત્ર સિદ્ધિ છે.

'રેડક્રોસ' ગુજરાતના ચેરમેન શ્રી અજય પટેલે જણાવ્યું હતું કે, "સમગ્ર ગુજરાતમાં થેલેસેમિયા અને સિકલ સેલ રોગો અંગે અવરનેસ વધારવામાં પણ રેડ ક્રોસનું મોટું યોગદાન છે.

ગુજરાત રેડ ક્રોસ આ પ્રોગ્રામને વધુ આગળ વધારવા માટે સક્રિયપણે કાર્યરત છે. હાઈ રિસ્ક સમુદાયોને જોડીને, નવા વિસ્તારમાં જાગૃતિ અભિયાન શરૂ કરવાં અને ગર્ભવતી મહિલાઓ માટે વધુ સક્ષમ પ્રિ-નેટલ ડાયગ્નોસિસ સુવિધાઓ વિકસાવવાની નેમ સંસ્થાએ રાખી છે."

'થેલેસેમિયા મુક્ત ગુજરાત' બનાવવા અને સિકલ સેલના નિવારણ માટે ગુજરાત રેડ ક્રોસના ઉપયુક્ત પ્રયાસો અવેરનેસ અને પ્રિવેન્શનના સ્તરે મહત્ત્વના રહ્યા છે, જે ગુજરાત માટે ગૌરવની બાબત છે.

**સન્માન**

રાજ્યમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી ગુજરાત સ્ટેટ બ્રાન્ચના જનરલ સેક્રેટરી શ્રી પ્રકાશ પરમારને આગામી ૧૩મી મેના રોજ નવી દિલ્હી ખાતે યોજાનાર સંસ્થાની સાધારણ સભામાં કેન્દ્રીય આરોગ્ય મંત્રી શ્રી જે.પી.નડ્ડાજીના હસ્તે 'એમ્પ્લોઈ ઓફ ધ યર ૨૦૨૨-૨૩' એવોર્ડ એનાયત કરવામાં આવનાર છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઇડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા. લિ. ૭ થી ૧૦ શ્રી લક્ષ્મી કોમ. કો-ઓપ એસ્ટેટ, અજોદ ડેરી રોડ, સુખરામનગર, રખિયાલ, અમદાવાદ ૩૮૦૦૨૩. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨




વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રપતિ ભવનમાં રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુને મળ્યા અને તેમને ઓપરેશન સિંદૂર વિશે વિવિધ જાણકારી આપી.

## ન્યુઝ બોક્ષ

### આજે ભારતે પોતાની તાકાત દેખાડી દીધી છે



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારત તરફથી પાકિસ્તાન વિરુદ્ધ કરવામાં આવેલા ઓપરેશન સિંદૂર પર ઓલ ઈંડિયા સૂફી સજ્જાદાનશીન કાઉંસિલના ચેરમેન અને અજમેર શરીફ દરગાહના દીવાન સૈયદ નસીરુદ્દીન ચિશ્તીનું નિવેદન સામે આવ્યું છે. તેમણે કહ્યું કે, આજે ભારતે પોતાની તાકાત દેખાડી દીધી છે. હું તમામ સૈન્યકર્મીઓને સલામ કરુ છું અને સરકારનો પણ આભાર વ્યક્ત કરુ છું. સૈયદ નસીરુદ્દીન ચિશ્તીએ કહ્યું કે, હું પ્રધાનમંત્રીનો આભાર વ્યક્ત કરવા માગું છું, કેમ કે તેમણે દેશના લોકોની ભાવનાને સમજી અને પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો. આપણે આતંકવાદને મૂળમાંથી ઉખેડીને ફેંકી દઈશું. સિંદૂરનું આપણી સંસ્કૃતિમાં એક વિશેષ સ્થાન છે, કારણ કે તેને વિવાહિત મહિલાઓ લગાવે છે. પણ પહલગામમાં તેને કેટલીય મહિલાઓએ ખોઈ દીધું હતું અને આજે આ ઓપરેશન સિંદૂર દ્વારા તેનો બદલો લઈ લીધો છે. તેમણે કહ્યું કે આખી દુનિયા ભારતીય સેનાની તાકાતનો સ્વીકાર કરે છે અને આજે ભારતે પોતાની શક્તિ બતાવી છે. ભારત સરકાર અને ભારતીય સેના પાસેથી લોકોની અપેક્ષાઓ પર દેશ ખરો ઉતર્યો છે. બધા આતંકવાદીઓને, તેમને ટેકો આપનારાઓને, સરકારને અને આખી દુનિયાને કહેવામાં આવ્યું છે કે આ નવું ભારત છે.

### ભારત-પાકિસ્તાન તંગદિલી વચ્ચે સોના અને ચાંદીના ભાવ ગગડ્યા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારત અને પાકિસ્તાન વચ્ચે વધી રહેલી તંગદિલી અને અમેરિકાના ફેડ રિઝર્વની મોનેટરી પોલિસી પહેલાં એમસીએક્સ સોનામાં મોટો ઘટાડો નોંધાયો હતો. એમસીએક્સ પર સોનાનો ભાવ રૂ. ૯૬૯૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર ખૂલ્યા બાદ રૂ. ૮૦૦થી વધુનો કડાકો નોંધાયો હતો. એમસીએક્સ સોનું રૂ. ૮૪૧ ઘટી ૯૬૬૫૦ પર ટ્રેડ થઈ રહ્યો હતો. બપોરના સેશનમાં એમસીએક્સ સોનું રૂ. ૪૦૨ તૂટી ૯૭૦૨૦ પર ટ્રેડ થઈ રહ્યુ હતું. ચાંદી પણ રૂ. ૨૮૩ તૂટી રૂ. ૯૬૪૧૮ પર કારોબાર થઈ રહી હતી. ગઈકાલે સોનાના ભાવમાં ૩ ટકાનો ઉછાળો નોંધાયો હતો. જિઓ-પોલિટિકલ ક્રાઈસિસ સમયે હેજિંગ માટે સોના-ચાંદીના ભાવ વધે છે. ભારતે ગઈકાલે મોડી રાત્રે પાકિસ્તાનમાં નવ આતંકી સ્થળો પર કરેલી એર સ્ટ્રાઈક બાદ યુદ્ધની ભીતિ વધી છે.

### પાકિસ્તાન પર એરસ્ટ્રાઇક બાદ રાહુલ, જયશંકર અને ઓવૈસીની પ્રતિક્રિયા



। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

પહલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો લેતા ભારતીય સશસ્ત્ર દળોએ બુધવારે પાકિસ્તાનમાં આતંકીઓ વિરુદ્ધ 'ઓપરેશન સિંદૂર' શરુ કર્યું, જેમાં પાકિસ્તાન અને PoJKમાં નવ આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવી સચોટ હુમલા કરાયા. બુધવારે સવારે થયેલા આ ઓપરેશન અંગે AIMIMના વડા અસદુદ્દીન ઓવૈસી, રાહુલ ગાંધી, અખિલેશ યાદવ સહિત ઘણા અન્ય નેતાઓની પ્રતિક્રિયાઓ સામે આવી છે. ઓપરેશન સિંદૂર પર પોતાની પ્રતિક્રિયા આપતાં રાહુલ ગાંધીએ લખ્યું કે, "મને મારી ભારતીય સેના પર ગર્વ છે." આ હવાઈ હુમલાને ઓપરેશન સિંદૂર નામ આપવામાં આવ્યું છે. આ મામલે વિદેશ મંત્રી એસ જયશંકરે પોતાની પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે સમગ્ર વિશ્વએ આતંકવાદ પ્રત્યે ઝીરો ટોલરન્સની નીતિ અપનાવવી જોઈએ. ઓવૈસીએ ટ્વિટર પર પોસ્ટ કર્યું કે , "હું આપણા સંરક્ષણ દળો દ્વારા પાકિસ્તાનમાં આતંકવાદી કેમ્પ પર કરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઈકનું સ્વાગત કરું છું.

### સૈન્ય કે સામાન્ય નાગરિકોને નુકસાન નથી થયું

# ભારતે ખાલી આતંકીઓના ઠેકાણા પર જ ટાર્ગેટ કર્યા : વિદેશ મંત્રાલય

### પહલગામ પર થયેલો હુમલો કાયરતાપૂર્ણ હતો : જમ્મુ કાશ્મીરની શાંતિ ભંગ કરવા માટે આ હુમલો કર્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતીય સેનાએ મંગળવાર મોડી રાતે પાકિસ્તાન અને પીઓકેમાં નવ જગ્યાએ આતંકી ઠેકાણા પર એરસ્ટ્રાઈક કરી છે. ભારતીય સેના, વાયુસેના અને વિદેશ મંત્રાલય આ ઓપરેશન સિંદૂરને લઈને પ્રેસ બ્રીફિંગ કરી રહ્યા છે. આ દરમ્યાન પ્રેસ બ્રીફિંગમાં વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રી સાથે સાથે બે મહિલા અધિકારી પણ સામેલ છે. તેમાં વાયુસેનાના વિંગ કમાંડર વ્યોમિકા સિંહ અને ભારતીય સેનાના કર્નલ સોફિયા કુરૈશી છે. પ્રેસ બ્રીફિંગની શરુઆતમાં ભારત પર ૨૦૦૧માં થયેલા સંસદ હુમલાથી લઈને ૨૦૦૮ના મુંબઈ આતંકી હુમલો, ઉરી, પુલવામાથી લઈને પહલગામ હુમલા




સાથે જોડાયેલી ક્લીપિંગ દેખાઈ હતી. વિક્રમ મિસ્ત્રીએ કહ્યું કે, પહલગામ પર થયેલો હુમલો કાયરતાપૂર્ણ હતો. જમ્મુ કાશ્મીરની શાંતિ ભંગ કરવા માટે આ હુમલો કર્યો હતો. સાંપ્રદાયિક રમખાણો ભડકાવવાની કોશિશ પણ હતી. તેમણે કહ્યું કે, પહલગામ હુમલાની તપાસથી પાકિસ્તાનના આતંકીવાદીઓ સાથેના સંબંધો ખુલ્લા પડ્યા છે. તેમણે કહ્યું કે, પાકિસ્તાન દુનિયાભરના આતંકવાદીઓ માટે શરણસ્થળ બનેલું છે. તેનાથી આતંકવાદીઓ સજાથી બચતા રહ્યા છે. વિદેશ સચિવ મિસ્ત્રીએ પ્રેસ બ્રીફિંગમાં કહ્યું કે, તમે બધા જાણો છો કે જમ્મુ કાશ્મીરના પહલગામમાં ૨૨ એપ્રિલના રોજ લશ્કરથી સંબંધિત પાકિસ્તાની અને પાકિસ્તાન પ્રશિક્ષિત આતંકવાદીઓએ ભારતીય પર્યટકો પર હુમલો કર્યો. આતંકીઓએ ૨૫ ભારતીયો અને એક નેપાળી નાગરિકની હત્યા કરી હતી. દેશમાં ૨૬/૧૧ હુમલા બાદ સૌથી મોટી આતંકી ઘટના છે. પહલગામ હુમલા બાદ દેશભરમાં ગુસ્સો હતો. ભારત સરકારે પાકિસ્તાન સામે ઘણા કડક પગલાં લીધાં.

### અમેરિકાએ પાકિસ્તાનને આપી ચેતવણી

# ભારતના હુમલાનો જવાબ આપવાનું વિચારતા પણ નહીં

। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

ભારતે પાકિસ્તાન પર હવાઈ હુમલો કર્યો છે. પહેલગામ હુમલા અંગે ભારતે પાકિસ્તાનને યોગ્ય જવાબ આપ્યો છે. આ પછી હવે પાડોશી દેશને અમેરિકા તરફથી પણ ચેતવણી મળી છે. વ્હાઈટ હાઉસના સત્તાવાર સૂત્રોએ દાવો કર્યો છે કે યુએસ એનએસએ અને વિદેશ પ્રધાન માર્કો રુબિયોએ પાકિસ્તાનને ચેતવણી આપી છે. અમેરિકાના વિદેશ મંત્રી માર્કો રુબિયોએ પાકિસ્તાનને ચેતવણી આપતા કહ્યું કે પાકિસ્તાને ભારતના હુમલા સામે કોઈ કાર્યવાહી કરવાનું વિચારવું જોઈએ નહીં. પાકિસ્તાને ભારત સામે યુદ્ધ કરવાની હિંમત ન કરવી જોઈએ. ઉપરાંત, ભારત અંગે રુબિયોએ કહ્યું કે, ભારતને આતંકવાદીઓ સામે કાર્યવાહી કરવાનો અધિકાર છે. હવે ભારતના આ હુમલાના જવાબમાં પાકિસ્તાને કોઈ હુમલો ન કરવાની યોજના બનાવવી જોઈએ. આ સાથે પાકિસ્તાન તરફથી ભારતને જવાબ આપવાની વાત પણ ચાલી રહી છે. તો માર્કો રુબિયોએ પાકિસ્તાની NSA સાથે વાત કરી અને તેમને ચૂપ રહેવા કહ્યું. અમેરિકાએ પાકિસ્તાનને



ચેતવણી આપી, ભારતના હુમલાનો જવાબ આપવાનો વિચાર પણ ન કરે. આ હુમલા પછી માર્કો રુબિયોએ સોશિયલ મીડિયા હેન્ડલ ઠ પર પોસ્ટ કરી અને કહ્યું કે, હું ભારત અને પાકિસ્તાન વચ્ચેની પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યો છું. આજે વહેલી તકે કરવામાં આવેલી ટિપ્પણીઓ આશા વ્યક્ત કરે છે કે આ ટૂંક સમયમાં સમાપ્ત થશે અને શાંતિપૂર્ણ ઉકેલ માટે ભારતીય અને પાકિસ્તાની નેતૃત્વ બંનેને જોડવાના પ્રયાસો ચાલુ રહેશે. ભારતે જમ્મુ-કાશ્મીરના પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલાનો બદલો પાકિસ્તાન અને પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કરીને લીધો છે.




દિલ્હી કેન્ટમાં માણેકશા સેન્ટર ખાતે કેન્દ્રીય રક્ષામંત્રી રાજનાથ સિંહ BRO સ્થાપના દિવસ કાર્યક્રમ દરમિયાન BROના ૫૦ માળખાકીય પ્રોજેક્ટ્સ વર્ચ્યુઅલી રાષ્ટ્રને સમર્પિત કર્યું.

### ચીને ભારતીય સેનાની એરસ્ટ્રાઇકને ગણાવી દુઃખદ

। (એજન્સી) બેઈજીંગ, તા.૭ ।

પાકિસ્તાન પર ભારતના હવાઈ હુમલા ઓપરેશન સિંદૂરનો ચીને જવાબ આપ્યો છે. બુધવારે, જ્યારે પાકિસ્તાન અને ભારત વચ્ચેની પરિસ્થિતિ વિશે પૂછવામાં આવ્યું, ત્યારે ચીનના વિદેશ મંત્રાલયના પ્રવક્તાએ કહ્યું કે ચીન ભારતની લશ્કરી કાર્યવાહીને "દુઃખદ" માને છે. ચીને કહ્યું કે તે પરિસ્થિતિ અંગે ચિંતિત છે. પ્રવક્તાએ વધુમાં કહ્યું કે ભારત અને પાકિસ્તાન બંને એકબીજાના પાડોશી છે અને ચીનના પણ પડોશી છે. ચીન તમામ પ્રકારના આતંકવાદનો વિરોધ કરે છે, પરંતુ તમામ પક્ષોને શાંતિ અને સ્થિરતા જાળવવા અપીલ કરે છે. ચીને ભારત અને પાકિસ્તાનને સંયમ રાખવા, પરિસ્થિતિને વધુ ખરાબ કરી શકે તેવા કોઈપણ પગલા લેવાનું ટાળવા અને શાંતિપૂર્ણ રીતે મુદ્દાનો ઉકેલ લાવવા જણાવ્યું છે. ઓપરેશન સિંદૂર દ્વારા ભારતે ફરી એકવાર સાબિત કર્યું છે કે આતંકવાદ સામે કોઈ પણ પ્રકારની ઉદારતા દાખવવામાં આવશે નહીં. ૨૨ એપ્રિલે જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલાઆતંકવાદી હુમલાના જવાબમાં, જેમાં ૨૬ નિર્દોષ લોકોએ જીવ ગુમાવ્યા હતા.

### CJI ખન્નાએ માંગ્યો જવાબ

# કેશ કાંડમાં જસ્ટિસ વર્મા વિરુદ્ધ આરોપોની પુષ્ટિ

### સુપ્રીમ કોર્ટની ત્રણ જજની સમિતિએ ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાને તપાસનો સંપૂર્ણ રિપોર્ટ મોકલ્યો છે

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

જસ્ટિસ યશવંત વર્મા સાથે સંકળાયેલા 'કેશ કાંડ'ની તપાસ પૂરી થઈ છે. સુપ્રીમ કોર્ટની ત્રણ જજની સમિતિએ ચીફ જસ્ટિસ સંજીવ ખન્નાને તપાસનો સંપૂર્ણ રિપોર્ટ મોકલ્યો છે. જેના આધારે જસ્ટિસ વર્માને રાજીનામું આપવા આદેશ આપવામાં આવ્યો છે. જો તેઓ રાજીનામું નહીં આપે તો એમની સામે મહાભિયોગની કાર્યવાહી થશે. દિલ્હી હાઈકોર્ટના પૂર્વ જસ્ટિસ યશવંત વર્માના ઘરમાં ૧૪-૧૫ માર્ચની રાતે આગ લાગી હતી. આગ લાગી ત્યારે જસ્ટિસ વર્મા અને તેમની પત્ની મધ્યપ્રદેશમાં હતા, ઘરે તેમના પુત્રી અને વૃદ્ધ માતા હતાં. આગ બુઝાવવા ગયેલા અગ્નિશમન દળના કર્મચારીઓને અન્ય સામાન સાથે સળગી ગયેલી બિનહિસાબી ચલણી નોટોના બંડલો મળી આવ્યા હતા. આ ઘટનાનો વીડિયો વાઈરલ થયો હતો, જે જોઈને દેશભરમાં હોબાળો મચી ગયો હતો. આ બનાવને પગલે જસ્ટિસ વર્માની અલ્લાહાબાદ હાઈકોર્ટમાં બદલી કરાઈ હતી, જેનો




વકીલોએ ભારે વિરોધ કર્યો હતો. જસ્ટિસ વર્માએ પોતાની સામે લાગેલા ભ્રષ્ટાચારના આરોપોને નકારી કાઢ્યા હતા અને એને તેમના વિરુદ્ધનું કાવતરું ગણાવ્યું હતું. દરમિયાન સુપ્રીમ કોર્ટના ચીફ જસ્ટિસ (CJI) સંજીવ ખન્નાએ ૨૨ માર્ચે ત્રણ જજની સમિતિની રચના કરીને સમગ્ર કેસની તપાસના આદેશ આપ્યા હતા. પંજાબ-હરિયાણા કોર્ટના ચીફ જસ્ટિસ શીલ નાગુ, હિમાચલ પ્રદેશ હાઈકોર્ટના ચીફ જસ્ટિસ જી.એસ. સંધાવાલિયા અને કર્ણાટક હાઈકોર્ટના જસ્ટિસ સુશ્રી અનુ શિવરામનની બનેલી સમિતિએ ૨૫ માર્ચે તપાસ શરૂ કરી હતી અને ૪૩ દિવસો પછી ૪ માર્ચના રોજ CJI સંજીવ ખન્નાને રિપોર્ટ સોંપી દીધો હતો. રિપોર્ટમાં જસ્ટિસ વર્માને દોષી ઠેરવવામાં આવ્યા છે. તેમને શુક્રવાર, ૯ મે સુધીમાં CJI ને જવાબ આપવા માટે સમય આપવામાં આવ્યો છે. કાયદાકીય નિષ્ણાતોના મતે કેશ કાંડમાં જસ્ટિસ વર્મા પર ભ્રષ્ટાચારના આરોપ સાબિત થશે તો તેમણે રાજીનામું આપવું પડશે. જો તેઓ રાજીનામું નહીં આપે, તો મહાભિયોગની ભલામણ કરવા માટે રિપોર્ટ રાષ્ટ્રપતિને મોકલવામાં આવશે.

### પાકિસ્તાને આ કાર્યવાહીની નિંદા કરી

# એરસ્ટ્રાઈક પછી પાકિસ્તાન પર ભારતીય સેનાનો વધુ એક હુમલો

### ભારતીય સેના દ્વારા પાકિસ્તાનમાં નીલમ નદી પર સ્થિત નૌસેરી ડેમને નિશાન બનાવવામાં આવ્યો હતો

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

ભારતીય સેના દ્વારા પાકિસ્તાનમાં કરવામાં આવેલી સર્જિકલ સ્ટ્રાઈક પછી, પાકિસ્તાનમાં નીલમ નદી પર સ્થિત નૌસેરી ડેમને નિશાન બનાવવામાં આવ્યો હતો. પાકિસ્તાને આ કાર્યવાહીની નિંદા કરી છે અને તેને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ઉલ્લંઘન ગણાવ્યું છે. પાકિસ્તાન કહે છે કે ભારત પાણી વગર પાકિસ્તાન પર હુમલો કરવાનો પ્રયાસ કરી રહ્યું છે. પાકિસ્તાનમાં સર્જિકલ સ્ટ્રાઈક કરીને આતંકવાદીઓને ઠાર માર્યા બાદ, ભારતીય સેનાએ પાડોશી દેશને વધુ એક ઝટકો આપ્યો છે. પાકિસ્તાનના મતે, સર્જિકલ સ્ટ્રાઈક પછી, ભારતીય વાયુસેનાના જવાનોએ તેના જળાશયો નાશ કર્યો છે. એસોસિએટેડ પ્રેસના અહેવાલ મુજબ, પાકિસ્તાનમાં ૯ સ્થળો પર સર્જિકલ સ્ટ્રાઈક બાદ, ભારતીય સેનાના સૈનિકોએ નીલમ નદીના નૌસેરી ડેમ પર બોમ્બ ફેંક્યા હતા. બોમ્બ વિસ્ફોટને કારણે બંધને નુકસાન થયું છે. નૌસેરી બંધમાંથી વીજળી ઉત્પન્ન થાય છે. પાકિસ્તાન સેનાનું



કહેવું છે કે સર્જિકલ સ્ટ્રાઈક પછી, લગભગ ૨ વાગ્યે નૌસેરી ડેમ પર બોમ્બ ફેંકવામાં આવ્યો હતો, જેના કારણે ડેમને નુકસાન થયું હતું. પાકિસ્તાને તેને આંતરરાષ્ટ્રીય કાયદાઓનું ઉલ્લંઘન ગણાવ્યું છે. તે જ સમયે, ભારતે હજુ સુધી આ અંગે કોઈ પ્રતિક્રિયા આપી નથી. નીલમ ખીણ ભારતીય સરહદથી માત્ર ૩ કિમી દૂર સ્થિત છે. આ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરનો એક ભાગ છે. પહેલગામ હુમલા પછી, પાકિસ્તાનનો નીલમ ખીણ વિસ્તાર સૌથી વધુ પ્રભાવિત થયો છે. જ્યારે પાકિસ્તાનમાં સ્ટ્રાઈકના કારણે ૧૦૦થી વધુ લોકો માર્યા ગયા છે. ભારતે સિયાલકોટના મુઝફ્ફરાબાદ વિસ્તારમાં સર્જિકલ સ્ટ્રાઈક કરી છે.

## તંત્રી લેખ...

# વડાપ્રધાન મોદીએ ૨ તસવીરો દ્વારા વિશ્વને આપ્યો સંદેશ

ઓપરેશન સિંદૂર દ્વારા મંગળવારે મોડી રાત્રે ભારતે પાકિસ્તાન સાથે પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લીધો. ભારતે બતાવી દીધું કે જો કોઈ અમને આંખ બતાવશે, તો જડબાતોડ જવાબ આપવામાં આવશે. ઓપરેશન સિંદૂર બાદ પીએમ નરેન્દ્ર મોદીએ આજે કેબિનેટની બેઠક બોલાવી. આ દરમિયાન બેકગ્રાઉન્ડમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની તસવીર જોવા મળી. જે બાદ પીએમ મોદીએ રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત કરી. આ બેઠક દરમિયાન પણ મહાત્મા ગાંધીની તસવીર આગળ ટેબલ પર જોવા મળી. આ બંને તસવીરો દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ શાંતિનો સંદેશ આપ્યો. પીએમ મોદીએ સ્પષ્ટપણે એવો સંદેશ આપ્યો કે ભારત હિંસાને સમર્થન કરતું નથી. અમે ગાંધીજીના વિચારોને અનુસરનારા લોકો છીએ, પરંતુ જો કોઈ અમને છંછેડશે, તો અમે ચૂપ નહીં બેસીએ. ભારતની નીતિ હંમેશાથી પહેલા પ્રહાર ન કરવાની રહી છે. આ એક વખત નથી, ઘણી વખત આ સાબિત થયું છે. પીએમ મોદી તો ખુદ પાકિસ્તાનના પૂર્વ પ્રધાનમંત્રી નવાઝ શરીફના એક આમંત્રણ પર તમામ પ્રોટોકોલ તોડીને લાહોર ગયા હતા. આ મોટા હુમલા બાદ ભારતે પાકિસ્તાનને પુરાવા પણ આપ્યા, પરંતુ પાકિસ્તાની આર્મીએ આ પુરાવાઓને નકારી કાઢ્યા હતા.ઘણા સમયથી પાકિસ્તાન ભારતને હળવાશથી લેવા લાગ્યું હતું. તેને લાગી રહ્યું હતું કે ભારત પર ગમે એટલા હુમલા કરીશું, તો ભારત કંઈ નહીં કરે, શાંતિથી બેસી રહેશે. પરંતુ પહેલા સર્જિકલ સ્ટ્રાઈક, પછી એર સ્ટ્રાઈક અને હવે ઓપરેશન સિંદૂરથી પીએમ મોદીએ જણાવી દીધું કે ભારત પોતાની આત્મરક્ષા અને નાગરિકોની સુરક્ષા માટે કોઈપણ હદ સુધી જઈ શકે છે. ભારતનો હેતુ સ્પષ્ટ છે. જે રીતે ભગવાન શ્રી રામે શાંતિની સ્થાપના માટે રાવણ સાથે યુદ્ધ કર્યું હતું, તેવી જ રીતે પાકિસ્તાન દ્વારા જમ્મુ-કાશ્મીરમાં ફેલાવવામાં આવી રહેલા આતંકવાદ પર આકરો પ્રહાર કરવા માટે ભારતીય સેનાએ આ હુમલો કર્યો છે. આ મોટા હુમલા બાદ પીએમની રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ સાથે મુલાકાત અને કેબિનેટની બેઠકમાં ગાંધીજીની તસવીરને બતાવવામાં આવી છે. પીએમ મોદીનો સંદેશ એકદમ સ્પષ્ટ છે. ભારત શાંતિ ઈચ્છે છે.

## પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગ્લોબલ કોન્ફરન્સ ઓન સ્પેસ એક્સપ્લોરેશન(GLEX) ૨૦૨૫ને સંબોધિત કર્યું

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વિડિયો કોન્ફરન્સિંગ દ્વારા ગ્લોબલ કોન્ફરન્સ ઓન સ્પેસ એક્સપ્લોરેશન (GLEX) ૨૦૨૫ને સંબોધિત કર્યું હતું. વિશ્વભરના પ્રતિષ્ઠિત પ્રતિનિધિઓ, વૈજ્ઞાનિકો અને અવકાશયાત્રીઓનું સ્વાગત કરતાં, તેમણે GLEX ૨૦૨૫માં ભારતની નોંધપાત્ર અવકાશ યાત્રા પર પ્રકાશ પાડ્યો અને કહ્યું, ''અંતરિક્ષ માત્ર એક ગંતવ્ય સ્થાન નથી પરંતુ જિજ્ઞાસા, હિંમત અને સામૂહિક પ્રગતિની ઘોષણા છે.'' તેમણે ભાર મૂક્યો કે ભારતની અંતરિક્ષ સિદ્ધિઓ આ ભાવનાને પ્રતિબિંબિત કરે છે, જેમાં ૧૯૬૩માં એક નાનું રોકેટ લોન્ચ કરવાથી લઈને ચંદ્રના દક્ષિણ ધ્રુવની નજીક ઉતરાણ કરનાર પ્રથમ દેશ બનવા સુધી સામેલ છે. ''ભારતીય રોકેટ પેલોડ કરતાં ઘણું વધારે વહન કરે છે - તેઓ ૧.૪ અબજ ભારતીયોના સપના વહન કરે છે'', તેમણે ઉમેર્યું કે ભારતની અવકાશ પ્રગતિ મહત્વપૂર્ણ વૈજ્ઞાનિક સીમાચિહ્નો છે અને તે સાબિત કરે છે કે, માનવ ભાવના ગુરુત્વાકર્ષણને પડકારી શકે છે. તેમણે ૨૦૧૪માં પ્રથમ પ્રયાસમાં મંગળ પર પહોંચવાની ભારતની ઐતિહાસિક સિદ્ધિને યાદ કરી હતી. તેમણે ચંદ્રયાન-૧ એ ચંદ્ર પર પાણીની શોધમાં મદદ કરી હતી. ચંદ્રયાન-૨ એ ચંદ્રની સપાટીની સૌથી વધુ રિઝોલ્યુશન ઈમેજ પ્રદાન કરી હતી અને ચંદ્રયાન-૩ એ ચંદ્રના દક્ષિણ ધ્રુવની સમજને વધુ વધાર્યું હતું તે વાત પર પ્રકાશ પાડ્યો હતો. ''ભારતે રેકોર્ડ સમયમાં ક્રાયોજેનિક એન્જિન વિકસાવ્યું, એક જ મિશનમાં ૧૦૦ ઉપગ્રહો લોન્ચ કર્યા અને ભારતીય પ્રક્ષેપણ વાહનોનો ઉપયોગ કરીને ૩૪ દેશો માટે ૪૦૦ થી વધુ ઉપગ્રહો સફળતાપૂર્વક તૈનાત કર્યા,'' તેમણે ભારતની નવીનતમ સિદ્ધિ - આ વર્ષે અવકાશમાં બે ઉપગ્રહોના ડોકીંગ - ને અવકાશ સંશોધનમાં એક મુખ્ય પગલું ગણાવતા કહ્યું હતું. મોદીએ પુનઃપુષ્ટિ કરી કે ભારતની અવકાશ યાત્રા અન્ય લોકો સાથે સ્પર્ધા કરવા વિશે નથી, પરંતુ સાથે મળીને વધુ ઊંચાઈઓ સુધી પહોંચવા વિશે છે. તેમણે માનવતાના લાભ માટે અવકાશની શોધખોળના સામૂહિક ધ્યેય પર ભાર મૂક્યો. તેમણે દક્ષિણ એશિયાઈ દેશો માટે ઉપગ્રહના સફળ પ્રક્ષેપણને યાદ કરીને પ્રાદેશિક સહયોગ પ્રત્યે ભારતની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડ્યો. તેમણે જાહેરાત કરી કે ભારતની અધ્યક્ષતા દરમિયાન લોન્ચ કરાયેલ ૨૨૦ સેટેલાઈટ મિશન ગ્લોબલ સાઉથમાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. તેમણે ટિપ્પણી કરી કે ભારત નવા આત્મવિશ્વાસ સાથે આગળ વધી રહ્યું છે, વૈજ્ઞાનિક સંશોધનની સીમાઓને સતત આગળ ધપાવી રહ્યું છે. તેમણે કહ્યું, ''ભારતનું પ્રથમ માનવ અવકાશ ઉડાન મિશન, 'ગગનયાન' અવકાશ ટેકનોલોજીમાં દેશની વધતી જતી આકાંક્ષાઓને પ્રતિબિંબિત કરે છે.'' શ્રી મોદીએ ખુલાસો કર્યો કે આગામી અઠવાડિયામાં, એક ભારતીય અવકાશયાત્રી આંતરરાષ્ટ્રીય અવકાશ મથકના ઈસરો-નાસાના સંયુક્ત મિશનના ભાગ રૂપે અવકાશમાં જશે. ભારતના લાંબા ગાળાના વિઝનની રૂપરેખા આપતાં તેમણે કહ્યું કે ૨૦૩૫ સુધીમાં, ભારતીય અવકાશ મથક અભૂતપૂર્વ સંશોધન અને આંતરરાષ્ટ્રીય સહયોગને સરળ બનાવશે. તેમણે જાહેરાત કરી કે એક ભારતીય અવકાશયાત્રી ૨૦૪૦ સુધીમાં ચંદ્ર પર પોતાના પદચિહ્ન છોડશે અને કહ્યું કે મંગળ અને શુક્ર ગ્રહ ભારતની ભવિષ્યની અવકાશ મહત્વાકાંક્ષાઓમાં મુખ્ય લક્ષ્યો રહેશે. ભારત માટે અંતરિક્ષનો અર્થ માત્ર શોધખોળ જ નહીં પણ સશક્તિકરણ પણ છે. તેના પર ભાર મૂકતા પ્રધાનમંત્રીએ જણાવ્યું કે અવકાશ ટેકનોલોજી કેવી રીતે શાસનને વધારે છે, આજીવિકામાં સુધારો કરે છે અને પેઢીઓને પ્રેરણા આપે છે. તેમણે દરેક ભારતીયની સુખાકારી સુનિશ્ચિત કરવામાં ઉપગ્રહોની મહત્વપૂર્ણ ભૂમિકાનો ઉલ્લેખ કર્યો, માછીમારોની ચેતવણીઓ, ગતિશક્તિ પ્લેટફોર્મ, રેલવે સલામતી અને હવામાન આગાહીમાં તેમના યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો. તેમણે સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગસાહસિકો અને યુવા દિમાગ માટે અવકાશ ક્ષેત્ર ખોલીને નવીનતાને પ્રોત્સાહન આપવાની ભારતની પ્રતિબદ્ધતા પર ભાર મૂક્યો હતો. તેમણે ધ્યાન દોર્યું કે ભારતમાં હવે ૨૫૦ થી વધુ અંતરિક્ષ સ્ટાર્ટઅપ્સ છે, જે સેટેલાઈટ ટેકનોલોજી, પ્રોપલ્શન સિસ્ટમ્સ, ઈમેજિંગ અને અન્ય અગ્રણી ક્ષેત્રોમાં પ્રગતિમાં યોગદાન આપી રહ્યા છે.

### પાકિસ્તાનને એની જ ભાગલાવાદી માનસિકતા ભારે પડી, અને બની શકે મહાત્મા ગાંધીજીનો નિસાસો પણ ભારે પડ્યો

# ઓપરેશન સિંદુર! અંતે એ તમામ વિધવા ઓના ભૂસાયેલા સિંદુરનો બદલો ભારતે લીધો!



**સદગુરુ વચનામૃત**
સંકલન ફાલ્ગુની વસાવડા (ભાવનગર)

**આપણાં દેશને આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં થયાં અને આપણી જેમ જ પાકિસ્તાનને પણ એ જ રીતે ૭૫ વર્ષ પૂર્ણ થયા! પરંતુ ભારત પ્રગતિને પંથે હરણફાળ ભરી રહ્યું છે, અને પાકિસ્તાન અત્યારે દેવાળું ફુંકી રહ્યું છે, ભારતની ખ્યાતિ દેશ વિદેશમાં અત્યારે કૂદકે ભૂસકે આગળ વધી રહી છે.**

કાશ્મીર ની ૨૨/૪ ની આતંકી દુર્ઘટના ને કારણે માત્ર ભારત નહીં આખા વિશ્વમાં હાહાકાર મચી ગયો, અને વિશ્વના બધાં જ દેશનો એક જ અવાજ હતો, કે આ ઘટનાનો વળતો કરારો જવાબ આપવો જ જોઈએ! અને અમે તમારી સાથે છીએ. રાજકીય રીતે આ ઘટનાને પગલે તાત્કાલિક પગલાં પણ ભરાયા! પાંચ મહત્વનાં નિર્ણય લીધા! આમ પણ આર્થિક રીતે કંગાળ એવું પાકિસ્તાન બધી બાજુથી ફસાયું, કારણ કે ઈસ્લામ ધર્મી બધાં જ દેશો એ પાકિસ્તાનને પોતાના સંગઠન માંથી હાંકી કાઢ્યું! આમ જુવો તો આ વસ્તુ ઘણાં સમય પહેલાં જ થવી જોઈતી હતી! કારણ કે આજે ભારત તો આવતીકાલે બીજો દેશ ! એમ આતંક વધે!; આજ સુધી પાકિસ્તાન સાથે ઘણીવાર સત્તાવાર યુદ્ધ થયું! ૧૯૪૭ માં ભારત આઝાદ થયું ત્યારે હિન્દુ મુસ્લિમ કોમી એખલાસ થયું જેને પ્રથમ ગણીએ તો, ત્યાર પછી ૧૯૬૫ માં લાલ બહાદુર શાસ્ત્રી જ્યારે વડાપ્રધાન હતાં, ત્યારે યુદ્ધ થયું જેને બીજું યુદ્ધ કહેવામાં આવે છે! અને ત્યારે સેનાના કમાન્ડર જે એન ચૌધરી , અર્જુન સિંહ અને જોગીન્દર ધિલ્લોન, હરબક્ષ, ત્યારે જે યુદ્ધ થયું હતું એમાં એમાં પાકિસ્તાન નાં ૩,૭૧૨ ઉપર માર્યા ગયા હતા જ્યાં ૭૫૦૦ જેટલા ઘાયલ થયા. ત્યારબાદ ૧૯૭૧ ઈન્દિરા ગાંધી વડાપ્રધાન હતાં, જેને ત્રીજા યુદ્ધ તરીકે ગણવામાં આવે છે, અને ત્યારે કર્નલ સ્વરણ સિંહ,સામ માણેકશા, જે એસ અરોરા , એસ એન કોહલી અને નિલકાંત કૃષ્ણન,ની બાંહેધરી હેઠળ યુદ્ધ થયું અને આ યુદ્ધમાં ત્યારે ૯૦૦૦ અને ૨૫૦૦૦ ઘાયલ થયા ૯૩૦૦૦ જેટલા તાબે થયા હતાં. આ યુદ્ધ ૧૬ ડિસેમ્બર ૧૯૭૧ મા શરૂ થયું અને એક અઠવાડિયુ અને ૬ દિવસ ચાલ્યું હતું, જેમાં પાકિસ્તાન ના બે ભાગલા પડ્યા અને બાંગ્લાદેશ એક સ્વતંત્ર દેશ તરીકે જુદો પડ્યો. ત્યારબાદ ઘણીવાર છમકલાં થયાં, પણ રાજકીય પક્ષોના અંદરોઅંદરના ટકરાવને કારણે એવો કોઈ જડબેસલાક જવાબ અપાયો નહીં. ત્યારબાદ ૧૯૯૯ માં કારગિલ વોર થઈ, જોકે એને કારગિલ સંઘર્ષ તરીકે ઓળખવામાં આવે છે. કારણકે આમાં ફક્ત કારગિલ ક્ષેત્ર સુધી સિમિત હતું, અને એમાં ભારતીય પાયદળ અને ટેકનું જ યોગદાન હતું. ૧૯૯૯ વખતે ભારતીય વડાપ્રધાન અટલબિહારી વાજપેયી હતાં અને, વેદ પ્રકાશ મલિક આર્મી ચિફ હતાં! આ ઓપરેશન ઓલ ઓ સી થી વારંવાર ઘુસણખોરી માટે હતું! પાકિસ્તાન આર્મી ને ખદેડી ને કરારો જવાબ આપ્યો હતો, માટે આ ઓપરેશન વિજય નામ અપાયું હતું. આપણાં દેશને આઝાદીનાં ૭૫ વર્ષ પૂરાં થયાં અને આપણી જેમ જ પાકિસ્તાનને પણ એ જ રીતે ૭૫ વર્ષ પૂર્ણ થયા! પરંતુ ભારત પ્રગતિને પંથે હરણફાળ ભરી રહ્યું છે, અને પાકિસ્તાન અત્યારે દેવાળું ફુંકી રહ્યું છે. ભારતની ખ્યાતિ દેશ વિદેશમાં અત્યારે કૂદકે ભૂસકે આગળ વધી રહી છે, જ્યારે પાકિસ્તાનને આતંકવાદ મુદ્દે WHO એ ચેતવણી પણ આપી છે, અને આ આતંકવાદનાં મુદ્દે અત્યારે આખા વર્લ્ડમાં લગભગ કોઈ દેશ પાકિસ્તાનનો હાથ પકડવા તૈયાર નથી. તો આપણને વિચાર આવે કે બંને દેશોના વિકાસમાં આટલો બધો તફાવત કેમ? સીધી વાત છે ભારતની સરકારે સરહદે સુરક્ષા વધારી પણ અન્ય દેશોમાં પગપેસારો કરી પોતાની સીમા વધારવી એવું વિચાર્યું નહીં! આ ઉપરાંત જ્યાં પણ સમસ્યા હોય એમાં શાંતિથી સમાધાન એ જ શ્રેષ્ઠ વિકલ્પ છે, એમ સમજાવ્યું અને ભાઈચારાની ભાવના રાખી એની પડખે ઉભું રહ્યું. ભારતની સરકારે ભારતના પ્રજાજનોની સુખ સુવિધા અને સ્વાસ્થ્ય પર નજર રાખી કામ કર્યું, જ્યારે પાકિસ્તાન એ પોતાની સીમા વધારવા માટે સતત આતંકવાદને પોષ્યો! અને એટમ બોમ્બ, પરમાણું બોમ્બ જેવા ઘાતક હથિયારો ખરીદવામાં દેશની પ્રજાનાં રુપિયા વાપરી નાંખ્યા, જ્યારે પ્રજા પ્રત્યેની જવાબદારી નિભાવી નહીં, અને એટલે અન્ય વિકાસમાં પણ પાછળ રહ્યું. પાકિસ્તાનને એમ કે એકવાર કાશ્મીર હાથમાં આવી જાય, પછી અમે વધુ તાકાતવાન છીએ એવી સાબિતી દુનિયાને મળી જશે! અને પછી બધાં અમારા ઈશારે નાચશે, પણ એમની ચાલ એમને જ માથે પડી અને આજે ત્યાંની પ્રજા પણ ભારત તરફી વિચારધારાને અનુસર્યા હોત તો આપણી હાલત આવી ન્હોત! એમ માને છે. આજે વિચારીએ કે ભારત પાકિસ્તાનનાં ભાગલા ન થયાં હોત તો શું આપણો દેશ આટલો વિકાસ કરી શક્યો હોત? કે પછી બંનેની તાકાત એકજૂટ થઈને કંઈક જુદું પરિણામ પણ લાવી શકી હોત! કે પછી ધર્મને નામે વારંવાર કોમી એખલાસ પણ થતાં હોત! શક્યતાની રીતે વિચારીએ તો ઘણું બધું સારું ખરાબ થવાની શક્યતાને નકારી શકાય નહીં, પરંતુ આજે પાકિસ્તાનની પ્રજાની નજરે જોઈએ તો એમને તો એ વાતનો ખૂબ અફસોસ થતો હશે! કે મત મારી ગઈ હતી કે દેશના બટવારા કર્યા! બીજું કંઈ નહીં તો રાષ્ટ્ર પિતા મહાત્મા ગાંધીની અંતર ઈચ્છા ને પણ એ વખતના ભાગલાવાદી માનસે તરછોડી દીધી! અને પાકિસ્તાનને એની જ ભાગલાવાદી માનસિકતા ભારે પડી, અને બની શકે મહાત્મા ગાંધીજીનો નિસાસો પણ ભારે પડ્યો અને એને કારણે આ પરિસ્થિતિ આવીને ઊભી રહી. એમની વિચારધારા એમને મુબારક, આપણે તો વસુધૈવ કુટુંબની ભાવના રાખનાર છીએ! ભગવાન શ્રી રામ અને ભગવાન યોગેશ્વર વાસુદેવ શ્રીકૃષ્ણના વંશજ છીએ, આપણે દ્વેષ ભાવના રાખી શકીએ નહીં કારણ કે એ સનાતન ધર્મની વિરુદ્ધ વાત છે. ઈશ્વર કરે અને એમની સમસ્યાનો હલ નીકળી આવે! અને એ લોકો પણ અમન વિશે વિચારે! કારણ કે વિશ્વ શાંતિ માટે યુદ્ધ નહીં પણ બુદ્ધ બનીએ! એ વિચાર પર એકમત થવું બહુ જરૂરી છે. પણ આટલી વાર નામોશી થવા છતાં પાકિસ્તાનસુધર્યું નહીં, અને કાશ્મીરમાં નિર્દોષ નાગરિકો કે જે ફરવા અર્થે આવ્યાં હતાં એને ટાર્ગેટ બનાવી અને જે આતંક મચાવ્યો એનો ભારતે ઓપરેશન સિંદુર નામ આપી વળતો જવાબ આપ્યો છે.તા ૬/૫ ની રાત્રીએ એર સટ્રાઈક કરી એનાં ૯ આતંકી ઠેકાણા ને ધ્વંસ કર્યા અને ૯૦૦ ઉપર આતંકવાદી ઓનો ખાત્મો બોલાવ્યો જેમાં મોહમ્મદ મસુદ સહિત કેટલાય આતંકવાદના આકાઓ હણાયા. કાશ્મીરમાં આતંકવાદી ઓએ ફરવા નિર્દોષ નાગરિકોને મારી એની પત્નીને કહ્યું કે મોદી ને કહેજે! અને આ બધી વિધવાઓના સિંદુર નો બદલો લેવા માટે ભારતે મોક ડ્રીલની જાહેરાત કરી, પાકિસ્તાની આતંકી સંગઠનો પર હુમલો બોલાવ્યો! ભારત ધારત તો બોર્ડર પર આવેલ ચોકીઓ પર હુમલો કરી શક્યું હોત! પણ ભારતને પાકિસ્તાનના નિર્દોષ નાગરિકો સામે નહીં આતંક સામે વાંધો છે, અને હજી જો પાકિસ્તાન આતંકી પ્રવૃત્તિને નહીં રોકે, તો પછી એને કોઈ બચાવી નહીં શકે! અને આશ્ચર્યની વાત તો ત્યાં છે કે પાકિસ્તાન ભારતીય સેનાની તાકાતને જાણે છે! આજે ભારત પાસે ડિફેન્સને લઈને લેટેસ્ટ સાધનો છે. વિક્રાંત જેવું ઉત્તમ એર ક્રાફટ છે, અને એ ઉપરાંત વિશ્વમાં ક્યાંય ઉપલબ્ધ નથી એવી રોબર્ટ આર્મી પણ છે! અને છતાં પાકિસ્તાન ઉંબાડિયા કર્યા કરવી એ તદ્દન મૂર્ખામી છે! પણ હવે એણે હાથે કરીને પગે કુહાડો માર્યો છે, એટલે એને કોઈ બચાવી નહીં શકે! ગણ્યા ગાંઠ્યા કટ્ટરવાદી સિવાય પાકિસ્તાની નાગરિકો પણ ત્યાંની સરકાર અને આવી આતંકી પ્રવૃત્તિ ઓની વિરુદ્ધ છે! અને છતાં આતંકવાદને આટલું પ્રોત્સાહન મળે છે! એ પણ ચોંકાવનારી બાબત છે. પણ હવે ભારત એને નહીં છોડે! કારણ કે ક્યાં સુધી કોઈ ભાઈચારાને નામે પીઠમાં ખંજર ઘુસાડનારાની આવી વારંવારની કારણ વગરની અવળચંડાઈ સહન કરે ? જય હિન્દ.

### ભગવાનને હાથ જોડવા, એનો અર્થ એ કે મારા હાથે હું સત્કર્મ કરીશ, મસ્તક નમાવવું એનો અર્થ એ કે મારી બુદ્ધિ શક્તિ, હું તમને અર્પણ કરું છું.

# દુકાળ પડયો છે સકળ વિશ્વમાં, પ્રેમ આદર-સન્માનનો જોઈએ દરેકને છે, પણ સન્માન આપવું કોઈને નથી!



**વિશેષ**
યશપાલસિંહ ટી. વાઘેલા (દરબાર ગઢ, થરા)

**જ્ઞાનમાર્ગથી, યોગમાર્ગથી જે ઈશ્વરના આનંદનો અનુભવ થાય છે તે સહેજે આ ભક્તિથી પ્રાપ્ત થાય છે, ભગવાનનું સ્વરૂપ બતાવ્યું છે, ને શ્રીકૃષ્ણને ત્રણે તાપનો નાશ કરનારા કહ્યા છે, દુઃખ એ મનનો ધર્મ છે, આત્માનો નથી, મનુષ્ય દુઃખમાં ઈશ્વરનું સ્મરણ કરે છે, એટલે તેનું પરમાત્મા સાથે અનુસંધાન થાય છે અને આનંદ મળે છે, પરમાત્માનો સ્વભાવ અને સ્વરૂપ અતિશય સુંદર છે.**

ગઈકાલે આપણે સૌએ સર્જિકલ સ્ટ્રાઈક વચ્ચે યુદ્ધમાં કેવી સાવચેતી રાખવી તેનો અભ્યાસ કર્યો ત્યારે આજે આપણે ભગવદ્ ગીતા જ્ઞાનમાં જોઈએ તો ઈશ્વર ખુશીના દરેક દરવાજા બંધ કરીને નથી બેસતો, તકલીફ એ છે કે આપણે જ દુઃખના દ્વાર તરફ મોઢું કરીને બેઠાં હોઈએ છીએ. ભક્તિ મંદિરમાં નહીં પણ જ્યાં બેસો ત્યાં થઈ શકે. તેને માટે દેશ કે કાળની જરૂર નથી.ભક્તિ ચોવીસ કલાક કરવાની. ભક્તિનો કાળ અને ભોગનો કાળ એવો ભેદભાવ રાખે તે ભક્તિ કરી શકતો નથી. ભક્તિ સતત કરો. ચોવીસ કલાક બ્રહ્મસંબંધ રાખો. હંમેશા ખ્યાલ રાખો,સદા સાવધાન કે માયા સાથે સંબંધ ન થાય. જ્યારે વસુદેવજીએ શ્રીકૃષ્ણને મસ્તક ઉપર પધરાવ્યા, ત્યારે બ્રહ્મસંબંધ થયો અને ફટોફટ હાથપગની બેડીઓ તૂટી, પરંતુ યોગમાયા લઈને તરત આવ્યા એટલે બંધન આવ્યું. વસુદેવજીને બ્રહ્મસંબંધ થયો, પરંતુ વસુદેવજી બ્રહ્મસંબંધને ટકાવી શક્યા નહીં. બ્રહ્મસંબંધને ટકાવી રાખો. ઈશ્વર સ્મરણ છોડશો નહીં. વૈષ્ણવો ભગવાન સાથે રમે છે. જીવ જે જે ક્રિયા કરે તે ઈશ્વરને માટે કરે તો તેની પ્રત્યેક ક્રિયા ભક્તિ બને છે. ભક્તિનો વિશેષ સંબંધ મન સાથે છે. જેનાથી મનની ભક્તિ થતી નથી તેને તનથી સેવા કરવાની વિશેષ જરૂર છે. માનસી સેવા શ્રેષ્ઠ છે. સાધુસંતો માનસી સેવામાં તન્મય બને છે. એમ થાય તો જીવ કૃતાર્થ થાય. ભક્તિમાર્ગના આચાર્ય ગોપી છે. તેનો આદર્શ માનસ સમક્ષ રાખવો. જ્ઞાનમાર્ગથી, યોગમાર્ગથી જે ઈશ્વરના આનંદનો અનુભવ થાય છે તે સહેજે આ ભક્તિથી પ્રાપ્ત થાય છે. ભગવાનનું સ્વરૂપ બતાવ્યું છે,ને શ્રીકૃષ્ણને ત્રણે તાપનો નાશ કરનારા કહ્યા છે. દુઃખ એ મનનો ધર્મ છે, આત્માનો નથી. મનુષ્ય દુઃખમાં ઈશ્વરનું સ્મરણ કરે છે.એટલે તેનું પરમાત્મા સાથે અનુસંધાન થાય છે અને આનંદ મળે છે. પરમાત્માનો સ્વભાવ અને સ્વરૂપ અતિશય સુંદર છે. બીજાનું દુઃખ દૂર કરવાનો પરમાત્માનો સ્વભાવ છે.સ્વભાવ અને સ્વરૂપ બંને જેના સુંદર તે ઈશ્વર. વ્યાસજી કહે છે કે, આધ્યાત્મિક, અતિદૈવિક તથા આધિભૌતિક - ત્રણે તાપોનો નાશ કરનાર ભગવાન શ્રીકૃષ્ણને અમે વંદન કરીએ છીએ. ઘણા કહે છે વંદન કરવાથી શું લાભ? વંદન કરવાથી પાપ બળે છે. રાધાકૃષ્ણને વંદન કરશો તો તમારાં સર્વ પાપ-તાપ નષ્ટ થશે,પણ વંદન એકલા શરીર થી નહીં, મનથી પણ કરો, એટલે રાધા કૃષ્ણને હૃદયમાં પધરાવો અને તેમને પ્રેમથી નમન કરો વંદન પ્રભુને બંધનમાં નાખે છે અને તમને બંધન મુક્ત કરે છે. દુઃખમાં સાથ આપે તે ઈશ્વર, સુખમાં સાથ આપે તે જીવ. ઈશ્વર સર્વદા સુઃખમાં જ સાથ આપે છે તેથી તે વંદનીય છે. ઈશ્વરે જેને મદદ કરી છે તેદુઃખમાં જ. પાંડવો દુઃખમાં હતા ત્યાં સુધી શ્રીકૃષ્ણે તેમને મદદ કરી. પાંડવો ગાદી પર બેઠા એટલે શ્રીકૃષ્ણ ત્યાંથી ગયા. ઈશ્વર જેને જેને મળ્યા છે તે દુઃખમાં જ. સુખનો સાથી જીવ અને દુઃખનો સાથી ઈશ્વર છે, એનું સતત મનન કરો. મનુષ્ય પૈસા મેળવવા જેટલો પ્રયત્ન કરે છે, અને દુઃખ સહન કરે છે. તેથી ઓછા પ્રયત્ન જો ઈશ્વર માટે કરે, તો જરૂર તેને ઈશ્વર મળે. કનૈયાજી વગર આમંત્રણેગોપીઓ ને ઘરે જતા હતા, પણ મારે ઘરે તેઓ કેમ આવતા નથી. એમ કદી વિચાર્યું?તમે પણ નિશ્ચય કરો કે હું મારા હાથે એવાં સત્કર્મ કરીશ કે તેઓ મારે ત્યાં આવે. ભગવાનને હાથ જોડવા, એનો અર્થ એ કે મારા હાથે હું સત્કર્મ કરીશ. મસ્તક નમાવવું એનો અર્થ એ કે મારી બુદ્ધિ શક્તિ, હું તમને અર્પણ કરું છું. વંદન એટલે ક્રિયા શક્તિ અને બુદ્ધિશક્તિનું ભગવાનને અર્પણ. વંદન કેવળ વાણીથી કે શરીરથી નહીં, પણ હૃદયથી કરજો. હૃદયથી વંદન કરવાથી ભગવાન સાથે બ્રહ્મ સંબંધ થાય છે. ઘર બહાર નીકળો ત્યારે ઠાકોરજીને વંદન કરી નીકળજો. બહારથી ઘરમાં આવો ત્યારે પણ ઈશ્વરને વંદન કરો. રસ્તે ચાલતાં પણ વંદન કરો. ઈશ્વર સાથે એવો સંબંધ રાખો કે નિત્ય અનુભવ થાય કે ઠાકોરજી હંમેશ મારી સાથે છે.જીવ ઈશ્વર થી થોડી પળ માટે પણ દૂર થાય છે,તો જીવની છાતી ઉપર વિષયો ચઢી બેસે છે. પણ ઈશ્વર સાથે હોય ત્યારે આ વિષયો નું કંઈ ચાલતું નથી.માટે હરેક કાર્યના આરંભમાં પ્રભુને વંદન કરો. પ્રેમથી પરમાત્માને પ્રણામ કરો તો પરમાત્મા પ્રસન્ન થાય છે.પ્રણામ થી પ્રસન્ન થાય તે પરમાત્મા અને પદાર્થથી પ્રસન્ન થાય તે જીવાત્મા. બીજું કાંઈ ન કરો તો પરમાત્માને વારંવાર વંદન કરો. વંદન કરો તો સદભાવથી કરો. પ્રભુએ આપણા ઉપર કેટકેટલા ઉપકાર કર્યા છે! બોલવા જીભ આપી,જોવા આંખ આપી, સાંભળવા કાન આપ્યા, વિચાર કરવા મન આપ્યું, બુદ્ધિ અને વિચારશક્તિ આપી. ઈશ્વરના ઉપકારોને યાદ કરો અને કહો કે મારા પ્રભુએ મારા ઉપર કૃપા કરી છે. પરમાત્માની કૃપાથી હું સુખી છું. મારા પાપ અનંત છે પણ પ્રભુની કૃપા પણ અપાર છે. હું નાલાયક છું,પાપી છું,છતાં ઠાકોર જીએ મને સંપત્તિ, આબરૂ આપ્યાં છે, તેનો બદલો હું આપી શકું તેમ નથી. માત્ર તેમને વંદન કરું છું.વંદન કરવાથી અભિમાન નો ભાર ઓછો થાય છે.ઠાકોર જીમાં બિલકુલ ભાર નથી. કારણ કે તેમનામાં અભિમાન નથી શ્રીકૃષ્ણ બોડાણાની પત્નીની નાકની વાળીથી તોળાયા છે. વ્યાસજીએ ભાગવત નો આરંભ વંદનથી કર્યો છે અને સમાપ્તિ પણ વંદનથી કરી છે. વ્યાસજીએ એકલા શ્રીકૃષ્ણને વંદન કર્યા નથી પણ કહ્યું છે શ્રીકૃષ્ણને, રાધાકૃષ્ણને વંદન કર્યા છે. શ્રી એટલે રાધાજી પરમાત્માને વંદન કર્યા પછી ભાગવતના વક્તા શ્રી શુકદેવજીને વંદન કર્યા છે. પ્રભુ ને વંદન કરો તમારી ક્રિયા શક્તિ અને બુદ્ધિ શક્તિનું પ્રભુને અર્પણ કર્યા બાદ તમારું રહ્યું શું? પછી તો શ્રીકૃષ્ણ કહેને સુઝાડે તે જ કરવાનું. મનુષ્યજીવન થોડું છે અને શાસ્ત્ર નો પાર નથી પરંતુ જે એકને જાણવાથી બધું જાણી લેવાય છે તે એકને એટલે કે ઈશ્વરને જાણો, એટલે સઘળું જાણી જશો. કળિયુગનો માણસ થોડા સમયમાં પણ ભગવાનને પ્રાપ્ત કરી શકે છે એ બતાવ્યું છે ભાગવતશાસ્ત્રે. સુતજી કહે છે કે, સાત દિવસમાં પરીક્ષિતે સદ્ગતિ પ્રાપ્ત કરી એ મેં નજરે જોયું છે.પરીક્ષિતનો ઉદ્ધાર થયો પણ આપણા સર્વનો ઉદ્ધાર કેમ થતો નથી? પરીક્ષિત જેવા શ્રોતા થવું જોઈએ અને વક્તાએ શુકદેવજી જેવા થવું જોઈએ, તો તેમનો ઉદ્ધાર થાય. આપણે સર્વે પરીક્ષિત છીએ. આ જીવ ગર્ભમાં આવ્યો,ત્યારે જેણે મારી રક્ષા કરેલી તે ચતુર્ભુજ સ્વરૂપવાળા પુરુષ ક્યાં છે? ક્યાં છે? એમ વિચારી ઈશ્વરને સર્વમાં જોનાર જીવ એટલે પરીક્ષિત. પરીક્ષિત એટલે ભગવાનનાં દર્શન કરવા માટે આતુર થયેલો છે તેવો જીવ. પરીક્ષિતની આતુરતાનું એક કારણ હતું. તેને ખબર પડી હતી કે સાત દિવસમાં મારું મૃત્યુ થવાનું છે અને તક્ષકનાગ કરડવાનો છે. જીવમાત્રને તક્ષકનાગ કરડવા આવવાનો છે. તક્ષક એ કાળનું સ્વરૂપ છે. કાળ તક્ષક કોઈને છોડતો નથી. તે સાતમે દિવસે જ કરડે છે.વાર સાત છે અને સાત વારમાંથી એક વારે તો અવશ્ય તે કરડવાનો જ.સાતમાંથી કોઈ એક વાર આપણા માટે નક્કી જ છે ને ! તો પરીક્ષિતની જેમ કાળને ભૂલશો નહીં. જીવમાત્રને કાળની બીક લાગે છે, પણ ભાગવત મનુષ્યને નિર્ભય બનાવે છે. ભાગવતમાં લખ્યું છે. ભાગવત સાંભળ્યા પછી પરમાત્મા સાથે પ્રેમ કરે તેને કાળની બીક લાગતી નથી. લોકો મૃત્યુને અમંગળ માને છે, પરંતુ તે અમંગળ નથી. મૃત્યુ એ પરમાત્માનો સેવક છે એટલે તે પણ મંગળ છે. ઠાકોરજીને થાય કે મારો દીકરો લાયક થયો છે કે નહીં તે જોઉં.એટલે મૃત્યુને આજ્ઞા કરે કે જીવને પકડી લાવ. જેને પાપનો વિચાર આવતો નથી તેનું મૃત્યુ અમંગળ થાય છે. અંતકાળમાં મનુષ્યને જે ગભરામણ થાય છે, તે કાળથી નહીં પણ પોતે કરેલાં પાપોની યાદથી થાય છે. પાપ કરતી વખતે મનુષ્ય ડરતો નથી, પણ ડરે છે પાપની સજાનો વખત આવે છે ત્યારે. વ્યવહારમાં લોકો ઉપરીની કે સરકારની બીક રાખે છે, પણ ઈશ્વરની બીક રાખતા નથી, તેથી તે દુઃખી થાય છે.ભાગવત મનુષ્યને નિર્ભય બનાવે છે. નિર્ભયતા ભગવાનનો આશ્રય કરવાથી પ્રાપ્ત થાય છે. થોડા પૈસા ખિસ્સામાં હોય તો મનુષ્યને હિંમત રહે છે, ત્યારે પરમાત્માને નિત્ય સાથે રાખીને ફરે અને નિર્ભય બને તેમાં શું આશ્ચર્ય?ભીતિ વગર પ્રીતિ થતી નથી.કાળ ની-મરણની ભીતિથી પ્રભુમાં પ્રીતિ થાય છે.માટે ધર્મની,કાળની ભીતિ રાખજો મનુષ્ય કાળની બીક રાખે,તો તેના થી પાપ થશે નહીં.કાળની ભીતિ સર્વનો કામનો નાશ કરી ભક્તિમય પ્રેમમય જીવન ગાળે તે કાળ ઉપર વિજય પ્રાપ્ત કરે છે.કામને મારે તે કાળનો માર ખાતો નથી અને ઈશ્વર સાથે પ્રેમ કર્યા વગર કામ ક્રોધ જતા નથી.પરમાત્મા સાથે પ્રેમ કરો એટલે કાળની બીક લાગશે નહીં. ધ્રુવજી મૃત્યુના માથા ઉપર પગ રાખી વૈકુંઠ ધામમાં ગયા છે.કાળ એ જ તક્ષકનાગનું સ્વરૂપ છે. કાળ તક્ષક કોઈને છોડતો નથી. કોઈની ઉપર તેને દયા આવતી નથી, માટે આ જન્મમાં જ કામ ઉપર વિજય મેળવો.જ્યારે જન્મ થાય છે ત્યારે મૃત્યુનો સમય,મૃત્યુ નું કારણ નક્કી કરવામાં આવે છે.પાપ કરવામાં મનુષ્ય જેટલો સાવધ રહે છે તેટલો પુણ્ય કરવા માં રહેતો નથી. પાપ એકાગ્ર ચિત્તથી કરે છે એટલે જ અંતકાળે તેને પાપનું સ્મરણ થાય છે. જીવ ગભરાય છે કે મારું હવે શું થશે? મનુષ્ય સર્વ કાર્ય માટે તૈયારી કરે છે.પણ મરવાની તૈયારી તે કરતો નથી. લગ્નની તૈયારી કરો છો તેમ ધીરે ધીરે મરણની પણ તૈયારી કરજો. મૃત્યુ એટલે પરમાત્માને જીવનનો હિસાબ આપવાનો પવિત્ર દિવસ. ભગવાન પૂછશે કે મેં તને આંખ આપી હતી તેનું તેં શું કર્યું? કાન આપ્યા હતા તેનો શું ઉપયોગ કર્યો? તને તન, મન આપ્યાં હતાં તેનું શું કર્યું? હિસાબમાં ગરબડ હોય તો ગભરામણ થાય. ઈન્કમટેક્ષ ઑફિસરને એક વર્ષનો હિસાબ આપવાનો હોય છે તો પણ મનુષ્ય ગભરાય છે,તો આખા જીવનનો હિસાબ આપતી વખતે કેવી દશા થાય? વાચક ચાહક મિત્રો સૌને જય માતાજી સુપ્રભાત ઉત્તર મધ્ય ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આપણે મેઘરાજા(વરસાદ)ની કાળઝાળ ગરમી બફારામાં કમોસમી પધરામણી જોઈ રહ્યા છીએ ત્યાં પાકિસ્તાનમાં આતંકી કેમ્પો પર સેનાએ સર્જીકલ સ્ટ્રાઈક કરી અબોલ જીવો ખેડૂતોની પ્રાર્થના સાથે મેઘરાજા ખામૈયા કરે અસ્તુ.

# અભિનેતા શાહરૂખને પાછળ છોડી દિલજીત બન્યો મેટ ગાલા 'કિંગ'

## ભલે દિલજીતનો આખો લુક ખૂબ જ રોયલ, પરંતુ પાઘડી પર તેનો પર્સનલ ટચવધુ ખાસ







પંજાબી ગાયક અને અભિનેતા દિલજીત દોસાંઝનો ક્રેઝ આખી દુનિયામાં જોવા મળે છે. એટલા માટે જ જ્યારથી ગાયકે મેટ ગાલામાં પોતાના ડેબ્યૂની જાહેરાત કરી, ત્યારથી દરેક તેના લુકને લઈને ઉત્સાહિત હતા અને હવે દિલજીતનો લુક જાહેર થયો છે. જ્યાં તેઓ મેટમાં પોતાના પદાર્પણ માટે મહારાજા લુકમાં પહોંચ્યા અને પોતાની પંજાબી સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કર્યું. જેને જોયા પછી બોલિવૂડના કિંગ શાહરૂખ ખાનની સ્ટાઈલ પણ ઝાંખી પડી જાય છે.જ્યારથી ૪૧ વર્ષીય પંજાબી આઈકોનના ફોટા અને વીડિયો સામે આવ્યા છે ત્યારથી દરેક વ્યક્તિ તેમના મહારાજા લુકના ચાહક બની ગયા છે. જેમાં તેણે પંજાબી વારસાને દર્શાવવા માટે નાની નાની વિગતોનું પણ ધ્યાન રાખ્યું, જેના કારણે તેનો દેખાવ ખાસ બન્યો. એટલા માટે તેમણે વૈશ્વિક સ્તરે પોતાના પંજાબી રૂટ્સ દર્શાવીને દરેકના દિલ જીતી લીધા.દિલજીતની લક્ઝરી ફેશન ઘણીવાર ચર્ચામાં રહે છે, તેથી તેના મેટ ગાલા ડેબ્યૂ માટે સ્ટાઈલિસ્ટ અભિલાષા દેવનાનીએ તેને પ્રબલ ગુરુંગ દ્વારા બનાવેલ કસ્ટમ પોશાકથી સ્ટાઈલ કર્યો. જ્યાં ગાયકે પટિયાલાના મહારાજા સર ભૂપિન્દર સિંહના ચિત્રોથી પ્રેરિત લુકમાં પંજાબી રાજવી પરિવારની શાહી ભવ્યતા દર્શાવી હતી. મહારાજાની સ્ટાઈલ પદ્ધતિઓ તેમના પોશાકથી લઈને તેમના ઘરેણાં સુધી દરેક વસ્તુમાં સમાવિષ્ટ હતી.દિલજીત અહીં આઈવરી શેરવાની પ્રેરિત અંગરખા પહેરીને પહોંચ્યો હતો. જેને સોનેરી કામથી ખૂબ જ સુંદર રીતે શણગારવામાં આવ્યું છે. જેના કારણે ગરદનના નીચેના ભાગની બોર્ડર હાઈલાઈટ થઈ હતી, જ્યારે બેલ્ટ અને સ્લીવ્ઝના છેડા પર હાથથી ભરતકામ કરેલી ડિઝાઈન તેની સુંદરતામાં વધારો કરતી હતી. ગાયકે તેને એટલી સુંદરતાથી પહેર્યુ કે તેને જોઈને ખરેખર મહારાજા જેવો લાગતો હતો પરંતુ તેની મેચિંગ પાઘડી દેખાવમાં વધુ આકર્ષણ ઉમેરતી હતી.ભલે દિલજીતનો આખો લુક ખૂબ જ રોયલ છે પરંતુ પાઘડી પરના તેના પર્સનલ ટચએ તેને વધુ ખાસ બનાવ્યો. તે હેન્ડ એમ્બ્રોડરી કરેલા ફ્લોરલ બેલથી શણગારેલું હતું અને તેના ડ્રેસની પાછળ પંજાબનો નકશો છે અને તેની સાથે ગુરુમુખી લિપિમાં પંજાબી મૂળ મંત્ર છે - એક ઓમકાર સતનામ કર્તા પુરખ નિર્વૈર અકાલ મુરત અજૂની સૈભં ગુરુપ્રસાદ. જપ. આદિ સચ, જુગાદ સચ, હે ભી સચ, નાનક હોસી ભી સચ.

# ૭૭ વર્ષની અભિનેત્રી મુમતાઝે ચોખ્ખું પરખાવ્યું, હું કોઈની માંનો રોલ નહી કરું



## ૬૦-૭૦ ના દાયકામાં હિન્દી ફિલ્મ ઉદ્યોગની સૌથી પ્રખ્યાત અભિનેત્રીઓમાંની એક હતી



મુમતાઝ ૬૦ - ૭૦ ના દાયકામાં હિન્દી ફિલ્મ ઉદ્યોગની સૌથી પ્રખ્યાત અભિનેત્રીઓમાંની એક હતી. આનો અંદાજ એ વાત પરથી લગાવી શકાય છે કે તેમણે એક વર્ષમાં ૧૦ થી વધુ ફિલ્મોમાં કામ કર્યુ. પરંતુ ૭૦ ના દાયકાના અંત સુધીમાં, મુમતાઝ રૂપેરી પડદા પરથી સંપૂર્ણપણે ગાયબ થઈ ગઈ. તેણી છેલ્લે ૨૦૧૦ ના ડોક્યુડ્રામા ૧ અ મિનિટમાં કેમિયોમાં જોવા મળી હતી. તાજેતરમાં જ તે ફરી એકવાર હેડલાઈન્સમાં આવી છે. તેમણે ફિલ્મોમાં પોતાના પુનરાગમન વિશે વાત કરી. તેણીએ એમ પણ કહ્યું કે તે વૃદ્ધ મહિલાની ભૂમિકા ભજવશે નહીં! બોલિવૂડમાં પોતાના પુનરાગમન વિશે વાત કરતી વખતે, મુમતાઝે વૃદ્ધ વ્યક્તિની ભૂમિકા ભજવવાનો સ્પષ્ટ ઈનકાર કરી દીધો. તેણીએ ઈન્સ્ટન્ટ બોલિવૂડને કહ્યું, 'હું હાલમાં ફિલ્મોમાં નથી... જુઓ, હું કોઈ વૃદ્ધ મહિલાની ભૂમિકા ભજવવાની નથી અને મને મારા દેખાવને અનુરૂપ કોઈ ભૂમિકા ઓફર કરવામાં આવી નથી.' જ્યારે તે થશે ત્યારે હું તેના વિશે વિચારીશ. મને મારા દેખાવ પ્રમાણે ભૂમિકાઓ જોઈએ છે, બસ.'આપ કી કસમ' ની અભિનેત્રીએ આગળ કહ્યું, 'મને જે પ્રકારની ઓફર જોઈતી હતી તે મળી નથી.' હું કોઈની માતાનો રોલ નહીં કરું. આટલું કહ્યા પછી, તે હસવા લાગી અને તેના ચાહકોને ફ્લાઈંગ કિસ પણ આપી.મુમતાઝ હવે ૭૭ વર્ષની છે. જ્યારે તે ૧૧ વર્ષની હતી, ત્યારે તેણે ફિલ્મ 'લાજવંતી' (૧૯૫૮) થી અભિનયની દુનિયામાં પ્રવેશ કર્યો. 'ફૌલાદ' (૧૯૬૩) અને 'ડાકુ મંગલ સિંહ' (૧૯૬૬) માં તેણીને 'સ્ટંટ ફિલ્મ હિરોઈન' તરીકે ટાઈપકાસ્ટ કરવામાં આવી હતી, જેના કારણે તેણીની કારકિર્દી અટકી ગઈ. જોકે, 'રામ ઔર શ્યામ', 'બ્રહ્મચારી' જેવી ફિલ્મોએ તેમને તેમના કરિયરમાં સફળતા અપાવી.ઘણી ફિલ્મો કર્યા પછી, તે ૧૩ વર્ષ સુધી ફિલ્મોથી દૂર રહી. આ નિવૃત્તિ પહેલા, તે ૧૯૯૦ માં 'અંધિયાં' માં જોવા મળી હતી. અભિનયમાંથી નિવૃત્તિ લીધા પછી, મુમતાઝ તેના પતિ અને યુગાન્ડાના ઉદ્યોગપતિ મયુર માધવાણી સાથે લંડનમાં સ્થાયી થઈ. તેમને બે દીકરીઓ છે. તેમની એક પુત્રી, નતાશા, ના લગ્ન ૨૦૦૬માં ફિરોઝ ખાનના પુત્ર ફરદીન ખાન સાથે થયા હતા. મુમતાઝને ૫૪ વર્ષની ઉંમરે સ્તન કેન્સર હોવાનું નિદાન થયું હતું.

### બેંગલુરુમાં સોનુ નિગમ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે

# તમારા માટેનો મારો પ્રેમ મારા અહમ કરતા પણ વધુ મોટો છે : સોનુ નિગમ

## હું કર્ણાટકમાં થતા દરેક સંગીત કાર્યક્રમ માટે તૈયાર કરું છું : સોનુ

બેંગલુરુમાં સોનુ નિગમ વિરુદ્ધ કેસ નોંધવામાં આવ્યો છે. તેમના પર એક કોન્સર્ટમાં કન્નડ સમુદાયની લાગણીઓને ઠેસ પહોંચાડવાનો આરોપ છે. આવી સ્થિતિમાં, સોનુ નિગમે સોશિયલ મીડિયા પર એક નિવેદન જારી કરીને કન્નડ સમુદાયની માફી માંગી છે.ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરતી વખતે સોનુ નિગમે લખ્યું - 'માફ કરશો કર્ણાટક.' તમારા માટેનો મારો પ્રેમ મારા ગર્વ કરતાં પણ મોટો છે. હું તને હંમેશા પ્રેમ કરું છું. અગાઉ, અભિનેતાએ એક લાંબી પોસ્ટ પોસ્ટ કરીને સ્પષ્ટતા આપી હતી. તેમણે કન્નડ સમુદાય પ્રત્યેની પોતાની દેશભક્તિ અને પ્રેમ વિશે વાત કરી. અગાઉ એક પોસ્ટમાં, ગાયકે લખ્યું હતું - 'નમસ્તે, મેં ફક્ત કર્ણાટકમાં જ નહીં પરંતુ વિશ્વમાં ગમે ત્યાં ભાષા, સંસ્કૃતિ, સંગીત, સંગીતકારો, રાજ્ય અને લોકોને ઘણો પ્રેમ આપ્યો છે. હકીકતમાં, મેં હિન્દી સહિત અન્ય ભાષાઓના ગીતો કરતાં મારા કન્નડ ગીતોને વધુ માન આપ્યું છે. મારી પાસે કલાકોથી વધુ કન્નડ ગીતો છે જે હું કર્ણાટકમાં થતા દરેક સંગીત કાર્યક્રમ માટે તૈયાર કરું છું : સોનુ આના પુરાવા તરીકે સોશિયલ મીડિયા પર સેંકડો વીડિયો છે.સોનુ નિગમે આગળ કહ્યું, 'મારી પાસે કલાકોથી વધુ કન્નડ ગીતો છે જે હું કર્ણાટકમાં થતા દરેક સંગીત કાર્યક્રમ માટે તૈયાર કરું છું.' જોકે, હું કોઈના અપમાનને સહન કરવાનો યુવાન નથી. હું ૫૧ વર્ષનો છું, મારા જીવનના બીજા તબક્કામાં છું, અને મને નારાજ થવાનો અધિકાર છે કે મારા પુત્ર જેવો નાનો વ્યક્તિ ભાષાના નામે હજારો લોકોની સામે મને સીધી ધમકી આપે છે, તે પણ કન્નડમાં, જે મારા કામની દ્રષ્ટિએ મારી બીજી ભાષા છે. તે પણ સંગીત કાર્યક્રમમાં મારા પહેલા ગીત પછી!ગાયકે ધમકી આપનારા છોકરાઓ વિશે આગળ કહ્યું- 'તેણે બીજા કેટલાક લોકોને ઉશ્કેર્યા.' તેના પોતાના લોકો શરમાઈ ગયા અને તેને ચૂપ રહેવા કહ્યું. મેં તેમને ખૂબ જ નમ્રતા અને પ્રેમથી કહ્યું કે શો હમણાં જ શરૂ થયો છે, આ મારું પહેલું ગીત છે અને હું તેમને નિરાશ નહીં કરું, પરંતુ તેમણે મને મારા આયોજન મુજબ કોન્સર્ટ ચાલુ રાખવા દેવો પડશે. દરેક કલાકારે ગીતોની યાદી તૈયાર કરી છે જેથી સંગીતકારો અને ટેકનિશિયન સંકલન કરી શકે. પરંતુ તેઓ હંગામો મચાવવા અને મને ભયંકર ધમકી આપવા માટે તૈયાર હતા. મને કહો કે આમાં કોણ દોષિત છે?સોનુ નિગમે પછી લખ્યું- 'દેશભક્ત હોવાને કારણે હું એવા બધા લોકોને નફરત કરું છું જેઓ ભાષા, જાતિ કે ધર્મના નામે નફરત ફેલાવવાનો પ્રયાસ કરે છે, ખાસ કરીને પહેલગામમાં જે બન્યું તે પછી મારે તેમને સમજાવવા પડ્યા અને મેં તેમ કર્યુ અને હજારો વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ આ માટે મને આવકાર્યો.' વાત પૂરી થઈ ગઈ અને મેં એક કલાકથી વધુ સમય સુધી કન્નડ ગાયું. આ બધું સોશિયલ મીડિયા પર છે.છેલ્લે ગાયકે લખ્યું - 'હું કર્ણાટકના સમજદાર લોકો પર છોડી દઉં છું કે તેઓ અહીં કોણ દોષિત છે તે નક્કી કરે.' હું તમારા નિર્ણયને નમ્રતાથી સ્વીકારીશ. મને કર્ણાટકની કાયદા અમલીકરણ એજન્સીઓ અને પોલીસ પર સંપૂર્ણ આદર અને વિશ્વાસ છે અને હું મારી પાસેથી જે પણ અપેક્ષા રાખું છું તેનું પાલન કરીશ. મને કર્ણાટક તરફથી દૈવી પ્રેમ મળ્યો છે અને તમારો નિર્ણય ગમે તે હોય, હું તેને હંમેશા કોઈપણ દ્વેષ વિના જાળવી રાખીશ.

**મારી પાસે કલાકોથી વધુ કન્નડ ગીતો છે જે હું કર્ણાટકમાં થતા દરેક સંગીત કાર્યક્રમ માટે તૈયાર કરું છું : સોનુ**



# અજય એક-બે નહી સાત સુપરહિટ ફિલ્મોની સિક્વલ્સ સાથે ધૂમ મચાવશે

## અભિનેતા અજય દેવગનની ફિલ્મ 'શૈતાન' ૨૦૨૪ માં રિલીઝ થઈ હતી






અજય દેવગન પાસે એક પછી એક સુપરહિટ ફિલ્મોની સિક્વલ પાઈપલાઈનમાં છે. 'રેડ ૨' પછી, તે ૭ ફિલ્મોની સિક્વલ્સ સાથે ધૂમ મચાવશે, જેની યાદી અહીં પ્રસ્તુત કરવામાં આવી છે.બોલિવૂડ અભિનેતા અજય દેવગનની તાજેતરમાં રિલીઝ થયેલી ફિલ્મ 'રેડ ૨' સિનેમાઘરોમાં હિટ બની છે. આ ફિલ્મ દરરોજ બોક્સ ઓફિસ પર જોરદાર કલેક્શન કરી રહી છે. 'રેડ ૨' એ ૨૦૧૮ માં આવેલી ફિલ્મ 'રેડ' ની સિક્વલ છે, જે અજય દેવગનના કરિયરની સુપરહિટ ફિલ્મોમાંની એક છે. 'રેડ ૨' પછી પણ, અભિનેતા પાસે એક પછી એક કુલ ૭ સુપરહિટ ફિલ્મોની સિક્વલ પાઈપલાઈનમાં છે. અજય દેવગનની હોરર-થ્રિલર ફિલ્મ 'શૈતાન' ૨૦૨૪ માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મ સાઉથ ફિલ્મ 'વશ' ની રિમેક હતી 'રેડ ૨' એ ૨૦૧૮ માં આવેલી ફિલ્મ 'રેડ' ની સિક્વલ છે, જે અજય દેવગનના કરિયરની સુપરહિટ ફિલ્મોમાંની એક છે જે બોક્સ ઓફિસ પર બ્લોકબસ્ટર રહી હતી. 'શૈતાન' ના શાનદાર કલેક્શન પછી, નિર્માતાઓએ ફિલ્મ 'શૈતાન ૨' ની સિક્વલની જાહેરાત કરી છે.રોહિત શેટ્ટીની કોપ યુનિવર્સ ફિલ્મ 'સિંઘમ' ના બે ભાગ બોક્સ ઓફિસ પર હિટ રહ્યા હતા. પરંતુ ત્રીજો ભાગ ખરાબ રીતે ફ્લોપ ગયો. આમ છતાં, 'સિંઘમ ૪' બનાવવાની તૈયારીઓ ચાલી રહી છે, જેના દ્વારા અજય દેવગન ફરી એકવાર પોલીસ યુનિફોર્મમાં સ્ક્રીન પર પાછા ફરશે. રોમેન્ટિક-કોમેડી ફિલ્મ 'દે દે પ્યાર દે' વર્ષ ૨૦૧૯ માં રિલીઝ થઈ હતી. આ ફિલ્મમાં અજય દેવગન સાથે તબ્બુ અને રકુલપ્રીત સિંહ પણ હતા. ફિલ્મની સફળતા પછી, હવે અજય ફિલ્મ 'દે દે પ્યાર દે ૨' ની સિક્વલ લાવી રહ્યા છે. હાલમાં ફિલ્મની રિલીઝ તારીખ વિશે કોઈ માહિતી નથી. અજય દેવગને ૨૦૧૨ માં રિલીઝ થયેલી એક્શન-કોમેડી ફિલ્મ 'સન ઓફ સરદાર' દ્વારા પોતાના ચાહકોનું ખૂબ મનોરંજન કર્યુ હતું. હવે અભિનેતા ૧૩ વર્ષ પછી ફિલ્મનો બીજો ભાગ લાવવા જઈ રહ્યા છે. જોકે, 'સન ઓફ સરદાર ૨' ની રિલીઝ તારીખ હજુ સુધી જાહેર કરવામાં આવી નથી.કોમેડી ફિલ્મ 'ધમાલ' ના ચાર ભાગ પહેલાથી જ દર્શકોને હાસ્યથી ભરી દીધા છે. હવે અજય દેવગન 'ધમાલ ૪'ની તૈયારીમાં વ્યસ્ત છે. જોકે, આ ફિલ્મ અંગે બહુ અપડેટ્સ બહાર આવ્યા નથી. અજય દેવગનની ફિલ્મ 'ગોલમાલ'ની બધી જ સિક્વલ બોક્સ ઓફિસ પર હિટ રહી છે. જબરદસ્ત સફળતા પછી, અજય દેવગન ખૂબ જ ટૂંક સમયમાં ફિલ્મની પાંચમી સિક્વલ લાવવાની તૈયારી કરી રહ્યા છે.

**'રેડ ૨' એ ૨૦૧૮ માં આવેલી ફિલ્મ 'રેડ' ની સિક્વલ છે, જે અજય દેવગનના કરિયરની સુપર હિટ ફિલ્મો માંની એક છે**

# સિંગર રાહુલ વૈદ્યએ સોશિયલ મીડિયા પર ક્રિકેટર વિરાટ કોહલીને કહ્યાં જોકર

## બીજી એક પોસ્ટમાં રાહુલે જણાવ્યું છે કે વિરાટ કોહલીના ફેન્સ, તમે બધા મને ગાળો આપી રહ્યા છો





સિંગર રાહુલ વૈદ્યએ સોશિયલ મીડિયા પર એક વીડિયો શેર કર્યો છે જેમાં તેઓ ક્રિકેટર વિરાટ કોહલી અને તેના ફેન્સને જોકર કહેતાં જોવા મળી રહ્યા છે. હાલમાં સોશિયલ મીડિયા પર આ મામલો એકદમ ગરમાયો છે. આ આખા બબાલના મૂળમાં એક્ટ્રેસ અવનીત કૌરનો ફોટો હોવાનું કહેવાય છે, જેને વિરાટ કોહલીએ લાઈક કર્યો હતો. હાલમાં જ આવા કેટલાક વિવાદોમાં સોનુ નિગમ, અનુરાગ કશ્યપ સહિતના અનેક સ્ટાર્સનું નામ ઉછાળવામાં આવ્યું હતું. હકીકતમાં એક્ટ્રેસ અવનીત કૌરના ફોટોને વિરાટ કોહલીએ લાઈક કર્યો હતો. જોકે, જેવા આ સમાચાર સોશિયલ મીડિયા પર પ્રસારિત થયા કે વિરાટ કોહલીએ સ્પષ્ટતા કરતી પોસ્ટ શેર કરતાં જણાવ્યું હતું કે આ એક ટેક્નિકલ ગ્લિચને કારણે થયું હતું.હવે આ બાબતે સિંગર રાહુલ વૈદ્યએ કમેન્ટ કરતાં જણાવ્યું હતું કે હું કહેવા માંગુ છું કે આજ પછી એવું બની શકે છે અલ્ગોરિદમ ઘણા બધા ફોટો લાઈક કરી શકે છે જે મેં લાઈક નથી કર્યા. જે પણ છોકરી હોય તે આ મુદ્દે પીઆર ના કરે, કારણ કે આ મારી ભૂલ નથી. આ ઈન્સ્ટાગ્રામની ભૂલ છે. ઈન્સ્ટાગ્રામે આ બધુ કર્યુ છે. મેં નથી કર્યુ.બીજી એક પોસ્ટમાં રાહુલે જણાવ્યું છે કે વિરાટ કોહલીના ફેન્સ, તમે બધા મને ગાળો આપી રહ્યા છો, ઠીક છે. પરંતુ તમે મારી પત્ની અને મારી બહેનને પણ ગાળો આપી રહ્યા છો, જેમનું આની સાથે કોઈ લેવા દેવા નથી. હું સાચો હતો. તમે બધા વિરાટ કોહલીના ફેન્સ જોકર છો. બે ટકાના જોકર્સપઅત્રે ઉલ્લેખનીય છે કે રાહુલ વૈદ્યને વિરાટ કોહલીએ હાલમાં જ ઈન્સ્ટાગ્રામ પર બ્લોક કર્યા હતા. આ સિવાય સોનુ નિગમ પણ પહલગામ આંતકવાદી હુમલા પર ટિપ્પણી કરીને, બેંગ્લોર કોન્સર્ટને કારણે ચર્ચામાં રહી ચૂક્યા છે અને એ પહેલાં અનુરાગ કશ્યપ પણ જ્યોતિબા ફૂલે પર આવેલી ફિલ્મ પર વિવાદાસ્પદ ટિપ્પણી કરીને વિવાદોમાં ફસાઈ ચૂક્યા હતા.

# સૈન્યની બહાદુરીના કર્યા વખાણ, ઓપરેશન સિંદૂરને બોલિવૂડ સેલિબ્રિટીઓએ વધાવ્યો

પહલગામ આતંકવાદી હુમલાનો બદલો લેતા ભારતે પાકિસ્તાનને જડબાતોડ જવાબ આપ્યો છે. ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન તથા Pkoમાં કૂલ ૯ ઠેકાણા પર એરસ્ટ્રાઈક કરી છે. ભારતીય સેનાએ રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓના ઠેકાણા પર હુમલો કર્યો હતો. એ કેમ્પ પર હુમલો કરવામાં આવ્યો છે જ્યાંથી પહલગામ હુમલાનું કાવતરું ઘડાયું હતું.પ્રાપ્ત માહિતી પ્રમાણે આ હુમલામાં જૈશ-એ-મોહમ્મદના ચાર આતંકવાદી ઠેકાણા, લશ્કર-એ-તૈયબાના ત્રણ અને હિઝબુલ મુજાહિદ્દીનના બે આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવામાં આવ્યા છે. આ ઓપરેશનને ભારતીય વાયુસેના, ભારતીય સેના અને ભારતીય નૌકાદળ દ્વારા સંયુક્ત રીતે અંજામ આપવામાં આવ્યો છે. 'ઓપરેશન સિંદૂર'ને દેશવાસીઓએ સપોર્ટ કરતા ભારતીય સેનાની બહાદુરીને સલામ કરી છે. બીજી તરફ બોલિવૂડ સેલિબ્રિટીએ પણ સેના દ્વારા કરવામાં આવેલી એરસ્ટ્રાઈકના સફળ થવા પર ખુશી વ્યક્ત કરી છે. તમામે જય હિન્દના નારા લગાવતા ભારતીય સૈન્યની બહાદુરીના વખાણ કર્યા છે. ફિલ્મમેકર મધુર ભંડારકરની પ્રતિક્રિયા પણ સામે આવી છે. તેમણે લખ્યું- 'અમારી પ્રાર્થનાઓ સેના સાથે છે. એક રાષ્ટ્ર, આપણે સાથે ઉભા છીએ. જય હિન્દ, વંદે માતરમ.'અભિનેત્રી નિમરત કૌરે ઈન્સ્ટા પર ઓપરેશન સિંદૂર પર પ્રતિક્રિયા આપી અને લખ્યું- અમે અમારી સેના સાથે છીએ. આપણો દેશ, એક મિશન, જય હિન્દ. પરેશ રાવલ, અનુપમ ખેર, વિનીત કુમાર સિંહ અને રાહુલ વૈદ્યની પણ પ્રતિક્રિયા સામે આવી છે.

**ભારતીય સેનાએ રાત્રે લગભગ ૧:૩૦ વાગ્યે પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓના ઠેકાણા પર હુમલો કર્યો હતો**



# મોરબી જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫માં સગર્ભા, બાળકો સહિત ૪૭,૧૧૨ લોકોનું રસીકરણ કરાયું

## મેડીકલ કોલેજ, ૨ સબ ડીસ્ટ્રીક્ટ હોસ્પિટલ, ૫ સામુહિક આરોગ્ય કેન્દ્ર, ૩૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૬ અર્બન હેલ્થ સેન્ટર, ૨૨૪ આયુષ્માન આરોગ્ય મંદિરમાં થાય છે રસીકરણની કામગીરી

। (માહિતી) મોરબી, તા.૭ ।



રસીકરણ એટલે સુરક્ષા કવચ, કોઈપણ રોગ કે બીમારીને મૂળમાંથી નાબૂદ કરવા તેમજ રોગ થાય પહેલા જ તેનું નિવારણ એટલે રસીકરણ. સરકાર દ્વારા રસીકરણને વિશેષ મહત્વ આપવામાં આવે છે અને તે બાબતે લોકોને જાગૃત કરવા માટે પણ રસીકરણ અભિયાન જેવા વિવિધ પ્રયાસો કરવામાં આવે છે. મોરબી જિલ્લામાં પણ જિલ્લા વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા રસીકરણ માટે અનેકવિધ આયોજન કરવામાં આવે છે. મોરબી જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫ માં સમગ્ર વર્ષ દરમિયાન સગર્ભા તેમજ બાળકો મળી કુલ ૪૭,૧૧૨ લોકોનું રસીકરણ કરવામાં આવ્યું હતું.

આરોગ્ય સેવાઓ વધુ સુલભ, સુગમ અને આધુનિક બનાવવા સરકાર સતત પ્રયત્નશીલ છે, ત્યારે દરેક વ્યક્તિને અત્યાધુનિક આરોગ્ય સેવાઓ મળી રહે તેવા ઉમદા હેતુ સાથે સરકાર કામગીરી કરી રહે છે. ઘર ઘર અને જન જન સુધી આરોગ્ય સેવા સુગમ બનાવવાનો સરકારનો હેતુ સાર્થક બની રહ્યો છે. આજે રસીકરણ સીમાડે અને છેવાડે પહોંચ્યુ છે દરેકને રસીકરણનું સુરક્ષા કવચ પ્રદાન કરવાના ભગીરથ કાર્યમાં સરકારને સફળતા સાંપડી છે. મોરબીમાં આરોગ્યકર્મીઓ અને આશાવર્કર બહેનો દ્વારા ઘરે ઘરે જઈને લોકોને રસીકરણ માટે જાગૃત કરવામાં આવે છે. ક્યાંક છૂટા છવાયા કસબામાં નિવાસ કરતા કે સ્થળાંતર કરતા લોકો પણ રસીકરણથી વંચિત ન રહી જાય તે માટે આરોગ્યકર્મીઓ અને આશાવર્કર બહેનો સતત પ્રયાસરત રહે છે.

આરોગ્ય વિભાગ દ્વારા મોરબી જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫ માં રસીકરણ દ્વારા વર્ષ દરમિયાન સઘન રસીકરણ દ્વારા ૨૪૩૨૮ સગર્ભાને ધનુરની રસી સાથે ૨૨૭૮૪ બાળકો મળી ૪૭,૧૧૨ લોકોનું સંપૂર્ણ રસીકરણ કરવામાં આવ્યું છે

રસીકરણ એ અનેક જીવલેણ અને ગંભીર બીમારી સામે રક્ષણ નું અમોઘ શસ્ત્ર છે. ભૂતકાળ માં આપણે શીતળા નો રોગ સઘન રસીકરણની કામગીરી થી નાબુદ કરી શકયા છીએ અને પોલીયો ફ્રી ભારત ને બનાવી શક્યા છીએ. મોરબી જિલ્લામાં ગ્રામ્ય અને શહેરી કક્ષાએ ૧ GMERS મેડીકલ કોલેજ, ૨ સબ ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, ૫ સામુહિક આરોગ્ય કેન્દ્ર, ૩૦ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, ૬ અર્બન હેલ્થ સેન્ટર, ૨૨૪ આયુષ્માન આરોગ્ય મંદિર (સબ સેન્ટર) તેમજ ગ્રામ્યકક્ષાએ દરેક આંગણવાડી કેન્દ્રમાં રસીકરણની કામગીરી કરવામાં આવે છે.

નવજાત શિશુ અને બાળકોમાં થતા બાળરોગોનું માંદગી પ્રમાણ અને મરણના પ્રમાણને અટકાવવા માટે રસીકરણ મહત્વની ભૂમિકા ભજવે છે. માતા સગર્ભા બને ત્યારથી જ તેમની નિયમિત મુલાકાત અને આરોગ્ય તપાસ કરવામાં આવે છે. સગર્ભાવસ્થા દરમ્યાન ધનુર(TD)ની રસીના બે ડોઝ આપવામાં આવે છે. બાળકને જન્મ સમયે હિપેટાઈટીસ-બી, ઝીરો પોલીયો અને B.C.G.ની રસી આપવામાં આવે છે. બાળક દોઢ માસનું થાય ત્યારે પ્રથમ ડોઝ પોલીયો, પેન્ટાવેલેન્ટ, રોટા વાયરસ, F-IPV, PCV ની રસી આપવામાં આવે છે. બાળક અઢી માસનું થાય ત્યારે બીજો ડોઝ પોલીયો, પેન્ટાવેલેન્ટ, રોટા વાયરસની રસી આપવામાં આવે છે. બાળક સાડા ત્રણ માસનું થાય ત્યારે ત્રીજો ડોઝ પોલીયો, પેન્ટાવેલેન્ટ, રોટા વાયરસની રસી અને F-IPV અને PCV નો બીજો ડોઝ આપવામાં આવે છે અને બાળક નવ માસ નું થાય ત્યારે ઓરી-રૂબેલાનો પ્રથમ ડોઝ, F-IPV અને PCV નો ત્રીજો ડોઝ અને વિટામીન-છ નો પ્રથમ ડોઝ આપવામાં આવે છે.

# ભારે વાવાઝોડા અને વરસાદના કારણે આણંદમાં જુદી જુદી જગ્યાએ ઝાડ પડી જતા તાકિદે હટાવી રસ્તાઓ ખુલ્લા કરતું આણંદ જિલ્લા વહીવટી તંત્ર



। (માહિતી) આણંદ, તા.૭ ।

આણંદ જિલ્લામાં ગતરોજ હવામાનમાં અચાનક પલટો આવતા જિલ્લામાં શહેરી વિસ્તારમાં તથા ગ્રામ્ય વિસ્તારમાં ઘણા રસ્તાઓ ઉપર ઝાડ પડી ગયા હતા તથા ઝાડની ડાળીઓ નમી જતા લોકોને અવરજવર માટે મુશ્કેલી ઊભી થઈ હતી. આ ઉપરાંત ઘણી જગ્યાએ વીજ થાંભલા નમી પડ્યા હતા.

આણંદ જિલ્લા કલેકટરશ્રી પ્રવીણ ચૌધરીએ એકશન મોડમાં ત્વરીત કાર્યવાહી હાથ ધરી હતી. તેમના માર્ગદર્શન હેઠળ તાકીદે વિવિધ વિભાગોનું સંકલન કરીને ટીમ બનાવીને કાર્યવાહી કરવામાં આવી હતી. આ ટીમોમાં માર્ગ અને મકાન વિભાગ, ફાયર વિભાગ, વન વિભાગ, વીજ કંપનીની ટીમ બનાવીને સંયુક્ત રીતે કામગીરી હાથ ધરાતા જે રસ્તાઓ ઉપર ઝાડ પડ્યા હતા તે રસ્તાઓ યુદ્ધના ધોરણે ૦૮ જેટલા જેસીબી મશીનનો ઉપયોગ કરીને રસ્તા પૂર્વવત કરવામાં આવ્યા હતા.

અત્રે ઉલ્લેખનીય છે કે,ભારે વરસાદ અને વાવાઝોડા જેવી પરીસ્થિતીમાં આણંદ જિલ્લામાં વિવિધ તાલુકાઓમાં કુલ ૬૭ જેટલા વૃક્ષો ધરાશય થઈને રોડ પર પડ્યા હતા.જેને તંત્ર દ્વારા તાત્કાલીક ધોરણે દૂર કરીને રસ્તોઓ વાહન વ્યવહાર માટે ખુલ્લા કરવામાં આવ્યા હતા.

પૂર્વવત કરાયેલ રસ્તોઓની વિગતો જોઈએ તો બાંધણી ચોકડી વલેટવા રોડ, પેટલાદ નડિયાદ રોડ, સોજીત્રા ડભોઉં રોડ, ઉમરેઠ રોડ, ખંભાત રોડ, પેટલાદ ધર્મજ ચોકડી રોડ, પેટલાદ નડિયાદ રોડ, આણંદ, બોરસદ રોડ ઉપર અને ગ્રામ્ય વિસ્તારમાં પણ ઝાડ નમી પડ્યા હતા તથા ઝાડની ડાળીઓ નમી પડી હતી તેને તાત્કાલિક રીતે વિવિધ વિભાગોની ટીમ બનાવીને રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા છે. હાલ જિલ્લામાં કોઈપણ રસ્તો બંધ નથી, તેમ માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરશ્રી હિતેશ ગઢવી દ્વારા જણાવવામાં આવ્યું છે.

# બીલવાણી સહિત ઝાલોદ તાલુકામાં ૨૦ થી વધુ વીજ પોલ ધરાશાય





તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

MGVCL લીમડીના અધિકારી દ્વારા આપેલ માહિતી મુજબ ગતરોજ રાત્રિથી હાલ સુધીમાં લીમડી MGVCL હેઠળ આવતા ગ્રામ્ય વિસ્તારોમાં ૨૦ થી વધુ વીજ પોલ ધરાશાય થયા.ભારે પવન સાથે આવેલા વાવાઝોડાના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં ૨૦ થી વધુ વીજ પોલ ધરાશાય થયા. જેમાં MGVCL લીમડી ના કર્મચારીઓને જાણ કરાતા અધિકારીઓ અને કર્મચારીઓ તાત્કાલિક તમામ સ્થળો પર જઈ સમારકામ કામગીરી હાથ ધરવામાં આવી.

# ઝાલોદ એમ.જી.વી.સી.એલની વરસતા વરસાદ વચ્ચે સરાહનીય કામગીરી

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।

ઝાલોદ નગર તેમજ તેમાં સમાવિષ્ટ અલગ અલગ ગ્રામીણ વિસ્તારોને છેલ્લા બે દિવસમા વાવાઝોડા અને વરસાદે બાનમાં લીધો હતો. કમોસમી વરસાદ અને વાવાઝોડા થી અનેક વિસ્તારોમાં થાંભલા પડી ગયેલા હતા તેથી અનેક વિસ્તારોમાં વીજ પુરવઠો ખોરવાયો હતો. પરંતુ ઝાલોદ એમ.જી.વી.સી.એલના મેનેજર વસૈયાની આગવી સૂઝબુઝ થી દરેક એમ.જી.વી.સી.એલના ગ્રાહકોને લાઈટ પૂરવઠો સતત મળતો રહે તે માટે તેમની ટીમ વરસતા વરસાદમાં પણ સતત કામગીરી કરી રહેલ હતી. વરસતા વરસાદમાં અસંખ્ય વીજ ફોલ્ટ શોધી તત્કાલ વીજ પુરવઠો મળી રહે તે માટે એમ.જી.વી.સી.એલના કામદારો સતત કાર્યશીલ રહેલ હતા અને નગર તેમજ આજુબાજુના વિસ્તારોમાં વીજ લાઈન ફોલ્ટ શોધી ચાલુ કરવામાં આવેલ હતી. ઝાલોદ નગરના લોકો વરસતા વરસાદ વચ્ચે એમ.જી.વી.સી.એલની કામગીરી ને વખાણી હતી.

# આહાર અને નિંદ્રા તો પ્રત્યેક જીવ લે છે, સદ્‌ગુણો સાથે જીવાતું જીવન જ સાર્થક જીવન છે : આચાર્ય દેવવ્રતજી



। ગાંધીનગર, તા.૭ ।

મહાતપસ્વી આચાર્ય મહાશ્રમણજીએ બનાસની ધરતી પર કર્ણાવતી હાઈસ્કૂલ પાલનપુર ખાતે પોતાનો ૬૪ મો જન્મદિવસ ઉજવ્યો હતો. આ પ્રસંગે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીએ મહાતપસ્વી મહાશ્રમણજીને જન્મદિવસની શુભકામના પાઠવીને ગુજરાત રાજ્યની સુખાકારી માટેના આશીર્વાદ મેળવ્યા હતા. શ્રી જૈન શ્વેતાંબર તેરાપંથ સંઘના મહાતપસ્વી આચાયશ્રી મહાશ્રમણજીનું ૨૩ વર્ષ પછી આજે બનાસની ભૂમિ પર આગમન થયું છે.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, માનવ જીવનમાં અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ, કરુણા, દયા, પરોપકાર આદિ ગુણો સાથે જે જીવન જીવે છે તે જીવન જ સાર્થક જીવન કહેવાય. આહાર અને નિંદ્રા તમામ જીવ લે છે. આમાં ધર્મ માનવને અલગ પાડે છે. ધર્મ એટલે પોતાના કર્તવ્યનું પાલન કરવું. પ્રાણી પ્રત્યે દયાનો ભાવ, સહિષ્ણુતા, કરુણાનો ભાવ રાખવો જોઈએ. સંન્યાસ ધર્મનું પાલન કરતી વખતે પ્રાણીમાત્રની ભલાઈ સાથે જીવન સમર્પિત કરવું જોઈએ. પોતાનામાં પોતાનો ભાવ તો જોવા મળે છે પરંતુ મહાન લોકો બીજાનામાં પણ પોતાના ભાવ સાથે આગળ વધે છે.

# ભારતીય માનવ બ્યુરો સુરત શાખા કાર્યાલય દ્વારા "સ્ટાન્ડર્ડ ક્લબ" ના ૧૮૦૦ વિદ્યાર્થીઓને ઔદ્યોગિક મુલાકાત કરાવવામાં આવી




। (માહિતી) સુરત, તા.૭ ।



ભારતીય માનક બ્યૂરો સુરત શાખા કાર્યાલય(ગ્રાહક બાબતો,ખાદ્ય અને જાહેર વિતરણ મંત્રાલય ભારત સરકાર) દ્વારા સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત ૨૪ સુમન શાળાઓ, સનફ્લાવર સ્કૂલ-ગોડાદરા, શારદા વિદ્યાલય-ઈચ્છાપુર, વિદ્યાદીપ સ્કૂલ- અણીતા અને એકલવ્ય મોડલ રેસિડેન્સી સ્કુલ ઈન્દુ વ્યારા મળીને ૩૦ જેટલી સ્ટાન્ડર્ડ ક્લબની શાળાઓના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને "યુરો ઈન્ડિયા ફૂડ્સ પ્રાઈવેટ લિમિટેડ- હજીરા"ની ઔદ્યોગિક મુલાકાત કરાવવામાં આવી હતી.

આ ઔદ્યોગિક મુલાકાતમાં ૧૮૦૦ થી વધુ વિદ્યાર્થીઓ અને ૧૦૦ થી વધુ શિક્ષકો જોડાયા હતા. આ સ્ટાન્ડર્ડ ક્લબના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને કઈ રીતે પ્રોડક્ટ બને છે અને તેમાં ભારતીય માનક બ્યુરોની ભાગીદારી કઈ રીતે હોય છે તેની માહિતી આપવામાં આવી હતી. આ ઉપરાંત અલગ-અલગ સ્ટાન્ડર્ડ અને માનક ચિન્હોની જાણકારી અપાઈ હતી. ઔદ્યોગિક મુલાકાત પૂર્ણ કર્યા બાદ ક્વિઝ કોમ્પિટિશનનું પણ આયોજન કરાયું હતું.જેમાં વિજેતા બનેલા વિદ્યાર્થીઓને મોમેન્ટો આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા. આ સમગ્ર કાર્યક્રમ ભારતીય માનક બ્યૂરો સુરત શાખાના વરિષ્ઠ નિયામક અને વડા એસ.કે.સિંહના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યો હતો.

## વડાપ્રધાન નરેન્દ્ર મોદીને બહુ ઉપસ્થિત લોકોએ અભિનંદન પાઠવ્યા

# ઝાલોદ સનાતન હિન્દુ ધર્મ સમિતિ દ્વારા પાકિસ્તાન પર ભારત દ્વારા કરવામાં આવેલ હુમલાને મીઠાઈ વહેંચી વધાવી લીધું

## પાકિસ્તાન હાય હાય, ભારત માતા કી જય જેવા નારા લગાવી ઓપરેશન સિંદૂર ને નગરજનોએ વધાવી લીધું

। (પ્રતિનિધી) ઝાલોદ, તા.૭ ।



તસ્વીર : પંકજ પંડિત, ઝાલોદ

ભારત દેશની સેના એ ૦૬-૦૫-૨૦૨૫ ના રોજ મધ્યરાત્રિ ૧:૪૫ વાગે પાકિસ્તાન સ્થિત ઈસ્લામિક આતંકવાદી પર જે હુમલો કર્યો તેને ઝાલોદ નગરના સનાતન હિન્દુ ધર્મ સમિતિએ મીઠાઈ વહેંચી વધાવી લીધું હતું. ભારતીય વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા ઓપરેશન સિંદૂર નામથી પાકિસ્તાન સ્થિત નવ જેટલા આતંકવાદી કેમ્પો પર હુમલા કર્યા હતા જેમાં અંદાજીત ૯૦ જેટલા આતંકવાદીઓ મરી ગયેલ હોવાના સમાચાર મળેલ છે. ઝાલોદ નગરના લોકોએ જે પાકિસ્તાની પ્રેરિત આતંકવાદીઓ દ્વારા પહલગામમા ધર્મ પૂછી જે નિર્દોષ ૨૬ જેટલા હિન્દુઓની હત્યા કરી હતી તેના વિરુદ્ધ ન્યાય મેળવવા મોદી સરકાર પાસે આખા ભારત દેશ દ્વારા અપીલ કરવામાં આવી હતી તેને લઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા પાકિસ્તાન સ્થિત આતંકવાદી કેમ્પો પર હુમલો કર્યો હતો તેને આખા દેશના લોકોએ વધાવી લીધો હતો. નિર્દોષ હિન્દુ જે વિધવા થઈ હતી તેમના સિંદૂરનો બદલો લેવા ભારત સરકાર દ્વારા આ ઓપરેશનનુ નામ પણ સિંદૂર રાખવામાં આવ્યું હતું તેમજ નિર્દોષ માર્યા ગયેલ હિંદૂ ઓનો બદલો આજે પુરો થયેલ હતો. ઝાલોદ નગરના લોકોએ મીઠાઈ વહેંચી પાકિસ્તાન મુર્દાંબાદ, ભારત માતા કી જય, હિન્દુસ્તાન જિન્દાબાદ, વંદે માતરમ્ જેવા નારા લગાવી ઓપરેશન સિંદૂરને વધાવી લીધો હતો. ઝાલોદ નગરના લોકોએ કહ્યું હતું કે આતો ફક્ત ઝાંખી છે હજુ પણ કડક કાર્યવાહી કરી પાકિસ્તાન સ્થિત ઈસ્લામિક આતંકવાદને જડમૂળ થી પૂરું કરવા માંગ કરી હતી.

# ગીર ગાય આધારિત ખેતી : પોરબંદરના મહિલા ખેડૂત સમજુબેનની પ્રેરણાદાયક ખેતીની યશગાથા

। પોરબંદર, તા.૭ ।

ગુજરાત રાજ્યના રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની પ્રેરણાથી ગુજરાત રાજ્યમાં પ્રાકૃતિક કૃષિ અભિયાન જોરશોરથી અમલમાં મૂકાયું છે. આ અભિયાન હેઠળ રાજ્યભરના અનેક ખેડૂતો રસાયણમુક્ત ખેતી તરફ વળતાં સર્જનાત્મક કદમ લઈ રહ્યા છે અને કૃષિ ક્ષેત્રે નવી દિશા તરફ આગળ વધી રહ્યા છે.

આ અભિયાનની સફળતાનું ઉત્તમ ઉદાહરણ પોરબંદર જિલ્લાના સોઢાણા ગામની મહિલા ખેડૂત શ્રીમતી સમજુબેન કારાવદરા છે. તેઓ છેલ્લા સાત વર્ષથી ગીર ગાય આધારિત, સંપૂર્ણ રીતે રસાયણમુક્ત અને પ્રાકૃતિક ખેતીમાં સંલગ્નછે.તેઓપાસેપાંચગીરગાયછે,જેનાઆધાર પર તેઓ આશરે ૫૦ વિઘા જમીન પર પ્રાકૃતિક પદ્ધતિથી ખેતી કરે છે.

તેમના દ્વારા ઉત્પાદિત દૂધ, છાસ અને ઘી જેવી ઉત્તમ ક્વોલિટીવાળી ઊપજને 'ગુરુદેવ' બ્રાન્ડ હેઠળ બજારમાં ઉપલબ્ધ કરાવવામાં આવે છે. ખાસ કરીને ગીર ગાયના દૂધમાંથી બનાવવામાં આવતું ઘી રૂ. ૧૬૦૦ પ્રતિ કિલોની ઊંચી કિંમતે વેચાય છે, જે તેની ગુણવત્તાની પુષ્ટિ આપે છે.

# આજનું રાશિ ભવિષ્ય.....



**મેષ (અ,લ,ઇ) :**

આજે તમારે મહત્વના નિર્ણયો લેવા પડશે- જે તમને તાણગ્રસ્ત તથા ખૂબ જ નર્વસ કરી મુકશે. તમારૂં અવાસ્તવિક આયોજન નાણાંના વેડફાટમાં પરિણમશે. તમારી જીભ પર કાબૂ રાખો કેમ કે તમારા શબ્દોથી તમારા વડીલોની લાગણી દુભાઈ શકે છે. બકવાસ કરીને સમય વેડફવા કરતાં શાંત રહેવું વધુ સારૂં છે. યાદ રાખો આપણે અર્થપૂર્ણ પ્રવૃત્તિઓ દ્વારા જ આપણા જીવનને અર્થસભર બનાવીએ છીએ.



**વૃષભ (બ,વ,ઉ) :**

આજના દિવસે દરેક વ્યક્તિની વાત સાંભળો શક્ય છે કે તમને એમાંથી તમારી સમસ્યાનો ઉકેલ મળી જાય. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે. પૌત્ર-પૌત્રી તથા દોહિત્ર-દોહિત્રી અત્યંત આનંદનો સ્રોત બનશે. મતભેદોને કારણે અંગત સંબંધો તૂટી શકે છે.



**મિથુન (ક,છ,ઘ) :**

આજે અનયોની ટીકા કરવામાં તમારો સમય વેડફશો નહીં, કેમ કે તેની અસર તમારા સ્વાસ્થ્ય પર પડી શકે છે. નવા સંપર્કો કદાચ લાભદાયી લાગશે પણ અપેક્ષા મુજબના લાભ નહીં લાવે- નાણાં રોકવાની વાત આવે ત્યારે ઉતાવળા નિર્ણયો ન લેવામાં જ સાર છે. સામાજિક કાર્યક્રમોમાં હાજર રહેવાની તકો મળવાની શક્યતા છે-જે તમને વગદાર લોકોના નિકટ સંપર્કમાં લાવી શકે છે.



**કર્ક (ડ,હ) :**

આજના દિવસે સવારે કરવામાં આવેલ યોગ તથા ધ્યાન તમને સ્વસ્થ રહેવામાં તથા માનસિક રીતે ફિટ રહેવામાં મદદ કરશે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારૂં પ્રિયપાત્ર વચનબદ્ધતાની અપેક્ષા રાખશે.



**સિંહ (મ,ટ) :**

સારા જીવન માટે તમારૂં સ્વાસ્થ્ય અને સમગ્રતઃ વ્યક્તિત્વ સુધારવાનો પ્રયત્ન કરો. તમે જેને પ્રેમ કરે છો એવા લોકો પાસેથી ભેટ મેળવવા અથવા તેમને આપવા માટે મંગળકારી દિવસ. સાવધાન રહો કેમ કે કોઈક તમારી છબીને બટ્ટો લગાડવાની કોશિષ કરી શકે છે. ઓફિસ માં આજ તમારે સ્થિતિ ને સમજી ને વર્તન કરવું જોઈએ? જો બોલવાનું જરૂરી ના હોય તો શાંત રહો.



**કન્યા (પ,ઠ,ણ) :**

આજે તમારી રમૂજવૃત્તિને ઊંચી તથા તમારા બચાવને નીચો રાખશો તો તમે કટુ ટિપ્પણીઓથી બચવા માટે સારી સ્થિતિમાં રહેશો. નાણાંનો અચાનક આવેલો પ્રવાહ તમારા બિલ તથા નિકટના ખર્ચને પહોંચી વળવામાં તમારી મદદ કરશે. એવો દિવસ જ્યારે કામનું દબાણ ઓછું હશે અને તમે પરિવારના સભ્યો સાથે તમારો સમય માણશો. તમારો પ્રેમ સંબંધ જાદુઈ થઈ રહ્યો છે, બસ તેની અનુભૂતિને માણો.



**તુલા (ર,ત) :**

આજે તમારી અંગત સમસ્યા તમારા માનસિક આનંદને બરબાદ કરી શકે છે પણ તમારી જાતને કંઈક રસપ્રદ વાંચનમાં સાંકળશો તો આ દબાણ સાથે અનુકુલન સાધવામાં તમને સરળતા પડશે. એક નવો આર્થિક સોદો પાર પડશે અને નાણાંનો નવો ધોધ વહેતો થશે. જો આખા પરિવારનો સમાવેશ થતો હોય તો મનોરંજન ખરેખર રસપ્રદ સાબિત થશે.



**વૃશ્ચિક (ન,ય) :**

આજના દિવસે તમારા વ્યસ્ત સમયપત્રક છતાં સ્વાસ્થ્ય સારૂં રહેશે પણ તમારા જીવનને હળવાશથી લેતા નહીં, જીવનની દરકાર જ સત્ય હકીકત છે એ બાબત અનુભવજો. આર્થિક બાબતોમાં સુધારો ચોક્કસ થશે. સાંજના સમયે એકાએક મળેલા સારા સમાચાર આખા પરિવાર માટે ખુશી તથા હર્ષોલ્લાસ લાવશે. ગુપ્ત બાબતો તમારી પ્રતિષ્ઠાને હાનિ કરી શકે છે.



**ધન (ભ,ધ,ફ) :**

આજે કોઈ વાત પર નિરાશ ન થાવ. રાત્રી ના સમયે આજે તમને ધન લાભ થવા ની પૂરી શક્યતા છે કે કેમ કે તમારા દ્વારા આપેલું ધન આજે પાછું આવી શકે છે. તમારી સિદ્ધિઓ તમારા પરિવારના સભ્યોનું મનોબળ વધારશે અને તમારી પ્રતિષ્ઠામાં એક નવા ઘરેણાનો વધારો થશે. તમારી જાતને અન્યો માટે રૉલ મૉડેલ બનાવવા માટે સખત મહેનત કરો.



**મકર (ખ,જ) :**

આજ ના દિવસે તમારે તેવા મિત્રો થી બચવા ની જરૂર છે જે ઉધાર લે તો છે પરંતુ પાછું નથી કરતા? કામનું ટૅન્શન તમારા મગજને ઘેરી વળશે જેને કારણે તમારી પાસે પરિવાર તથા મિત્રો માટે સમય નહીં બચે. તમારૂં પ્રેમ જીવન આજે તમને કશુંક ખરેખર અદભુત આપશે. વ્યાપારી ભાગીદારો સહકારપૂર્વક વર્તશે અને તમે સાથે મળીને અધૂરાં કાર્યો પૂરાં કરશો.



**કુંભ (ગ,શ,સ) :**

આજે પારિવારિક સમસ્યાઓ તમારી પત્ની સાથે શૅર કરજો. એકમેક સાથે થોડોક સમય વિતાવજો જેથી તમે શોધી શકો અને તમારી જાતને ફરી ફરી યાદ દેવડાવી શકો કે તમે પ્રેમાળ દંપત્તિ છો. તમારા સંતાનો પણ ઘરમાં ખુશી, શાંતિ તથા સંવાદિતાના સ્પંદનો ઝીલી શકશે. આ બાબત તમને એકબીજા સાથેના વર્તનમાં સારી એવી સ્વયંસ્ફૂર્તતા અને આઝાદી આપશે.



**મીન (દ,ચ,ઝ,થ) :**

આજના મનોરંજનમાં રમતગમતની પ્રવૃત્તિઓ તથા બાહ્ય કાર્યક્રમોનો સમાવેશ થવો જોઈએ. આર્થિક જીવન ની સ્થિતિ આજે સારી નહિ કહી શકાય? જયારે બચત કરવા માં મુશ્કેલી આવી શકે છે. સંબંધીઓ તથા મિત્રો તરફથી અણધારી ભેટ અને સોગાદો. આખા બ્રહ્માંડની તમામ ખુશીઓ એ બે વ્યક્તિઓ વચ્ચે હોય છે જેઓ એકમેકના પ્રેમમાં હોય છે.

## ન્યૂઝ બ્રિફ

### આશા રાખું છું કે ટૂંક સમયમાં સમાપ્ત થાય : ડોનાલ્ડ ટ્રમ્પ



। (એજન્સી) વોશિંગ્ટન, તા.૭ ।

ભારતીય સેનાએ ઓપરેશન સિંદૂર હેઠળ પાકિસ્તાન તથા Pkoમાં એરસ્ટ્રાઈક કરી છે. જે બાદ અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મોટું નિવેદન આપ્યું છે. મીડિયા સાથે વાતચીતમાં તેમણે કહ્યું છે, કે 'હું ઓફિસમાં આવ્યો અને હમણાં જ સમાચાર મળ્યા. કંઈક થવાનું હતું એ તો સૌ કોઈને અંદાજ હતો જ. હું આશા રાખું છું કે આ ટૂંક સમયમાં સમાપ્ત થશે. બંને દેશો ઘણા સમયથી લડી રહ્યા હતા.' બીજી તરફ અમેરિકાના વિદેશમંત્રી માર્કો રૂબિયોએ કહ્યું છે કે હું ભારત અને પાકિસ્તાનની પરિસ્થિતિ પર સતત નજર રાખી રહ્યો છે. શાંતિ સ્થાપના માટે બંને દેશોના નેતાઓ સાથે વાતચીત કરીશું. અમેરિકાના વિદેશ મંત્રાલયનો દાવો છે કે ભારતીય NSA અજિત ડોભાલે અમેરિકાના NSA સાથે વાતચીત પણ કરી છે. ભારતીય સેનાએ કુલ ૯ ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી છે. ભારતીય સેનાએ પુષ્ટિ કરી છે કે પાકિસ્તાની સૈન્ય સુવિધા પર નહીં પરંતુ આતંકવાદીઓના ઠેકાણા પર સફળ એરસ્ટ્રાઈક કરવામાં આવી છે. એરસ્ટ્રાઈક બાદ ભારતીય સેનાએ ટ્વિટ કરીને જાણકારી આપતા કહ્યું છે, કે 'ન્યાય થયો, જય હિન્દ'. ભારતીય સેનાએ કોટલી, બહાવલપુર, મુઝફ્ફરાબાદ પર મિસાઈલથી હુમલો પણ કર્યો છે. ભારતની એરસ્ટ્રાઈક બાદ પાકિસ્તાને સરહદ પર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે જેનો BSF જડબાતોડ જવાબ આપી રહી છે. પ્રાથમિક અહેવાલો અનુસાર ભારતીય સેનાએ મુખ્યત્વે આતંકવાદી સંગઠન જૈશ-એ-મહોમ્મદ અને લશ્કરના ઠેકાણાઓને નિશાને લીધા હતા.

### સમગ્ર ગાઝાને કબજામાં લેવાની યોજનાને ઈઝરાયેલી કેબિનેટની મંજૂરી

। (એજન્સી) તેલ અવિવ, તા.૭ ।

ઈઝરાયેલે સમગ્ર ગાઝા પટ્ટીને કબ્જામાં લઈ લેવાની યોજનાને બહાલી આપી છે. એટલું જ નહિ એ પછી પેલેસ્ટાઈનના આ પ્રદેશમાં અનિશ્ચિત કાળ સુધી રોકાઈ જવાની પણ યોજના છે. હવે આ યોજનાને અમલમાં મુકવા માટે ઈઝરાયેલ તેના હુમલા વધારે તેવી સંભાવના છે. જોકે તેની સાથે સાથે તેને આંતરરાષ્ટ્રીય વિરોધનો પણ સામનો કરવો પડે તેમ છે. ઈઝરાયેલની કેબિનેટના મંત્રીઓએ સોમવારે સવારે મતદાનથી યોજનાને બહાલી આપી હતી. લશ્કરી વડાએ કહ્યું હતું કે સેનાએ હજારો રિઝર્વ સૈનિકોને બોલાવી લીધા છે. અધિકારીઓ માને છે કે આ નવી યોજનામાં હમાસને પરાસ્ત કરવા અને ગાઝામાં બનાવવામાં આવેલા બંધકોને મુક્ત કરાવવાનો હેતુ સામેલ કરાયો છે. આની સાથે સાથે હજારો પેલેસ્ટાઈન્સને દક્ષિણ ગાઝામાં લઈ જવાનું કહેવામાં આવ્યું છે. તે કદાચ તેમના બળજબરીથી વિસ્થાપન સમાન હશે અને પહેલાથી જ ભયાનક માનવતાવાદી સંકટને વધુ વધારશે. જોકે એક અન્ય અધિકારીનું કહેવું છે કે અમેરિકી પ્રમુખ ટ્રમ્પ મધ્ય-પૂર્વ દેશોમાં તેમની આગામી મહિનાની યોજના પૂરી કરે તે પછી જ સમગ્ર યોજના પાર પાડવામાં આવશે.

### એરસ્ટ્રાઈક બાદ પાકિસ્તાનના પીએમની ધમકી

# 'અમારા પર યુદ્ધ થોપવામાં આવ્યું, જેનો જવાબ આપીશું'

## પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે ચાલાક દુશ્મને પાકિસ્તાનના પાંચ વિસ્તારો પર કાયરતાપૂર્વક હુમલો કર્યો છે

। (એજન્સી) ઈસ્લામાબાદ, તા.૭ ।

પહલગામ આતંકવાદી હુમલાનો જવાબ આપતા ભારતે ઓપરેશન સિંદૂર શરૂ કર્યું અને પાકિસ્તાનને તેની જ ભાષામાં જવાબ આપ્યો હતો. આ બાબતે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફે કહ્યું હતું કે ચાલાક દુશ્મને પાકિસ્તાનના પાંચ વિસ્તારો પર કાયરતાપૂર્વક હુમલો કર્યો છે. ભારતે જે યુદ્ધ લાદવાનો પ્રયાસ કર્યો છે તેનો પાકિસ્તાનને કડક જવાબ આપવાનો સંપૂર્ણ અધિકાર છે, અને અમે તે જવાબ આપવા જઈ રહ્યા છીએ. આખો દેશ તેની સેના સાથે ઉભો છે. આપણી સેના અને લોકોનું મનોબળ ઊંચું છે. પાકિસ્તાની સેના અને લોકો દુશ્મનનો સામનો કેવી રીતે કરવો તે સારી રીતે જાણે છે. અમે દુશ્મનના દુષ્ટ ઈરાદાઓને ક્યારેય સફળ થવા દઈશું નહીં. પહલગામમાં થયેલા આતંકવાદી હુમલા પછી કરવામાં આવેલા ભારતના હવાઈ હુમલા અંગે પાકિસ્તાનની અંદર ખળભળાટ મચી ગયો છે. ભારતીય સેનાએ મંગળવારે મોડી રાત્રે પાકિસ્તાનમાં નવ આતંકવાદી




ઠેકાણાઓ પર હવાઈ હુમલો કર્યો હતો, જે ભારતીય વાયુસેના દ્વારા કરવામાં આવ્યો હતો. ભારતે કહ્યું કે આ કાર્યવાહી આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવીને કરવામાં આવી હતી, જેનો ઉદ્દેશ્ય આતંકવાદીઓની પ્રવૃત્તિઓને રોકવાનો હતો અને પાકિસ્તાન સામે યુદ્ધ છેડવાનો નહોતો. ભારતીય સંરક્ષણ મંત્રાલય દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે, "ઓપરેશન સિંદૂરનો એકમાત્ર ઉદ્દેશ્ય આતંકવાદી ઠેકાણાઓને નિશાન બનાવવાનો હતો જ્યાંથી ભારત વિરુદ્ધ આતંકવાદી હુમલાઓનું આયોજન કરવામાં આવી રહ્યું હતું." મંત્રાલયે સ્પષ્ટતા કરી કે ભારતનો ઉદ્દેશ્ય યુદ્ધ નથી પરંતુ તે આતંકવાદ વિરોધી કાર્યવાહી છે.આ હવાઈ હુમલો પાકિસ્તાનના બહાવલપુર, કોટલી અને મુઝફ્ફરાબાદ જેવા વિવિધ વિસ્તારોમાં કરવામાં આવ્યો હતો. આ વિસ્તારોમાં સ્થિત ૯ આતંકવાદી ઠેકાણાઓ પર લક્ષિત હુમલા કરવામાં આવ્યા હતા, જેમાં ભારતીય વાયુસેનાએ સચોટ હુમલો કર્યો હતો. આ હુમલા બાદ ભારતે પાકિસ્તાનને ચેતવણી આપી હતી કે જો આવી ઘટનાઓ ચાલુ રહેશે તો કડક કાર્યવાહી કરવામાં આવશે.આ ઘટનાથી બંને દેશો વચ્ચે તણાવ વધુ વધ્યો છે અને પાકિસ્તાને ભારતના આ પગલાનો વિરોધ કર્યો છે અને તેને તેની સાર્વભૌમત્વનું ઉલ્લંઘન ગણાવ્યું છે. ભારતે સ્પષ્ટતા કરી છે કે આ કાર્યવાહી આતંકવાદ વિરુદ્ધ છે, અને તેનો ઉદ્દેશ્ય પાકિસ્તાન સાથે યુદ્ધ નથી. ભારતીય સંરક્ષણ મંત્રાલયના નિવેદન પછી એ પ્રશ્ન પણ ઉભો થયો છે કે શું આ કાર્યવાહી બંને દેશો વચ્ચે સંભવિત સંઘર્ષની શરૂઆત છે.

### LoC પર ફાયરિંગમાં ત્રણ ભારતીયોના નિધન

## ભારતે એરસ્ટ્રાઈક કરતાં પાકિસ્તાને બેબાકળા થઈ સીઝફાયર તોડ્યું

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

પહલગામ આતંકવાદી હુમલા બાદથી જ ભારતીય સેના આતંકવાદીઓ વિરુદ્ધ કડક કાર્યવાહી કરશે તેની રાહ જોવાઈ રહી હતી. એવામાં સેનાના બહાદુર જવાનોએ 'ઓપરેશન સિંદૂર' પાર પાડ્યું છે અને પાકિસ્તાનમાં ઘૂસીને આતંકવાદીઓના ઠેકાણા ધ્વસ્ત કરવામાં આવ્યા છે. ભારતની કડક કાર્યવાહી બાદ પાકિસ્તાને બેબાકળા થઈ LoC પર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે. સરહદ પર ગોળીબારમાં ભારતના ત્રણ નાગરિકોના નિધન થયાની ભારતીય સેના દ્વારા પુષ્ટિ કરવામાં આવી છે. ભારતીય સેના પણ પાકિસ્તાનની આ નાપાક હરકતનો જડબાતોડ જવાબ આપી રહી છે. સરહદ વિસ્તારમાં ઘણા નાગરિકો બંકરમાં આશરો લઈ રહ્યા છે. ભારતીય સેનાએ કુલ ૯ ઠેકાણાઓ પર એરસ્ટ્રાઈક કરી છે. ભારતીય સેનાએ પુષ્ટિ કરી છે કે પાકિસ્તાની સૈન્ય સુવિધા પર નહીં પરંતુ આતંકવાદીઓના ઠેકાણા પર સફળ એરસ્ટ્રાઈક કરવામાં



આવી છે. એરસ્ટ્રાઈક બાદ ભારતીય સેનાએ ટ્વિટ કરીને જાણકારી આપતા કહ્યું છે, કે 'ન્યાય થયો, જય હિન્દ'. ભારતીય સેનાએ કોટલી, બહાવલપુર, મુઝફ્ફરાબાદ પર મિસાઈલથી હુમલો પણ કર્યો છે. ભારતની એરસ્ટ્રાઈક બાદ પાકિસ્તાને સરહદ પર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યું છે જેનો BSF જડબાતોડ જવાબ આપી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી વરિષ્ઠ અધિકારીઓ સાથે સતત ઓપરેશન સિંદૂર પર નજર રાખી રહ્યા છે. પ્રાથમિક અહેવાલો અનુસાર ભારતીય સેનાએ મુખ્યત્વે આતંકવાદી સંગઠન જૈશ-એ-મહોમ્મદ અને લશ્કરના ઠેકાણાઓને નિશાને લીધા હતા.

### એરસ્ટ્રાઈક બાદ દેશભરમા એલર્ટ

## ઈન્ડિગો અને એર ઈન્ડિયા દ્વારા ઘણી ફ્લાઈટ્સ રદ કરવામાં આવી

। (એજન્સી) નવી દિલ્હી, તા.૭ ।

પહેલગામ આતંકવાદી હુમલા બાદ, ભારતે મંગળવારે મોડી રાત્રે આતંકવાદ વિરુદ્ધ ઓપરેશન સિંદૂર શરૂ કર્યું. આ ઓપરેશન હેઠળ, ભારતીય વાયુસેનાએ પાકિસ્તાન અને પીઓકે સ્થિત ૯ આતંકવાદી ઠેકાણાઓ પર હવાઈ હુમલા કર્યા. આ પછી, સાવચેતીના પગલા તરીકે, શ્રીનગર એરપોર્ટને સામાન્ય લોકો માટે બંધ કરી દેવામાં આવ્યું છે. ઉપરાંત, એર ઈન્ડિયાએ બપોરે ૧૨ વાગ્યા સુધી તેની બધી ફ્લાઈટ્સ રદ કરી દીધી છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ભારતીય સેના દ્વારા પાકિસ્તાન અને પીઓકેમાં આતંકવાદી છાવણીઓ પર હવાઈ હુમલો કર્યા બાદ સાવચેતીના પગલા તરીકે શ્રીનગર એરપોર્ટ નાગરિકો માટે બંધ કરી દેવામાં આવ્યું છે. અધિકારીઓના જણાવ્યા અનુસાર, ત્રણેય દળોએ સાથે મળીને ઓપરેશન સિંદૂર ચલાવ્યું. એર ઈન્ડિયાએ એક સલાહકાર કહ્યું કે,



'વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, એર ઈન્ડિયાએ ૭ મેના રોજ બપોરે ૧૨ વાગ્યા સુધી જમ્મુ, શ્રીનગર, લેહ, જોધપુર, અમૃતસર, ભૂજ, જામનગર, ચંદીગઢ અને રાજકોટની બધી ફ્લાઈટ્સ આગામી આદેશ સુધી રદ કરી દીધી છે.'એરલાઈન કંપનીએ જણાવ્યું હતું કે અમૃતસર જતી બે આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ્સ દિલ્હી મોકલવામાં આવી રહી છે. આ અણધાર્યા વિક્ષેપને કારણે થયેલી અસુવિધા બદલ અમે દિલગીર છીએ. દરમિયાન, ઈન્ડિગોએ તેના મુસાફરો માટે એક સલાહકાર જારી કર્યો છે અને મુસાફરોને તેમની મુસાફરી શરૂ કરતા પહેલા ફ્લાઈટ સંબંધિત માહિતી એકત્રિત કરવા વિનંતી કરી છે.

## બેવડી નાગરિકતા કેસમાં રાહુલ ગાંધીને હાઈકોર્ટમાંથી રાહત

### કોર્ટે કર્ણાટકના ભાજપ કાર્યકર અરજદાર એસ વિગ્નેશ શિશિરને કહ્યું કે તેઓ અન્ય વૈકલ્પિક કાનૂની ઉપાયો અપનાવવા માટે સ્વતંત્ર છે



। (એજન્સી) લખનૌ, તા.૭ ।

કોંગ્રેસ નેતા અને સાંસદ રાહુલ ગાંધીની નાગરિકતા અંગે દાખલ કરાયેલી અરજી પર અલ્હાબાદ હાઈકોર્ટની લખનૌ બેન્ચે એક મહત્વપૂર્ણ આદેશ જારી કર્યો છે. કોર્ટે ભારત સરકારને બે અઠવાડિયામાં રાહુલ ગાંધીની નાગરિકતા અંગે નિર્ણય લેવા અને અરજદારને જાણ કરવાનો નિર્દેશ આપ્યો છે.ન્યાયાધીશ એ.આર. મસૂદી અને રાજીવ સિંહની બેન્ચે જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર અરજદારની ફરિયાદના નિરાકરણ માટે કોઈ સમય મર્યાદા આપી શકતી નથી, તેથી આ અરજીને પેન્ડિંગ રાખવાનું કોઈ વાજબી કારણ નથી. કોર્ટે કર્ણાટકના ભાજપ કાર્યકર અરજદાર એસ વિગ્નેશ શિશિરને કહ્યું કે તેઓ અન્ય વૈકલ્પિક કાનૂની ઉપાયો અપનાવવા માટે સ્વતંત્ર છે. ૨૧ એપ્રિલના રોજ થયેલી છેલ્લી સુનાવણીમાં શિશિરે કોર્ટને જણાવ્યું હતું કે કેન્દ્રએ યુકે સરકારને પત્ર લખીને કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીના બ્રિટિશ નાગરિકતા હોવાના દાવાઓ અંગે માહિતી માંગી છે. જે બાદ કોર્ટે કેન્દ્રને આદેશ કરીને ૧૦ દિવસમાં તેનો રિપોર્ટ માંગ્યો હતો. કોર્ટે કર્ણાટકના ભાજપ કાર્યકર અરજદાર એસ વિગ્નેશ શિશિરને કહ્યું કે તેઓ અન્ય વૈકલ્પિક કાનૂની ઉપાયો અપનાવવા માટે સ્વતંત્ર છે, અરજદાર એસ વિગ્નેશ શિશિર વતી બેન્ચ સમક્ષ દલીલ કરવામાં આવી હતી કે તેમની પાસે બ્રિટિશ સરકારના ઘણા દસ્તાવેજો અને કેટલાક ઈમેલ છે, જે સાબિત કરે છે કે રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક છે. આ કારણોસર, તેઓ ચૂંટણી લડવા માટે અયોગ્ય છે અને લોકસભા સભ્યપદ માટે પણ લાયક નથી.

## બદલાતી પિચ-બિનઅસરકારક બોલિંગ નિષ્ફળતાનું કારણ: ઉનડકટ

। (એજન્સી) અમદાવાદ, તા.૭ ।

આઈપીએલ ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટમાં શુક્રવારે ગુજરાત ટાઈટન્સ સામે સનરાઈઝર્સનો ૩૮ રનથી પરાજય થયો હતો. અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ગુજરાતના ૨૨૪ રનનો સ્કોર પાર કરવામાં હૈદરાબાદની ટીમ નિષ્ફળ રહી હતી. આ અંગે હૈદરાબાદના ઝડપી બોલર અને સૌરાષ્ટ્રની રણજી ટ્રોફી ચેમ્પિયન ટીમના કેપ્ટન જયદેવ ઉનડકટે ટીમની કંગાળ બોલિંગ અને વારંવાર બદલાતી પિચને કારણભૂત દર્શાવ્યા હતા. વર્તમાન લીગમાં હૈદરાબાદની ટીમ દસમાંથી સાત મેચ હારી ચૂકી છે અને તેનું પ્લે ઓફમાં પ્રવેશવું લગભગ નિશ્ચિત થઈ ગયું છે. જોકે ચેન્નાઈ સુપર કિંગ્સ અને રાજસ્થાન રોયલ્સની માફક તે સંપૂર્ણપણે બહાર થઈ ગઈ નથી.મેચ બાદ પત્રકારો સાથે વાતચીત કરતાં જયદેવ ઉનડકટે જણાવ્યું હતું કે આઈપીએલમાં રમવાના મારા અનુભવ પરથી કહી શકાય કે કોઈ ટીમે સારો દેખાવ કરવો હોય તો તેની પાસે કમસે કમ ત્રણથી ચાર એવા બોલર હોવા જોઈએ



જે ટીમને સફળતા અપાવી શકે. તેઓ દરેક મેચમાં પોતાનું યોગદાન આપી શકે તેમ હોવા જોઈએ, અને, કદાચ આ વર્ષે હું એમ કહી શકું કે અમારામાં આ પરિબળનો અભાવ હતો. એકાદ બે બોલરે સારી બોલિંગ કરી હતી પરંતુ બાકીના ત્રણ બોલર તેમની પ્રતિષ્ઠા અથવા તો ટીમની જરૂરિયાત મુજબ બોલિંગ કરી શક્યા ન હતા. પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધા બાદ હૈદરાબાદ તેની હરીફ ટીમના મોખરાના બેટ્સમેનને અંકુશમાં રાખવામાં નિષ્ફળ રહ્યું હતું. આમ ગુજરાતની ટીમ ૨૨૪ રનનો સ્કોર કરી શકી હતી. અંતિમ ઓવર્સમાં ઉનડકટે ત્રણ વિકેટ ખેરવી હતી પરંતુ ત્યાં સુધીમાં ગુજરાત જરૂરી સ્કોર સુધી પહોંચી ગયું હતું. જેમ આપણે બેટિંગમાં સારી ભાગીદારીની આશા રાખતા હોઈએ છીએ તેવું જ બોલિંગમાં પણ હોય છે. જ્યારે તમે બંને છેડેથી સારી બોલિંગ કરી શકો નહીં ત્યારે બાકીના બોલર પર બિનજરૂરી દબાણ આવી જતું હોય છે. આમ થાય ત્યારે યોજનાઓ બદલવી પડતી હોય છે. આ રીતે આ ટુર્નામેન્ટમાં સારું બોલિંગ આક્રમણ નથી તે માટે અમારે દોષ સ્વિકારી લેવો જોઈએ તેમ જયદેવ ઉનડકટે ઉમેર્યુ હતું.તેણે વધુમાં જણાવ્યું હતું કે તમે મેચ જીતવા ઈચ્છતા હો તો તમારે તમારું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવું જોઈએ અને અમે આ પાસામાં શ્રેષ્ઠ ન હતા. હું એમ કહી શકું નહીં કે અમારામાં પ્રેક્ટિસ કે ટ્રેનિંગ કે પ્લાનિંગનો કોઈ અભાવ હતો. માત્ર યોજનાઓને અમલી બનવવાની વાત હતી અને ક્યારેક આ બાબત અવળી પણ પડતી હોય છે જે અમારી સાથે બન્યું હતું.સનરાઈઝર્સ હૈદરાબાદની ટીમ ગઈ સિઝનમાં ફાઈનલમાં પ્રવેશી હતી.

### સાઉથ આફ્રિકન બોલર રબાડા પર ડ્રગ્સના સેવન બદલ પ્રતિબંધ

। (એજન્સી) જોહાનિસબર્ગ, તા.૭ ।

સાઉથ આફ્રિકાના તથા વિશ્વના મોખરાના ઝડપી બોલર કેગિસો રબાડાએ શનિવારે આઘાતનજક રહસ્યફોટ કર્યો હતો કે તે હાલમાં પ્રતિબંધિત ડ્રગ્સના સેવન બદલ કામચલાઉ પ્રતિબંધ ભોગવી રહ્યો છે. આ જ કારણસર રબાડાએ હાલમાં ભારતમાં રમાઈ રહેલી આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટ અધવચ્ચેથી પડતી મૂકી દીધી હતી અને વતન પર ચાલ્યો ગયો હતો. તેણે કારણ આપ્યું હતું કે તે રિક્રિએશનલ ડ્રગ્સનું સેવન કરતો હતો અને તેમાં તેનું પરીક્ષણ કરાયું હતું. આમ આ ડ્રગ્સના સેવન બદલ તે હાલમાં પ્રતિબંધ ભોગવી રહ્યો છે.કેગિસો રબાડા ૨૦૨૫ની સિઝનમાં ગુજરાત ટાઈટન્સ માટે બે મેચ રમ્યો હતો જેમાં તેણે બે વિકેટ લીધી હતી.

# રાષ્ટ્ર સેવા અને માનવસેવા જ સાચી ઈશ્વર પૂજા છે : શ્રી આચાર્ય દેવવ્રતજી

## ગુજરાતમાં સેવા માટે ફાળવાયેલા ૨૦૨૪ ની બેચના ૮ પ્રોબેશનર આઈ.એ.એસ. અધિકારીઓએ રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત લીધી






। ગાંધીનગર, તા.૭ ।

ગુજરાત રાજ્યમાં સેવા માટે ફાળવાયેલા ભારતીય પ્રશાસનિક સેવાના વર્ષ ૨૦૨૪ ની બેચના ૮ પ્રોબેશનર અધિકારીઓએ આજે ગાંધીનગરમાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીની શુભેચ્છા મુલાકાત લીધી હતી. શ્રી આચાર્ય દેવવ્રતજીએ આ આઈ.એ.એસ. અધિકારીઓને અભિનંદન આપતાં કહ્યું કે, રાષ્ટ્ર સેવા અને માનવસેવા જ સાચી ઈશ્વર પૂજા છે.

ગુજરાત જેવા શાંત અને સમૃદ્ધ પ્રદેશમાં સેવા કરવાની તક મેળવવા બદલ પ્રોબેશનર યુવા આઈ.એ.એસ. અધિકારીઓને શુભેચ્છાઓ પાઠવતાં રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું કે, ગુજરાતના લોકો ભલા અને મહેનતુ છે. અહીંના ખેડૂતો પણ પુરા ખંતથી ખેતી કરે છે. આવા રાજ્યમાં સેવાનો અવસર પ્રાપ્ત થવો તે સૌભાગ્યની વાત છે. તેમણે યુવા અધિકારીઓને પૂરી પ્રમાણિકતા અને મહેનતથી નાગરિકોની સેવા કરીને ફરજના કાર્યકાળને ગૌરવાન્વિત કરવા અને સફળતા પ્રાપ્ત કરવા શુભકામનાઓ પાઠવી હતી. ગુજરાતને ફાળવાયેલા વર્ષ ૨૦૨૪ ની બેચના આઠ સનદી અધિકારીઓમાં સુશ્રી અપરાજીતા આર્યન (ખેડા), શ્રી અતુલ સિંહ (અમરેલી), સુશ્રી ધારિણી એમ. (કચ્છ), સુશ્રી વૃશાલી કુંબલે (રાજકોટ), સુશ્રી નેહા બ્યાવાલ (ભરૂચ), સુશ્રી રિતિકા આઈમા (તાપી), શ્રી અભિષેક તાલે (બનાસકાંઠા) અને સુશ્રી અંજલિ ઠાકુર (પંચમહાલ) માંથી છ મહિલાઓ છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ મહિલા અધિકારીઓને વિશેષ અભિનંદન આપ્યા હતા અને દરેક ક્ષેત્રમાં મહિલાઓની અગ્રણી ભૂમિકાની પ્રશંસા કરી હતી. તેમણે આ અધિકારીઓને પ્રાકૃતિક કૃષિ પદ્ધતિ વિશે વિસ્તૃત જાણકારી આપીને માનવતાના આ કાર્યને પણ અગ્રતા આપવા અનુરોધ કર્યો હતો. વર્તમાનમાં આ પ્રોબેશનલ અધિકારીઓ ડિસ્ટ્રિક્ટ ટ્રેનિંગ પ્રોગ્રામ અંતર્ગત સ્પીપામાં તાલીમ લઈ રહ્યા છે. રાજ્યપાલશ્રીએ સૌ અધિકારીઓને પ્રાકૃતિક કૃષિ વિષયક સ્વલિખિત પુસ્તક ભેટ આપ્યું હતું. આ અવસરે સરદાર પટેલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ પબ્લિક એડમિનિસ્ટ્રેશન - સ્પીપાના ડાયરેક્ટર જનરલ શ્રી હારિત શુક્લ પણ ઉપસ્થિત રહ્યા હતા.




પહેલગામ આતંકી હુમલાની ઘટના બાદ પાકિસ્તાન સરહદ પર તણાવભરી સ્થિતિ સર્જાઈ છે. પાકિસ્તાન તરફથી સતત સિઝફાયરનું ઉલ્લંઘન કરાઈ રહ્યું છે. ત્યારે દેશના સિવિલ ડિફેન્સ ડિસ્ટ્રિક્ટમાં બુધવારે મોકડ્રિલનું આયોજન કરાયું હતું. જેના ભાગરૂપે ગુજરાતના ૧૮ જિલ્લાઓમાં પણ સાંજે ૪ વાગ્યે સાયરન વગાડી મોકડ્રિલનો પ્રારંભ કરવામાં આવ્યો હતો. આ મોકડ્રિલ બપોરના ૪ વાગ્યાથી શરૂ થઈ ૮ વાગ્યા સુધી ચાલ્યું હતું ત્યાર બાદ ૭.૩૦ વાગ્યાથી ૯ વાગ્યા સુધી તબક્કાવાર બ્લેક આઉટ કરવામાં આવ્યો હતો.

## ન્યૂઝ બ્રિફ

### રાજકોટના ધોરાજીમાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ

। (એજન્સી) રાજકોટ, તા.૭ ।

ગુજરાતમાં ભરઉનાળે છેલ્લા ત્રણ દિવસથી સતત વાવઝોડા સાથે ભારે વરસાદ થયો છે. ત્યારે રાજકોટના ધોરાજીમાં કમોસમી વરસાદે ભુક્કા બોલાવી દીધા છે. ભારે પવન સાથે કમોસમી વરસાદ થતાં ખેડૂતોનાં પાકને નુકસાન થયું છે. રાજકોટના ધોરાજીમાં ભારે પવન સાથે કમોસમી વરસાદ વરસી રહ્યો છે. ગેલેક્સી ચોક,રેલવેસ્ટેશન રોડ પર વરસાદે ચોતરફ પાણી ભરી દીધા છે.તો બીજી તરફ ભરઉનાળે થયેલા કમોસમી વરસાદથી ખેડૂતોના પાકને નુકસાન થયું છે અને રાતા પાણીઓ રડવાનો વારો આવ્યો છે. ધોરાજીમા વાતાવરણમાં પલટો આવ્યો છે અને ભારે પવન સાથે સતત વરસાદ વરસી રહ્યો છે.

### જામનગરમાં મયૂર ગ્રીન્સ પાર્ક સોસાયટી પાસે પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ યોજાઈ

। (એજન્સી) જામનગર, તા.૭ ।

જામનગર શહેરમાં પોલીસ તંત્ર આજે એલર્ટ બન્યું છે. જેના ભાગરૂપે શહેરના મયુર ગ્રીન્સ સોસાયટી વિસ્તારમાં સીટી એ. ડિવિઝન પોલીસ દ્વારા સ્વતંત્ર વાહન ચેકિંગની કાર્યવાહી કરવામાં આવી હતી, જેમાં ટ્રાફિક નિયમન ભંગ અંગેના દંડની કાર્યવાહી થઈ હતી, અને અનેક વાહન ચાલકો દંડાયા છે. જામનગર શહેરના મયુર ગ્રીન્સ પાર્ક સોસાયટી નજીક મુખ્ય માર્ગ પર સિટી એ. ડિવિઝનના પોલીસ ઈન્સ્પેક્ટર નિકુંજસિંહ ચાવડા દ્વારા સર્વેલન્સ સ્કવોડ ટીમની ટુકડીને સાથે રાખી ટ્રાફિક ડ્રાઈવ યોજવામાં આવી હતી.જેમાં ફેન્સી નંબર પ્લેટ, લાયસન્સ વિના સવારી, ત્રિપલ સવારી, સ્ટંટ કરી ભયજનક સવારી, અને નશા ની હાલતે સવારી, જેવી બાબતે ચેકીંગ હાથ ધરાયું હતું.

### શ્રમિક યુવાનનું પાંચમા માળેથી નીચે પટકાઈ પડતાં કરુણ મૃત્યુ

। (એજન્સી) જામનગર, તા.૭ ।

જામનગરના ગોકુલનગર નજીક જુના જકાતનાકા પાસે બંધાઈ રહેલા એક બિલ્ડીંગના બાંધકામના સ્થળે અકસ્માતનો બનાવ બન્યો હતો. જ્યાં મજૂરી કામ કરી રહેલા એક ક્રમિક યુવાનનું પાંચમા માળેથી અકસ્માતે નીચે પટકાઈ પડતાં અપમૃત્યુ થયું છે. જે મામલે પોલીસ તપાસ ચલાવે છે. આ બનાવની વિગત એવી છે કે જામનગરના ગોકુલ નગર નજીક જકાતનાકા વિસ્તારમાં સરધાર એવન્યુ નામના નવા બંધાઈ રહેલા બિલ્ડીંગના સ્થળે નીચેના ભાગે રહેતા અને મજૂરી કામ કરતા નરવતભાઈ કુબેરભાઈ નાયકા નામનો યુવાનને મજૂર કામ દરમિયાન અકસ્માત નડ્યો હતો.

ભારતની એર સ્ટ્રાઇક ઇફેક્ટ

# વડોદરાના સંવેદનશીલ વિસ્તારોમાં પોલીસનો કડક બંદોબસ્ત કરાયો

### ભારતે કરેલા હુમલા બાદ શહેરમાં પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવાનું શરું કરવામાં આવ્યું છે

। (એજન્સી) વડોદરા,તા.૭ ।

ભારતે ગત મોડી રાત્રે પાકિસ્તાનમાં કરેલી એર સ્ટ્રાઈક પછી યુદ્ધનો માહોલ ગરમાયો છે. ત્યારે બીજી તરફ વડોદરા શહેરમાં પણ તેના તકેદારીરૂપે વિવિધ પગલાં લેવામાં આવ્યા છે. આજે શહેરના વિવિધ સંવેદનશીલ વિસ્તારમાં સ્થાનિક પોલીસનો બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. પહલગામમાં થયેલ આતંકવાદી હુમલા બાદ ભારતમાં જે રીતે બેઠકો અને એક્શન પ્લાન તૈયાર થઈ રહ્યા હતા તે પ્રમાણે ભારત પાકિસ્તાનના આતંકવાદી કેમ્પોનો સફાયો કરે તેવું નિશ્ચિતપણે માનવામાં આવી રહ્યું હતું. પરંતુ આ હુમલો ક્યારે અને કેવા પ્રકારનો હશે? તે કોઈને સ્પષ્ટ ન હતું. આ વચ્ચે ગઈકાલે મોડી રાત્રે ભારતે પાકિસ્તાન ખાતે આવેલ આતંકવાદી કેમ્પોનો સફાયો કરવાના હેતુસર એર સ્ટ્રાઈક કર્યો છે. આતંકવાદી કેમ્પ પર હવાઈ હુમલા સાથે તેને નષ્ટ કરાયા છે. ભારતે કરેલા હુમલા બાદ શહેરમાં પણ પોલીસ બંદોબસ્ત ગોઠવવાનું શરું કરવામાં આવ્યું છે. ખાસ કરીને સંવેદનશીલ વિસ્તારમાં પોલીસની ટુકડીઓ ગોઠવી દેવામાં આવી છે. અલગ અલગ જગ્યાએ પોલીસ સ્ટાફ સવારથી રાજમાર્ગો પર જોવા મળ્યો હતો. તો બીજી તરફ કેટલીક જગ્યાએ પોલીસ પોઈન્ટ મૂકી બંદોબસ્ત રાખ્યો છે. કોઈ અનિચ્છનીય ઘટના ન બને તે માટે પોલીસ તંત્ર પણ સજાગ છે અને કોઈપણ પરિસ્થિતિને પહોંચી વળવા માટે તમામ પ્રકારના પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. આ વચ્ચે રેલવે સ્ટેશન, એસટી ડેપો વગેરે જેવા ભીડભાડવાળા સ્થળો પર પણ પોલીસનો કાફલો વધારી દેવામાં આવ્યો છે.

સ્થાનિકોને પડી હાલાકી

# વડોદરામાં સતત બે દિવસથી વરસાદની ધડબડાટી બોલાવી

। (એજન્સી) વડોદરા, તા.૭ ।

વડોદરા શહેરમાં વહેલી સવારે ચાર વાગ્યાથી વરસાદ ધડબડાટી બોલાવી રહ્યો છે. હજુ વરસાદની બેટિંગ શરૂ જ છે, જેના કારણે ઘણા નીચાણવાળા સ્થળોએ વરસાદી પાણીનો ભરાવો થયો છે. જેના કારણે સ્થાનિકો અને વાહનચાલકોને મુશ્કેલી વેઠવાનો વખત આવ્યો છે.

સોમવારે સાંજે વડોદરામાં વાવાઝોડાએ કહેર વર્તાવ્યો હતો. જેમાં ત્રણ વ્યક્તિઓના મોત નીપજવા સાથે વૃક્ષો અને હોર્ડિંગ્સ ધરાસાયી થતા ઢગલાબંધ વાહનોને નુકસાન પહોંચ્યું હતું. હજુ આ પરિસ્થિતિ સંપૂર્ણપણે થાળે પડી નથી તેવામાં આજે વહેલી સવારથી વડોદરા શહેરમાં વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે અનેક નીચાણવાળા વિસ્તારોમાં પાણીનો ભરાવો થયો છે. નજીવા વરસાદમાં ઠેર-ઠેર પાણીમાં ભરાવો થતા કોર્પોરેશનની પ્રિમોન્સૂન કામગીરી સામે સવાલો ઊભા થયા છે. હાલ શહેરના હાથીખાના રામદેવ પીરની ચાલી પાસે વરસાદી પાણીથી લોકોના વાહનો ડૂબ્યા હોવાના વિડિયો સામે આવ્યા છે. આવા દ્રશ્યો શહેરમાં અનેક સ્થળોએ સર્જાયા છે. વડોદરા શહેરમાં પૂરને અટકાવવા કોર્પોરેશન એક તરફ વિશ્વામિત્રી ઊંડી અને પહોળી કરવાની વાતો કરે છે. તો બીજી તરફ નજીવા વરસાદમાં જ વડોદરા પાણીમાં ડૂબી જતા તંત્રના આયોજન સામે પણ સવાલો ઊભા થાય છે. આ સિવાય મકરપુરા એરફોર્સ પાછળ વચકુંઠધામ સોસાયટીના મુખ્ય રસ્તા અને તેની આસપાસની સોસાયટીમાં પણ નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા છે.

## અમદાવાદ મંડળ પર રેલવે સુરક્ષા માટે RPF દ્વારા GRP અને અન્ય સહાયક વિભાગો સાથે સમન્વય કરીને સુરક્ષા પગલાં લેવામાં આવ્યા




। અમદાવાદ, તા.૭ ।

(૧) અમદાવાદ સ્ટેશનના તમામ પ્રવેશ અને નિકાસ બિંદુ પર પોલીસ તૈનાત છે અને બેગેજ સ્કેનર અને HHMD દ્વારા શંકાસ્પદ સામાનની પણ તપાસ કરવામાં આવી રહી છે.

(૨) રેલવે સ્ટેશનની સુરક્ષા માટે 24*7 સશસ્ત્ર QRT ની રચના કરવામાં આવી છે.

(૩) સ્ટેશન અને પરિસરમાં RPF અને GRP દ્વારા ફ્લેગ માર્ચ કરવામાં આવી હતી.

(૪) HHMD અને ડોગ સ્ક્વોડ દ્વારા તોડફોડ વિરોધી તપાસ પણ હાથ ધરવામાં આવી રહી છે.

(૫) સ્ટેશન પર ડોગ સ્ક્વોડનો પણ ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

(૬) કાયદા અમલીકરણ એજન્સીઓ અને ગુપ્તચર એકમો સાથે પણ સમન્વય જાળવવામાં આવી રહ્યું છે.

(૭) આધુનિક ગેજેટ્સનો પણ ઉપયોગ થઈ રહ્યો છે.

(૮) સીસીટીવી કેમેરા દ્વારા દેખરેખ રાખવામાં આવી રહી છે.

(૯) સુરક્ષા અને સંરક્ષા પ્રોટોકોલ અંગે નિયમિત જાહેરાતો કરવામાં આવી રહી છે.

વહેલી સવારે આગ લાગવાની ઘટના સામે આવી

# જૂનાગઢની ઝાંઝરડા ચોકડી પાસે ગેસ લાઇન તૂટતાં વિકરાળ આગ

### આ દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ચાર લોકો ઇજાગ્રસ્ત થયા હોવાની માહિતી પ્રાપ્ત થઇ છે

। (એજન્સી) જૂનાગઢ, તા.૭ ।

જૂનાગઢના ઝાંઝરડા રોડ પર આજે વહેલી સવારે આગ લાગવાની ઘટના સામે આવી છે. ટોરેન્ટ ગેસની લાઈન તૂટતા વિકરાળ આગ લાગી હતી. આ દુર્ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ચાર લોકો ઈજાગ્રસ્ત થયા હોવાની માહિતી પ્રાપ્ત થઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર જુનાગઢના ઝાંઝરડા રોડ પાસે ખોદકામ ચાલી રહ્યું હતું તે દરમિયાન ગેસ લાઈન તૂટતાં ભયંકર બ્લાસ્ટ થયો હતો અને ત્યારબાદ વિકરાળ આગ લાગી હતી. આ ઘટનામાં ત્રણ લોકોના મોત થયા છે, જ્યારે ચાર લોકો દાઝી જતાં તેમને તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા છે. તો બીજી તરફ વિકરાળ આગે સાતથી આઠ વાહનો અને આઠ જેટલી દુકાનોને ચપેટમાં લીધી હતી. ઘટનાની જાણ થતાં ફાયર અને ૧૦૮ એમ્બ્યુલન્સની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી. હાલ આગ ઓલવવાનો પ્રયાસ ચાલી રહ્યો છે.

મૃતકોની યાદી

૧. રૂપિબેન શૈલેષ ભાઈ સોલંકી- ૪૦ વર્ષ
૨. ભક્તિ બેન શૈલેષભાઈ સોલંકી-૪ વર્ષ
૩. હિરેનભાઈ રાબડીયા- ૫૦ વર્ષ

આ વિસ્તારમાં આસપાસ ખાણી પીણીને દુકાનો અને પાનના ગલ્લા આવેલા હોવાથી આગ ઝડપથી ફેલાઈ હતી. ફાયરની ટીમ આગ ઓલવવા માટે સતત પાણીનો મારો ચલાવી રહી છે. આગના બનાવની જાણ થતાં જિલ્લા કલેક્ટર, પોલીસ અધિકારીઓ સહિતના અધિકારીઓનો કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો.

ખંભાળિયા બાયપાસ રોડ પર અકસ્માત બન્યો

# સ્કૂટર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં એક કારખાનેદાર ઇજાગ્રસ્ત બન્યો

। (એજન્સી) જામનગર, તા.૭ ।

જામનગર નજીક ખંભાળિયા બાયપાસ રોડ પર એક સ્કૂટર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં એક કારખાનેદાર ઈજાગ્રસ્ત બન્યા છે, અને તેના પગની આંગળીઓ કપાઈ ગઈ છે. આ ઉપ રાંત રાજકોટ હાઈવે રોડ ઉપર મોરકંડા ગામના પાટીયા પાસે કાર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં બાઈક સવાર બે યુવાનો ગંભીર સ્વરૂપે ઘાયલ થયા છે.

અકસ્માતનો પ્રથમ બનાવ જામનગર-ખંભાળિયા બાયપાસ રોડ પર બન્યો હતો. ત્યાંથી બાઈક પર નીકળી રહેલા બ્રાસ પાર્ટના કારખાનેદાર ઉપેન્દ્રભાઈ મોહનભાઈ પરમાર (ઉંમર વર્ષ ૩૮) ના બાઈકની સાથે સામેથી આવી રહેલો જીજે-૧૦ ડી.એસ. ૮૪૦૬ નંબરનું એક્સેસ સ્કૂટર ટકરાઈ જતાં અકસ્માત સર્જાયો હતો. જે અકસ્માતમાં ઉપેન્દ્રભાઈ પરમારને નાની મોટી ઈજા થઈ હતી, અને તેઓને પગમાં ફેક્ચર થયું હતું. ઉપરાંત જમણા પગની બે આંગળીઓ કપ ાઈ ગઈ છે. જે અકસ્માતના બનાવવા અંગે એકસેસ સ્કૂટરના ચાલક સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. અકસ્માતનો બીજો બનાવ જામનગર-રાજકોટ ધોરી માર્ગ પર મોરકંડા ગામના પાટીયા પાસે બન્યો હતો. ત્યાંથી બાઈક પર નીકળી રહેલા યુવરાજ દીપકભાઈ ભટ્ટી અને તેના પિતરાઈ ભાઈ વૈભવ કે જે બંનેના બાઈકને સામેથી આવી રહેલી જીજે ૧૦ ઈ.સી. ૧૬૧૬ નંબરની કારના ચાલકે ઠોકરે ચડાવતાં બંને યુવાનો ગંભીર સ્વરૂપે ઘાયલ થયા છે, અને તેઓને સારવાર માટે જામનગરની સરકારી જીજી હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યાં તેઓને ફ્રેકચર સહિતની ઈજા થઈ હોવાથી સારવાર લેવામાં આવી રહી છે, જ્યારે ટાંકા લેવા પડ્યા છે. આ અકસ્માતના મામલે કારચાલક સામે ફરિયાદ નોંધાવાઈ છે.






ગુજરાત મોડલઃ PACSથી લઈ વૈશ્વિક બ્રાન્ડિંગ સુધીનું સંપૂર્ણ સહકારી માળખું

# સહકાર માત્ર વેપાર નથી, પરંતુ આત્મનિર્ભરતા માટે પ્રેરક શક્તિ છે : દિલીપ સંઘાણી

### ગુજરાતનું સહકારી મોડલ આત્મનિર્ભર ભારત માટેનો રોડમેપ : દિલીપ સંઘાણી




। અમદાવાદ, તા.૭ ।

NCUI મુખ્યાલય, નવી દિલ્હી ખાતે આયોજિત બિહારના કૃષિ અને સહકારી વિભાગના નવા નિયુક્ત અધિકારીઓ માટેના સહકારી અભ્યાસ પ્રવાસ (IIIPA - વડાપ્રધાન કાર્યાલય) દરમિયાન શ્રી દિલીપ સંઘાણી, અધ્યક્ષ – ઈફકો અને NCUI અને ગુજકોમાસોલ દ્વારા ભાવનાત્મક અને પ્રેરણાદાયક ભાષણ આપવામાં આવ્યું.

દિલીપ સંઘાણીએ રાષ્ટ્રવાદી ભાવના સાથે જણાવ્યું:

"ગઈકાલે રાત્રે ભારતે ફરી બતાવી દીધું કે હવે તે માત્ર સહન કરતું નથી—પરંતુ જવાબ આપે છે."

"ગઈ રાત્રે ભારતે ફરી એકવાર બતાવ્યું કે તે હવે ફક્ત સહન કરતું નથી - તે જવાબ આપે છે."

'ઓપરેશન સિંદૂર' હેઠળ આપણા બહાદુર સૈનિકોએ આતંકવાદી ઠેકાણાઓને ધ્વસ્ત કરી દીધા. વધુમાં જણાવ્યું કે, સેનાના જવાનો દેશની સરહદોનું રક્ષણ કરે છે - ખેડૂતો દેશની આત્માનું રક્ષણ કરે છે!" કારણ કે માત્ર ખોરાક આપનાર નથી - તે દેશનો રક્ષક છે. તેથી, સૈનિક અને ખેડૂત — બંને રાષ્ટ્રીય સેવા ના બે અનિવાર્ય પાયા છે."

ત્રણ સ્તરીય માળખું: PACS - જિલ્લાની યુનિયન - એપેક્સ ફેડરેશન

ડિજિટલ પારદર્શિતાઃ નોંધણીથી લઈને બજાર સુધીની વ્યવસ્થા

બ્રાન્ડ નિર્માણઃ GI ટૅગ અને ક્લસ્ટર આધારિત વૈશ્વિક પહોંચ

GUJCOMASOLની કાર્યક્ષમતા અંગે તેમણે જણાવ્યું કે હવે આ સંસ્થા માત્ર વ્યાપાર પુરતીજ નહીં, પરંતુ મૂલ્યવર્ધન માટેનું એક પ્લેટફોર્મ બની ચૂકી છે.

તેમણે અધિકારીઓને જણાવ્યું કે, ભવિષ્યમાં જ્યારે તમે તમારી જવાબદારીઓ સંભાળશો, ત્યારે જો તમે સરકારની વિવિધ સહકારી અને કૃષિ યોજનાઓને જમીન પર ઉતારશો, તો આ માત્ર સરકારી કામગીરી જ નહીં, પરંતુ રાષ્ટ્ર સેવા માટે તમારું ગૌરવપૂર્ણ યોગદાન પણ માનવામાં આવશે.

જય હિન્દ! જય ખેડૂત! જય સહકાર!